# આત્મ બોધ



લેખક : સદ્ગુરુ શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામી

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ કંડારી

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥
॥ શ્રી ગુરવે નમઃ ॥

# " આત્મ બોધ "

**લેખક**
સદ્‌ગુરૂ બ્રહ્મસ્વરૂપદાસ સ્વામી (સાહિત્ય વિશારદ)
**ગુરૂવર્ય**
સદ્‌ગુરૂ શા.શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી (કંડારી ગુરૂકુળ)
**પ્રેરક**
પ.પૂ.સ.ગુ. શા.શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

**પ્રકાશક**

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ કંડારી

| | | |
|---|---|---|
| પુસ્તકનું નામ | : | "આત્મબોધ" |
| લેખક | : | સદ્‌ગુરૂ બ્રહ્મસ્વરૂપદાસ સ્વામી |
| પ્રકાશન તિથિ | : | સદ્‌ગુરૂ સ્મૃર્તિ મહોત્સવ-૨૦૧૨/૧૩ |
| આવૃતિ | : | પ્રથમ |
| પ્રત | : | ૨૦૦૦ |
| મૂળ કિંમત | : | |
| વેચાણ કિંમત | : | |
| પ્રાપ્તિ સ્થાન | : | શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ વડોદરા<br>ફોન : (૦૨૬૫) ૨૫૭૧૧૭૭<br>શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ<br>મો : ૯૯૨ ૫૨૦ ૭૫૦૪/૦૭<br>સ્વામિનારાયણ સંસ્કાર પીઠ-નાવલી<br>ફોન : (૦૨૬૯૨) ૨૮૩૬૪૫<br>શ્રી સ્વામિનારાયણ મંદિર - લોયાધામ ન્યુજર્સી (USA)<br>ફોન : ૦૦૧ ૭૩૨ - ૩૭૭ - ૩૪૮૬<br>શ્રી સ્વામિનારાયણ મંદિર - લોયાધામ મેકન (USA)<br>ફોન : ૦૦૧ ૪૭૮-૯૫૭-૪૯૩૧ |
| મુદ્રક | : | સહજાનંદ ઓફસેટ, અમદાવાદ |
| પ્રકાશક | : | શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ "ભક્તિનગર" કંડારી, મુ. કંડારી, તા. કરજણ, જી. વડોદરા - ૩૯૧૨૧૦<br>ફોન : ૦૦૧ ૪૭૮-૯૫૭-૪૯૩૧<br>E-mail : sgkandari@gmail.com<br>website : www.theswaminarayan.com |

# શુભાશિષ



હે વ્હાલા સંતો - ભક્તો ! ગુણાતીતાનંદ સ્વામીએ વાતોમાં કહ્યું છે કે, “ શબ્દો જેવું કોઈ બળવાન નથી.” શબ્દ જો નેગેટિવ હોય તો અંતરમાં ખળભળાટ મચાવી દે છે અને શબ્દ જો પોઝિટિવ હોય તો અંતરના ખળભળાટને શાંત કરી દે છે. શબ્દોના કારણે સંસાર છૂટી જાય છે અને શબ્દોને કારણે જ છૂટેલો સંસાર પાછો મીઠો લાગવા માંડે છે.

આવી રીતે શબ્દોમાં હકારાત્મક અને નકારાત્મક બન્ને તરફી તાકાત હોય છે. પોઝિટિવ શબ્દોમાં વ્યક્તિને અધ્યાત્મમાર્ગમાં આગળ વધારવાની શક્તિ રહેલી છે, તેને લક્ષ્યમાં રાખી બ્રહ્મસ્વરૂપદાસે પોઝિટિવ શબ્દોનાં સુવાક્યોનું આત્મબોધ નામનું આ પુસ્તક લખ્યું છે, જેનું વાંચન કરવાથી મુમુક્ષુઓ મોક્ષના માર્ગે આગળ વધી શકશે.

આ પુસ્તક લખનાર અમારા શિષ્ય બ્રહ્મસ્વરૂપદાસને વરતાલવાસી શ્રીહરિકૃષ્ણ મહારાજ પોતાની મૂર્તિનું વિશેષ સુખ આપે એવી તેઓનાં ચરણોમાં પ્રાર્થના સાથે શુભાશિષ....

**લિઃ શાસ્ત્રી ઘનશ્યામપ્રકાશદાસજીના**

**જય શ્રી સ્વામિનારાયણ**



# લેખક તરફથી....

હે વ્હાલા વાચક ભક્તો ! સંસાર સાગરના ભયંકર તોફાનમાં, ચઢાવ, ઉતારમાં સારાં પુસ્તકો જ પ્રકાશ આપવા માટે સહાયતા કરે છે. પ્રગતિશીલ જીવનના માર્ગદર્શક અને પ્રેરણા આપનાર સત્ સાહિત્ય જ છે.

યાદ રાખજો ભક્તો ! સ્વાધ્યાયથી ઉત્તમ વિચારો અને શ્રેષ્ઠ ભાવનાઓ જાગૃત થાય છે. જ્ઞાનદાન મોટું દાન છે. ચારિત્ર્ય નિર્માણના ઘડતરમાં વિચારનો મોટો ફાળો છે અને વિચારના ઘડતરમાં વાંચનનો અગત્યનો ફાળો છે.

આ બાબતને ધ્યાનમાં રાખીને સારાં સારાં સુવાક્યોનો સંગ્રહ કરી તેને નાનકડા પુસ્તકનું રૂપ આપવામાં આવ્યું છે, તેથી જ્ઞાનપિપાસુ એવા જીજ્ઞાસુ ભક્તોને અધ્યાત્મમાર્ગમાં આગળ વધવા માટે કામમાં આવે.

આ પુસ્તકમાં જે સુવાક્યો છે એ અન્ય લેખકોના મૂળરૂપમાં ત્યાગ-ભાગ કરી, પ્રસંગ પ્રમાણે શબ્દોમાં ફેરફારો કરેલાં છે અને મુમુક્ષુને સમજાય એટલા માટે સરળ શબ્દોમાં રૂપાંતર કરેલ છે.

મારા દાદાગુરુ સદ્‌ગુરુ શ્રી નંદકિશોરદાસજી સ્વામી ધામમા પધાર્યા તેના ત્રીસ વર્ષ પૂર્ણ થાય છે તે નિમિત્તે ‘ **સદ્‌ગુરુ સ્મૃતિ મહોત્સવ**’ ઉજવવામાં આવી રહ્યો છે, તે પ્રસંગે આ નાનકડું પુસ્તક ગુરુદેવની આજ્ઞાથી બહાર પાડવામાં આવે છે, એને હું મારું સૌભાગ્ય સમજું છું

આ પુસ્તક અધ્યાત્મમાર્ગીઓને સહાયરૂપ બની શકે તેમ છે, તેથી આનું નામ “ **આત્મ બોધ** ” રાખવામાં આવેલ છે. મને આશા છે કે મુમુક્ષુઓને મોક્ષમાર્ગમાં આ પુસ્તક જરૂર ઉપયોગી નીવડશે.

આ પુસ્તક છપાવવામાં મને મારા સર્વે ગુરૂબંધુઓએ મદદ કરી છે. તથા ગુરુકુળમાં સેવા આપતા ચંદુભાઈ મનુભાઈ રાવલે પ્રૂફ જોવા માટે સમયસર કોપીઓ કાઢી આપી છે. તેમજ પ.ભ. શૈલેષભાઈ સાવલિયાએ સમયસર આ પુસ્તક છાપી આપ્યું છે, તેથી ત્રણેયનો આભાર માનું છું. મેં આ પુસ્તકનું પ્રુફ ઝીણવટથી જોયું છે, તેમ છતાં ક્યાંય ભૂલ રહી ગઈ હોય તો વાચક ભક્તોને સુધારીને વાંચવા વિનંતી...

**લિઃ સત્સંગ સેવક બ્રહ્મસ્વરૂપદાસના**
**ઘણા હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ**

**તા-૨૯- ૧૦-૨૦૧૨**
**શરદ પૂર્ણિમા**



# અર્પણ-તર્પણ-સમર્પણ

જેમણે સમગ્ર સત્સંગની માતાનું બિરૂદ પ્રાપ્ત કર્યું છે એવા અનાદિ મુક્ત મહામુનિ સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીની શિષ્ય પરંપરામાં સંત દીક્ષા પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું છે એવા....

જેમણે પોતાના આદર્શ જીવનમાં ઉદારતાના, નિર્માનીતાના, નિખાલસતાના, પરોપકારના અને સહનશીલતાના સદ્‌ગુણો આત્મસાત કર્યા છે એવા...

જેમણે મુંબઈ, સુરત અને ધોલેરા આદિ મંદિરોમાં મહંતપદે રહીને વિકાસનાં કાર્યો કરી પોતાની નિર્મળ વાણી દ્વારા સેંકડો ભક્તોનાં દિલમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે એવા....

જેમણે સંપ્રદાયના વિકાસ માટે મારા જેવા અનેક સંતો, હજારો હરિભક્તો અને ચૈતન્ય બાળ મંદિરોના જીવનશિલ્પી એવા પ.પૂ. ગુરુદેવ (સ.ગુ.શા. શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી) જેવા ઉદાર દિલ શિષ્ય સ્વામિનારાયણ સંપ્રદાયને ભેટ આપ્યા છે; એવા મારા દાદાગુરુ પ.પૂ. બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ કો. શ્રીનંદકિશોરદાસજી સ્વામીનાં કરકમળોમાં તેઓના ‘ત્રિશાબ્દિ તિરોધાન’ પ્રસંગે આ પુસ્તક ‘‘**આત્મ બોધ**’’ સમર્પિત કરી અંતરના આશિષ માગું છું.

લિઃ દાસાનુદાસ બ્રહ્મસ્વરૂપદાસ૦



*લેખકઃ*
*સદ્‌ગુરૂ શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામી*

હે વ્હાલા ભક્તો ! પૂજ્ય બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામી શાસ્ત્રીજી સ્વામીના પ્રથમ શિષ્ય છે. સમજણ અને જ્ઞાનથી વૈરાગ્ય થતાં ૨૧ વર્ષની ઉંમરે તા. ૧૨-૧૧-૧૯૮૬ વિ.સંવત્ ૨૦૪૨, કારતક સુદ એકાદશીના પવિત્ર દિવસે દીક્ષા લઈને સંત બન્યા છે.

સહજ ભજનમય અંગ, શ્રીહરિજીમાં સ્નેહ, મૌન અને વાંચનનો ઊંડો અભ્યાસ આ તેમનાં જીવનના અવિભાજ્ય અંગ છે. પાંચ વર્ષ સુધી તેઓએ અખંડ મૌન રાખી સતત સ્વામિનારાયણ મહામંત્રના જપ કરી ૧૦ વર્ષમાં ૧૩ કરોડ મહામંત્રના જપ કરી સ્વામિનારાયણ ભગવાનની તથા સંતો - ભક્તોની પ્રસન્નતા પ્રાપ્ત કરી છે.

વાંચનનો સતત અભ્યાસ હોવાથી, શાસ્ત્રોનું ચિંતન અને મનન કરીને " સત્સંગિજીવન સાગર મંથન' નામનો વિશાળ ગ્રંથરાજ તેમણે અમેરિકા ' શ્રી સ્વામિનારાયણ મંદિર ડલાસ' માં રહીને ઈ.સ. ૧૯૯૫-૯૬માં લખ્યો છે. આ ગ્રંથ સંપ્રદાયમાં અતિ લોકપ્રિય બન્યો છે.

પૂજ્ય સ્વામી કેવળ લેખક જ નથી, પરંતુ કવિ, સંગીતજ્ઞ અને કથાકાર પણ છે. તેમણે બનાવેલ કીર્તનોનું ' પ્રગટના ગુણગાન' નામે પુસ્તક પણ પ્રકાશિત થયેલ છે. બ્રહ્મસ્વરૂપ સ્વામીએ કુલ-૧૩ નાનાં-મોટાં પુસ્તકો લખ્યાં છે, તેના નામ નીચે મુજબ છેઃ.....

(૧) પ્રગટના ગુણગાન
(૨) જ્ઞાન સરિતા
(૩) સ.જી.સાગરમંથન
(૪) મોહનજીને મળવાને
(૫) જીવન-યાત્રા
(૬) માનવતાના દીવડા
(૭) વાણી વિવેક
(૮) જીવન એક સ્નેહ ઝરણું
(૯) અમાનવીય ક્રૂરતા
(૧૦) શીલવંતા સંતો સાંભળજો
(૧૧) કીધો યજ્ઞ ડભાણમાં
(૧૨) માંગરોળમાં શ્રીજી મહારાજ
(૧૩) આત્મ બોધ

"શ્રીહરિકૃષ્ણ મહારાજાય નમઃ"

" સતતં નિજમૂર્તિ ચિન્તકાનામ્ અધિક શ્વેત મનોહર પ્રકાશે
હૃદિ દર્શિત રમ્ય દિવ્યરૂપં ભગવન્તં તમહં હરિં નમામિ'

❀ હે ભક્તો ! પથ્થર સાથે પ્રીત ત્યાં સુધી જ રહે છે કે જ્યાં સુધી હીરાની ઓળખાણ નથી થઈ.– એ જ રીતે વિષયો સાથે હેત ત્યાં સુધી જ રહે છે કે, જ્યાં સુધી પ્રભુનો મહિમા સમજાયો નથી.

❀ જેનાં નામ અને ચરિત્રોથી અંતરમાં શાંતિ થઈ જાય છે, એ પ્રભુની સાથે કાયમ અક્ષરધામમાં રહેવા મળશે ત્યારે કેવો આનંદ મળશે એવું ક્યારેય વિચાર્યું છે ખરું ?

❀ પૈસાનું જેટલું મહત્વ જાણીએ છીએ, તેટલું પરમેશ્વરનું જાણીએ છીએ ખરા ? પૈસો જેટલો વ્હાલો લાગે છે – એટલા પ્રભુ વ્હાલા લાગે છે ખરા ? પરિવાર સાથે પ્રેમ છે, એટલો પ્રભુ સાથે ખરો ?

❀ ડબા એન્જિન સાથે જોડાયા હોય તો ગાડી કહેવાય, પણ યાર્ડમાં પડ્યા હોય તો તે ડબા કહેવાય – એ જ રીતે આપણે પણ શ્રીહરિજી સાથે જોડાયા હોઈએ – (તેઓનું ચિંતન અને સ્મરણ કરતા હોઈએ) તો ભક્ત કહેવાઈએ– મુક્ત કહેવાઈએ અને ન જોડાયા હોઈએ તો પામર કહેવાઈએ.

❀ સરોવર ક્યારેય પણ સાગર બની શકતું જ નથી, એમ ભક્ત ક્યારેય પણ ભગવાન બની શકતો જ નથી.

❀ હે ભક્તો ! સૌથી વધારે સ્નેહ કરવા જેવા તો એક શ્રીહરિજી મહારાજ છે. રોમરોમમાં વસાવી દેવા જેવા તો એક શ્રીહરિકૃષ્ણ મહારાજ જ છે. મનના તમામ વિચારોને કેન્દ્રિત કરી દેવા જેવા તો એક પુરુષોત્તમ નારાયણ જ છે.

❀ ખોખોલીથી ખંડાલા રવાના થતી ટ્રેનની આગળ અને પાછળ બન્ને જગ્યાએ એન્જિન લગાવવાં પડે છે, કારણ કે એ આખો માર્ગ ચઢાણનો છે – ઊંચો છે. ટ્રેનના ડબ્બાઓને બેવડું બળ ન મળે તો એ ઉપર પહોંચી શકે તેમ નથી – એ જ રીતે આપણી જીવન ટ્રેન પણ અક્ષરધામમાં એની મેળે જઈ શકે તેમ નથી. તેને પણ ઉપર ચઢાવવા

માટે બે એન્જિનની જરૂર છે. એક એન્જિન એટલે સ્વામિનારાયણ ભગવાન અને બીજું એન્જિન એટલે સદ્ગુરુદેવ ! ભગવાન અને ગુરુદેવ આ બન્ને એન્જિનની મદદથી આપણી જીવનગાડી ઠેઠ અષ્ટ-આવરણથી પર અક્ષરધામમાં પહોંચી જશે.

❁ માતા એ છે કે જે વિષ્ટાથી ખરડાયેલાં પોતાનાં બાળકોને સાફ કરે છે અને સદ્ગુરુ એ છે કે જે પાપોથી ખરડાયેલા શિષ્યોને સાફ તો કરે જ છે, પરંતુ સાથોસાથ માફ પણ કરે છે અને મહારાજ સુધી પહોંચાડે છે.

❁ હે ભક્તો ! પાપ યોગ્ય વ્યક્તિ પાસે પ્રગટ કરવાથી ઘટે છે અને છુપાવવાથી વધે છે. સતી તોરલના કહેવાથી પોતાનાં પાપોને પ્રકાશિત કરનાર જેસલ લૂંટારો જેસલપીર બનીને હાલમાં પણ અંજાર શહેરમાં પૂજાય છે !

❁ માણસને મળેલું શરીર નિરર્થક કે હલકું નથી. કારણ કે આપણાં દેહના માધ્યમથી જ સર્વેશ્વરની પ્રાપ્તિ સંભવ બને છે. આપણા મનની ખૂબી એ છે કે મનમાં એક સાથે બે વસ્તુ રહી શકતી નથી. તેથી મનમાં કામ રહેશે યા રામ રહેશે. શ્રીજી રહેશે અથવા સંસાર રહેશે. કોને રાખવા એ વ્યક્તિએ પોતે નક્કી કરવાનું છે.

❁ સંસાર કે સૃષ્ટિ વ્યક્તિને બાંધતી નથી. બાંધે છે વ્યક્તિની આસક્તિ. વૈરાગ્ય કરાતો નથી પણ વૈરાગ્ય થઈ જાય છે. જે રીતે પ્રભુ સાથે સ્નેહ થઈ જાય છે. અને આ થઈ જવું એ સૌથી મહત્વનું છે. જ્યારે સાચો વૈરાગ્ય જાગે છે ત્યારે સૃષ્ટિ બાધક નથી બનતી, પણ સાધક બને છે. વસ્તુ કે મકાન માણસને નથી બાંધતાં, પણ તેની અંદરનું મમત્ત્વ બાંધે છે.

❁ સાધનાનો પંથ એવો છે કે સાધનાનો આધાર એકમાત્ર અતઃકરણની શુદ્ધિમાં છે. અંતઃકરણની શુદ્ધિ જો ન થઈ શકતી હોય તો તેનું કારણ એ છે કે વ્યક્તિને પોતાના જ દોષ દેખાતા નથી અને સામેની વ્યક્તિ જો એના ગુણનું વર્ણન કરે તો આનંદ આવે છે અને દોષદર્શન કરાવે તો પસંદ નથી.

❁ શરીરથી ભલે આપણે સંસારમાં રહીએ, પણ મનને ભગવાનમાં રાખવું જોઈએ. આમ કરીશું તો સંસાર, મનને સ્પર્શ નહિ કરી શકે. વિશુદ્ધ મન-સ્નેહથી પરિપૂર્ણ થયેલું મન ભગવાનને સમર્પિત કરવું એ જ આપણે પ્રભુને આપેલ સર્વોત્તમ ભેટ છે.

❀ જન્મથી શરૂ થયેલી જીવનયાત્રા મૃત્યુની મંઝિલે પૂર્ણ થાય છે. જન્મ થયો ત્યારથી જ મૃત્યુ તરફની આપણી યાત્રા હકીકતમાં શરૂ થઈ ચૂકી છે. જીવનની યાત્રામાં અનેક મુશ્કેલીઓ તો આવવાની જ. માણસે યાદ રાખવું જોઈએ કે આપણે યાત્રાએ જઈએ છીએ, પણ રખડવા નહિ. રખડવા નીકળેલ માણસ પાસે નિર્ધારીત લક્ષ્ય હોતું નથી, જ્યારે યાત્રિક તો લક્ષ્ય નક્કી કરીને નીકળે છે.

❀ શરીરને અને સંસારને સંબંધ છે. આત્માને અને પરમાત્માને સંબંધ છે, માટે શરીરથી શ્રીજી મહારાજ અને સંતોની સેવા કરીએ અને પરબ્રહ્મ પરમાત્માને પામવાનો પ્રયાસ કરીએ.

❀ પિત્તળના ઘડાએ એકવાર માટીના ઘડાને પૂછ્યું : “ હે દોસ્ત ! પાણીનો સંગ્રહ જેમ તું કરે છે તેમ હું પણ કરું છું, છતાં તારામાં રહેતું પાણી ઠંડું બની જાય છે અને મારામાં રહેતું પાણી ગરમ થઈ જાય છે, આનું કારણ શું ?” ત્યારે માટીના ઘડાએ કહ્યું : “ મિત્ર ! કારણ બહુ સ્પષ્ટ છે. મારામાં રહેતા પાણીને હું છેક અંદર જવા દઉં છું, જ્યારે તું પાણીને અંદર જવા દેતો નથી. તું ઉપર જ રાખે છે તેથી તને ઠંડકનો અનુભવ થતો નથી. જો તું અંદર જવા દે તો જરૂર ઠંડકનો અનુભવ થાય....”

❀ હે ભક્તો ! આ દૃષ્ટાંતનો સિદ્ધાંત્ એ છે કે આપણે ભજન–ભક્તિ કેવળ ઉપર – ઉપરથી જ કરીએ છીએ, તેથી અંતરમાં શાંતિ મળતી નથી, પરંતુ મનથી પણ ભજન-ભક્તિ ને ભગવાનનું ચિંતન કરવામાં આવે તો જરૂર અંતરમાં શાંતિ-સુખ આવે.

❀ હે ભક્તો ! સાકરની કિંમત તેનામાં રહેલી મીઠાશથી છે. માણસની કિંમત તેનામાં રહેલી માણસાઈથી છે. મીઠાની કિંમત તેનામાં રહેલી ખારાશથી જ છે – એ જ રીતે ભક્તની કિંમત પણ તેનામાં રહેલી ભગવાનની ભક્તિથી જ છે.

❀ હે ભક્તો ! રોડ પર ઠેકઠેકાણે ‘ બમ્પ’ બનાવવામાં આવ્યા છે. કારણ કે અકસ્માતો ન સર્જાય તે માટે આ ‘ સ્પીડ બ્રેકર’ બનાવવામાં આવ્યા હોય છે, – એ જ પ્રમાણે મંદિરો અને સંતો પણ ‘ સ્પીડ બ્રેકરો’ છે. ત્યાં આવતા જ વિષયોરૂપી ગાડીની સ્પીડ ધીમી પડી જાય છે.

❀ “ક્રોધ છે એલોપથી દવા જેવો, ક્ષમા છે આયુર્વેદિક દવા જેવી. કુટિલતા છે એલોપથી દવા જેવી, સરળતા છે આયુર્વેદિક દવા જેવી. ભોગ છે એલોપથી દવા જેવો,

ત્યાગ છે આયુર્વેદિક દવા જેવો. વાસના છે એલોપથી દવા જેવી, સદાચાર છે આયુર્વેદિક દવા જેવો.''

❁ મનુષ્ય જન્મમાં ઘણી સંભાવનાઓ છે. આપણે જેટલા મહાન બનવા ધારીએ, તેટલા થઈ શકીએ છીએ. અને જેટલા પતિત થવા ધારીએ તેટલા પતિત પણ થઈ શકીએ છીએ. આપણું જીવન જેટલું પ્રભુ ભક્તિથી સેવાથી, પરોપકારથી કે નિર્દોષતાથી જેટલું ભરવા ઈચ્છીએ એટલું ભરી શકીએ છીએ અને જેટલું ખાલી કરી નાખવા ઈચ્છીએ તેટલું ખાલી પણ કરી શકીએ છીએ. માણસ કર્મ કાપી પણ શકે છે અને કર્મ વધારી પણ કરે છે. પુણ્ય પણ કરી શકે છે અને મુક્તિ પણ કરી શકે છે.

❁ આંખ તો હોય, પણ તેની સાથે સાથે દૃષ્ટિ પણ હોવી જોઈએ. જે આંખ આખા વિશ્વને જુએ છે તે આંખ પોતાની અંદર પડેલાં કણાંને જોઈ શકતી નથી, એને માટે આપણે બીજાનો સહારો લેવો પડે છે. સંતો-ભક્તોને માર્ગદર્શક બનાવવા પડે છે. આપણી આંખથી આપણને બીજાના દોષો તો બહુ દેખાય છે, પણ આપણી પોતાની આંખમાં વિકારના કેટલાં કણાં ખટકે છે—દુર્ગુણોના કેટલાં કણાં ખટકે છે એ આપણને દેખાતાં નથી.
સંસાર ક્યારેય બધી રીતે અનુકૂળ થવાનો જ નથી. કોઈને કોઈ બાબતમાં તો ફરિયાદ ઊભી જ રહેશે. કુટુંબ અનુકૂળ હશે તો શરીર સારું નહી હોય, શરીર તંદુરસ્ત હશે તો પૈસાની અગવડ રહેશે. પૈસાની સગવડ હશે તો રહેવાના ઘરનાં કોઈ ઠેકાણાં નહીં હોય. આવી આવી અનેકવિધ તકલીફોથી ભરેલો આ સંસાર છે; માટે તકલીફો દૂર થશે ત્યારે ભક્તિ કરીશું, એવી તો રાહ જોવી જ નહિ.

❁ યાદ રાખજો કે હોડકાને ડુબાડવા માટે મોટાં બાકોરાની જરૂર નથી; માત્ર એક કાણું પણ કાફી છે, તેમ અધ્યાત્મજીવનને તોડી નાખવા માટે ફક્ત દુર્જનોનો સંગ પર્યાપ્ત છે; માટે તેનાથી હંમેશા દૂર રહેવું જોઈએ.

❁ ''પરિસ્થિતિની અનુકૂળતા આપણને આધીન નથી, પરંતુ પુણ્યકર્મને આધીન છે અને એટલા માટે જ પરિસ્થિતિને અનુકૂળ બનાવવા વધુ પડતા પ્રયત્નો કરનારો નિરાશ થયા વિના નહિ રહે, વારંવાર મળતી નિરાશા પછી પણ આ સમજણ આવી જાય તોય જીવનમાં ઘણી શાંતિ થઈ જાય છે.

❁ ભક્તો ! 'નથી' તરફની નજર ઉઠાવીને 'છે' તરફ જરાક દૃષ્ટિ કરો. પછી આ જીવનને ફેંકી દેવાની વાત તો દૂર રહી, પરંતુ જીવનની પ્રત્યેક પળનો સદુપયોગ કરી

લેવાની વૃત્તિ ઉત્પન્ન થશે, અને ઉત્પન્ન થયેલી એ વૃત્તિ માત્ર આ જન્મને જ નહિ, પણ જન્મોજન્મને સુધારી દેશે.

❀ સમજણની આંખ ઊઘડે તો જીવન દિવ્ય બની જાય છે. એ આંખ જે દિવસે ઊઘડશે તે દિવસે આપણે ખરા અર્થમાં જાગ્યા ગણાઈશું. આમ તો સૌની હંમેશા સવારમાં આંખ ઊઘડતી હશે, પણ એ જાગૃતિ નથી. જાગૃતિની વ્યાખ્યા તો જુદી જ છે. જીવ ખરા અર્થમાં ત્યારે જ જાગ્યો કહેવાય છે કે જ્યારે તેને તમામ વિષયોથી વૈરાગ્ય થઈ જાય. વિષયાનંદ જાય અને ભજનાનંદ આવે. વિષયરૂપી લીમડો કડવો છે, પણ વિષયો આપણને મીઠા લાગતા હોય તો સમજવાનું કે કામરૂપી સર્પે આપણને ડંખ માર્યો છે.

❀ મોટા ભાગના માણસો પૈસાને પામવા માટે પોતાનું સમગ્ર જીવન વેડકી નાંખે છે. જીવન ખર્ચીને મેળવેલ ધન તે મોજશોખમાં ખર્ચે છે; છતાં તે જીવનનો સાચો આનંદ માણી શકતો નથી. ધન ખર્ચવાથી તેને ક્ષણિક આનંદનો આભાસ થાય છે, પણ જીવનનું લક્ષ્ય તે સિદ્ધ કરી શકતો નથી. અઢળક ધન વેડફીને પણ તે સાચી શાંતિ મેળવી શકતો નથી.

❀ એકલી પોતાની જ અનુકૂળતા જોવી અને સામાની પ્રતિકૂળતાની પરવા ન કરવી એ ઝેરભરી દૃષ્ટિ છે. મૂળમાં દૃષ્ટિ જ જો મેલી છે, તો એ કષાયોની મજબૂત પકડ છે. અને તેથી આપણે બીજા ગમે તેવા ધર્મના કે તપનાં કષ્ટ સહન કરતા હોઈએ પરંતુ ગુણસ્થાનકમાં ઊંચે ચડી શકતા નથી.
જેને વાતે વાતે ઓછું આવી જતું હોય અને વાતે વાતે જેને ખોટું લાગી જતું હોય એની સાથે દોસ્તી કરવાથી જાતને દૂર જ રાખજો. કારણ કે એને ખુશ રાખવાના પ્રયત્નમાં જ આપણી આખી જિંદગી પૂરી થઈ જાય છે. આપણી જિંદગી લોકોને ખુશ રાખવા માટે નથી, પરંતુ પરમાત્માને ખુશ રાખવા માટે છે.

❀ કોઈના જીવનમાં આરાધનાનો દીપક પ્રગટાવવા માટે તમારી પાસે શક્તિ હોય તો તેલ, દીવેટ, દીવાસળી, માચીસ કે કોડિયું, જે બની શકાય તે બનજો, પરંતુ ફૂંક જેવા બનીને કોઈની આરાધનાને બુઝાવી નાખવાનું પાપ જિંદગીમાં ક્યારેય પણ કરશો નહિ.

❀ દીવો સળગાવવો કઠિન છે, બુઝાવવો સહેલો છે. મકાન બનાવવું કઠિન છે, તોડવું સહેલું છે. રૂપિયા કમાવવા કઠિન છે, ગુમાવવા સહેલા છે. પહાડ પર ચડવું કઠિન છે, પડવું સહેલું છે. લખવું કઠિન છે, ભૂંસવું સહેલું છે. – બસ, આ જ રીતે બીજાને આરાધનામાં ચડાવવા કઠિન છે, પણ પાડવા સહેલા છે.

❁ એક રાજાએ સંતને સવાલ કર્યો : " તમે રાત્રે જાગતા હોવ છો તેની પાછળનું શું કારણ છે ? તમારી પાસે સંપત્તિ નથી, મહેલ નથી, છતાં રાત્રે કેમ જાગતા રહો છો ? " ત્યારે સંતે જવાબ આપ્યો : " હે રાજન્ ! તમે જેને સંપત્તિ માનો છો એ હકીકતમાં વિપત્તિ છે. એ તમારી સાથે મર્યા પછી આવવાની નથી. પરંતુ મેં આખી જિંદગી સાધના કરીને સદ્ગુણોની સંપત્તિ એકઠી કરી છે એ મૂડી એક જ ક્ષણની ગાફલાઈથી સાફ થઈ જાય એવી છે.

❁ જાગૃતિ રાખીને એ મૂડી સાચવતાં આવડે તો મર્યા પછીય પરલોકમાં એ સાથે આવે એવી છે. તમારી દુનિયાની સંપત્તિને સાચવવા માટે સતત જાગતા રહેનારાઓ બિચારા આ દુનિયામાંથી રાતો રાત વિદાય થાય છે, જ્યારે અમારી દુનિયાની સંપત્તિની સુરક્ષા ખાતર જાગનારાઓ આ દુનિયામાંથી હસતા મુખે વિદાય થાય છે."

❁ હે વ્હાલા ભક્તો ! આગ, સાપ કે વાઘ સાથે રમતા રહીને કદાચ જીવન બચાવી શકાશે, પણ કુનિમિત્તોની વચ્ચે રહીને સદ્ગુણોને બચાવી લેવામાં તો કોઈ કાળે સફળતા મળશે જ નહિ. જો તમારે તમારા સદ્ગુણો બચાવી રાખવા હોય તો ખરાબ નિમિત્તથી દૂર જ રહો.

❁ જડ જગતનું જેટલું વધુ જાણવા જશો એટલું વધુ રોવાનું છે. અને જેટલું વધુ જોવા જશો એટલું રખડવાનું છે. – જ્યારે જીવ જગતનું જેટલું વધુ જાણતા રહેશો એટલી નિર્મળતા વધવાની છે. અર્થાત્ ભૌતિક જગતને વધારે જોવાથી લખ-ચોરાશી યોનિમાં ભટકવું પડે છે અને અધ્યાત્મ જગત જેટલું વધુ જાણશું એટલી વહેલાં મુક્તિ મળવાની છે.

❁ માનવ જીવન યોગ માટે છે, પણ ભોગ માટે નથી. આ જીવન પામી યોગ સાધી જાય એટલે ભક્તિ કરી જાય એ ભાગ્યશાળી અને ભોગમાં ડૂબ્યો રહે તે અભાગિયો કહેવાય છે.

❁ એકસો ભૂલ કર્યા પછી ય પણ જીવન સુધારી શકાય છે, પરંતુ એકાદ ભૂલનો પણ બચાવ કરતા રહ્યા બાદ જીવનને બગડતું અટકાવવું બહુ મુશ્કેલ બની જાય છે.
આપણાં સારાં કામ વખતે ખરાબ માણસો એલફેલ બોલવા લાગે તો ડરવાની જરૂર નથી, પણ આપણાં ખરાબ કામ વખતે સારા માણસો મૌન થઈ જાય તો અચૂક ડરવાની જરૂર છે.

꧁ સારાને સારું માનવા મન તૈયાર ન થતું હોય તો જીવન બગડી જવાનું નિશ્ચિત નથી, પણ ખરાબ 'સારું' લાગી ગયું તો નિશ્ચિત સમજી રાખજો કે જીવન બરબાદ થઈ જવાનું છે.

꧁ એક વાત ખ્યાલમાં રાખજો કે ક્યારેક વધુ પડતી શારીરિક નિર્બળતા માનસિક નિર્બળતાને જન્મ આપે છે, તો ક્યારેક વધુ પડતી માનસિક નિર્બળતા શારીરિક નિર્બળતાને જન્મ આપે છે. – આ બન્ને પ્રકારની નિર્બળતા સત્સંગ કરવામાં અને ધર્મ-નિયમ પાળવામાં મોટે ભાગે અંતરાયભૂત બન્યા વિના રહેતી નથી. ક્રોધ કરતાં ક્ષમા પર, માન કરતાં નમ્રતા પર, લોભ કરતાં સંતોષ પર અને વાસના કરતાં ઉપાસના પર જે દિવસે આપણને ભારે વિશ્વાસ બેસશે એ દિવસ આપણાં માટે સુવર્ણનો બની રહેશે.

"હર તૂફાન આને કે પહેલે સમન્દરકો થાહ લેતા હૈ,
હર આંધી ઉઠને કે પહેલે હવાકા ભાપ લેતી હૈ;
હર જુબાન ખુલને સે પહેલે કુછ સોચ લેતી હૈ,
મગર કમબખ્ત જિંદગી નાસમજી કે કારણ
હર મોતકે બાદ ભી બાર બાર આતી હૈ."

꧁ ભક્તો ! આ 'નાસમજી'નો અર્થ છે અવિવેક ! જે માનવ જીવન જન્મ-મરણની ચાલી આવતી અનાદિની પરંપરાને તોડી નાખવા માટે જ મળ્યું છે – એ જ જીવન જન્મ-મરણની નવી શૃંખલાને પેદા કરનારું બની રહેતું હોય એ કેટલું દુઃખદ છે.
એક વાત ખ્યાલમાં રાખજો કે પતનની શરૂઆત ખૂબ જ આકર્ષક હોય છે. ઈન્દ્રિયો અને મનને ગલગલિયાં કરાવનારી હોય છે અને એટલે જ પહેલાં પગથિયે જે અટકી ગયો તે જીતી ગયો અને પહેલાં પગથિયે જે ચૂક્યો તે પતનની ખીણમાં જઈને પડ્યો.

꧁ જીવનના પ્રથમ શ્વાસે જે માતા-પિતા તમારી પાસે હતાં, એ માતા-પિતાનાં અંતિમ શ્વાસ વખતે તમે એમની પાસે રહેજો. અર્થાત્ ઘડપણમાં એમની સેવા કરજો. વૃદ્ધાવસ્થામાં તેઓની લાકડી બનીને રહેજો.

કોમળ હૈયાવાળાને હજાર હાથ મળે તો જગતને લાભ જ લાભ છે, પણ કઠોર હૈયાવાળા પાસે રહેલ એક હોઠ પણ જગતમાં હાહાકાર સર્જતો હોય છે, માટે કઠોર હૈયાનો ત્યાગ કરી કોમળ હૈયું બનાવવું.

જે માણસ પોતાની સંપત્તિ જેમ ફાવે તેમ ફેલફિતુરમાં વાપરી રહ્યો હોય એને

જોઈને આપણને એની ઉપર દયા આવે છે — પરંતુ આપણે ખુદ આપણો સમય જેમ-તેમ આળસ-નિદ્રા કે નિંદા- કુથલીમાં વાપરી રહ્યા હોઈએ ત્યારે પોતાની જાત ઉપર દયા આવે ખરી ? એનો વિચાર કરજો.

❁ આપણા જીવનમાં જે દુઃખ ભોગવી રહ્યા છીએ એ ગયા જન્મના પાપની જાહેરાત જ છે; પરંતુ આપણે જે સુખ ભોગવી રહ્યા છીએ એ શાસ્ત્ર વિરુદ્ધ હશે તો ચોક્કસ આવતા જન્મનું દુઃખનું રિઝર્વેશન કરી રહ્યાં છીએ એ ભૂલશો નહિ.

❁ માણસ મરી જવા તૈયાર થઈ જાય છે અને ઘણા તો મરી પણ જાય છે, પરંતુ પોતાના ખરાબ સ્વભાવ સુધારવા તૈયાર નથી થતાં એને એની મુર્ખાઈ ન કહેવાય તો બીજું શું કહેવાય ? ભક્તો ! આપણો નંબર આમાં આવે છે ખરો કે નહિ ?

❁ દીપક રાગ ગાયા પછી જો મેઘમલ્હાર રાગ ગાવામાં ન આવે તો હાહાકાર સર્જાઈ જતો. અર્થાત્ શરીર શેકાવા લાગતું. આવું પ્રાચીન સમયમાં થતું — બસ એ જ રીતે પાપ થઈ ગયા પછી જો પ્રાયશ્ચિત કરવામાં ન આવે તો હાહાકાર સર્જાઈ જાય છે. અર્થાત્ જીવાત્મા અધ્યાત્મમાર્ગે આગળ વધતા અટકી જાય છે.

❁ બીજાને સંપત્તિ આપનાર કરતાં પણ બીજાને પ્રેમ આપનાર વધુ શક્તિશાળી છે; કારણ કે સંપત્તિ આપવામાં અહમ્ તોડવો પડતો નથી, જ્યારે અહમ્ તોડ્યા વિના પ્રેમ આપી શકાતો નથી.

❁ સામગ્રી વધુ પણ સુખ ઓછું. સંપત્તિ વધુ, પણ પ્રસન્નતા ઓછી. વિષાદની પળો વધુ, પણ વિસ્મયની પળો ઓછી. દવા વધુ, પણ તંદુરસ્તી ઓછી. સંપર્કો વધુ, પણ સંબંધો ઓછા એનું નામ ૨૧ મી સદી !

❁ ચોર બજારમાં કાયમ માટે નકલી ચીજો જ મળે એવું નથી. ક્યારેક અસલી ચીજો પણ મળી શકે છે — પરંતુ સંસારના બજારમાં જે પણ સુખો આપણને મળી રહ્યાં છે એ તમામ સુખો તો નકલી જ છે.

❁ યાદ રાખજો કે પડવા માટે એક જ પગથિયું ચૂકવું પડે છે, જ્યારે ચડવા માટે પ્રત્યેક પગલે સાવધાની રાખવી પડે છે. પતનનો રસ્તો ચીકણો કાદવ જેવો છે, લીસાં પગથિયાં જેવો છે. એ રસ્તે એક જ પગલાની થતી ભૂલ છેક પતનની ખાઈમાં ફેંકી દીધા વિના

રહેતી નથી.

"જીવનમાં સૌ પ્રથમ આંખો મીંચીને ભાન ભૂલે છે;
પછી પોતાને હાથે ભૂલ પોતાની કબૂલે છે.
સિકંદરનું એ અંતિમ દશ્ય દર્શાવે છે દુનિયાને,
મરણ આવે છે ત્યારે માનવીની આંખ ખૂલે છે."

ગુલાબજાંબુનું ચાર કલાકમાં જુલાબજાંબુમાં રૂપાંતરણ કરી દેવાની વિચિત્ર તાકાત ધરાવતા આ માનવદેહમાં જીવાત્માને મુક્તાત્મા બનાવી દેવાની પણ પ્રચંડ તાકાત છે તે ન ભૂલવું જોઈએ. માટે આ દેહથી ખૂબ ભજન-ભક્તિ કરી જીવાત્માને મુક્તાત્મા બનાવવાનો પુરુષાર્થ શરૂ કરી દઈએ.

હે ભક્તો ! ગળાની તરસ તો ફક્ત પાણી જ માગે છે, પરંતુ મનની તૃષ્ણા તો શું નથી માગતી એ પ્રશ્ન છે. હવે તમે જવાબ આપો કે તરસથી ત્રસ્ત છો કે તૃષ્ણાથી મસ્ત છો ?

રામ અને રાવણ એ બંનેય 'તુલા' રાશિના નામ છે. અને છતાં નામ તો તમે 'રામ' નું જ પસંદ કરો ને ? હવે જવાબ આપો કે ' પૈસો અને 'પરમાત્મા' એ બંનેય ' કન્યા' રાશિના નામ છે. તમે પસંદ કોને કરશો—પૈસાને કે પરમેશ્વરને ?

ખરાબના વિરોધમાં ઊભા રહેવાની તાકાત ન હોય તો સારાના વિરોધમાં ઊભા રહેવાની બેવકૂફી ક્યારેય પણ કરશો નહિ.

સ્વભાવ બદલ્યા વિના પ્રભાવ વધારતા રહેવાની ઈચ્છા, માત્ર જાત માટે જ નહિ, પરંતુ જગતને માટે પણ નુકશાનકારક જ બની રહેવાની છે, એ સતત આંખ સામે રાખજો.

ધર્મનું પાલન કરવામાં ઉત્સાહ ન આવતો હોય તો પાપ કરવામાં આવી રહેલ ઉત્સાહ દૂર કરી દ્યો, એટલે સમસ્યા હલ થઈ જશે.

આ સંસારમાં ભિખારી તો દુઃખી છે જ, પણ શ્રીમંત પણ છે. નોકરો તો રાતો રાત આ દુનિયામાંથી વિદાય થાય છે, શેઠિયાઓ પણ એ જ રીતે વિદાય થાય છે. આ આખો સંસાર અસાર છે. અહીં સમસ્યા ઉકેલવાના પ્રયત્નો કરનારાઓની સમસ્યા ઉકેલાતી

તો નથી જ; પરંતુ વધતી જ જાય છે. સામગ્રીઓના ખડકલા વધારીને સુખી થવાની મહેનત કરનારાઓ સુખી તો થતા જ નથી; પરંતુ એ સામગ્રીઓના કારણે જ દુ:ખી થાય છે.

❀ જીવનમાં પાર વિનાના દોષો હોવા છતાં, જ્યારે બીજી બાજુ ગુણોનાં કોઈ ઠેકાણાં નથી અને જાતને ગુણવાન માનીને આપણે બેઠા છીએ. રોગી માણસ પોતાના શરીરને તંદુરસ્ત માની બેસે અને એની જે હાલત થાય એવી હાલત આપણી થવાની છે; કારણ કે જાતને ગુણવાન માની જ લીધી છે એટલે જીવનમાં ઘર કરી ગયેલા દોષોનો નિકાલ કરવાની મહેનત અમલી બનવાની જ નથી અને એ અમલી ન બને એટલે દોષો ઘટવાના તો નથી; પણ વધતા જ રહેવાના.

❀ યાદ રાખજો કે સંપત્તિ અહીં જ રહી જવાની છે; પણ એ સંપત્તિ ખાતર કરેલા કાવાદાવા પરલોકમાં સાથે આવવાના છે. આખી જિંદગી માયા, છેતરપિંડી, અનીતિ કરીને ભેગી કરેલી સંપત્તિને કારણે જમાવેલી આબરુ મોત પછી માત્ર વર્તમાનપત્રોની બે લીટીની શ્રદ્ધાંજલિમાં સમાઈ જવાની છે; પણ એ આબરુ બચાવવા ખાતર કરેલાં પાપો પરલોકમાં સાથે આવવાનાં છે.

❀ પિચકારીમાં ગુલાબજળ ભરીને આપણે એને આકાશ તરફ છાંટીએ તો નીચે તરફ ગુલાબજળ જ આવે અને એમાં ગટરનું પાણી ભરીને એને આકાશ તરફ છાંટીએ તો નીચે ગટરનું જ પાણી આવે – એ જ રીતે જેવો બીજા પ્રત્યે વ્યવહાર કરીએ એવો આપણને પ્રતિસાદ મળે.

❀ સગપણ કરવું હોય ત્યારે કોઈની નજરમાં વસી જવા માટે ઘણી તૈયારી કરવી પડે છે – તેમ પરમાત્માની નજરમાં વસી જવા માટે પણ ઘણી તૈયારી કરવી પડે છે.

❀ હે ભક્તો ! પાણી તો ગટરમાંય હોય છે; ખાબોચિયામાંય હોય છે, તળાવમાંય હોય છે, નદીમાંય હોય છે અને સાગરમાંય હોય છે, પરંતુ કેટલો બધો ફરક હોય છે એ તમામની ગુણવત્તામાં ? બિલકુલ આ પાણી જેવું જ છે આપણને મળેલું આ જીવન. આ જીવન જેવા અને જેના સંગમાં એ રહેશે એના જેવું એ બની જશે, માટે ખૂબ સાવધ રહીને આપણે સંગની પસંદગી કરવાની છે.

❀ વિપુલ સંપત્તિ; અમાપ સમૃદ્ધિ, બેમર્યાદ સત્તા અને અગણિત શક્તિઓ, આમાનું

કાંઈ પણ જો આપણાં પાસે છે તો આપણે એટલું જ યાદ રાખવાનું છે કે એ આપણને મદ કરવા નથી મળ્યું, પણ મદદ કરવા જ મળ્યું છે.

ભગવાને આપણને જે કાંઈ આપ્યું છે, તેનો આપણે સદુપયોગ કરીએ તો જ ભગવાનનો આપણને રાજીપો મળે છે. કોઈએ આપણને લાખ રૂપિયા આપ્યા હોય અને તેનો ઉપયોગ આપણે બીડી-સિગારેટ ફૂંકવામાં કે દારૂ પીવામાં કરીએ તો તે રૂપિયાને વેડફી નાખ્યા કહેવાય – દુર્વ્યય કર્યો ગણાય છે. પરંતુ એ પૈસાને આપણે પરોપકાર માટે વાપરીએ તો તેનો સદ્વ્યય કર્યો કહેવાય છે– એ જ રીતે ભગવાને આપણને માણસનો દેહ આપ્યો છે એનો ઉપયોગ આપણે વિષયભોગ માટે જ કરીએ તો પ્રભુ રાજી થતા નથી; માટે પ્રભુ ભક્તિ સાથે પરોપકાર માટે પણ કરવો જોઈએ. આવું કરવાથી પરમાત્માનો પૂર્ણ રાજીપો મળે છે.

ગુલાબના ફૂલની કેટલી બધી ટૂંકી જિંદગી છે ? સવારે ખીલે સાંજે કરમાઈ જાય. છતાં આવું ગુલાબ પણ પોતાના જીવનકાળ દરમ્યાન કેવી સુવાસ પ્રસરાવતું રહે છે ! જ્યારે એ જ ગુલાબની આસપાસ ગોઠવાયેલા કાંટા ? ખૂબ લાંબી તેમની જિંદગી છે, પણ એ જિંદગી બીજાઓને ત્રાસદાયક બનવા સિવાય બીજું કાંઈ જ નથી કરતી – નક્કી કરી લો કે ગુલાબના પુષ્પ જેવી નાની પણ રળિયામણી જિંદગી જીવવી છે કે પછી કાંટા જેવી લાંબી પણ ત્રાસદાયક જિંદગી જીવવી છે ?

"જનમનું એક બંધન જીવને જીવનથી બાંધે છે,
જીવન જીવતા જટિલ જંજાળ જગની સહુને બાંધે છે;
મરણ તક બંધનોના બોજ ઓછા હોય તે રીતે,
અહીંના લોક મરનારને મુશ્કેરાટ બાંધે છે !"

દુઃખી જરૂર દયાપાત્ર છે, પણ પાપી તો એના કરતાંય વધુ દયા પાત્ર છે; કારણ કે એકના ભૂતકાળમાં પાપ છે, જ્યારે બીજાના ભાવિમાં દુઃખ છે ! એક તો દેવું ચૂકવી રહ્યા છે, જ્યારે બીજો દેવું વધારી રહ્યો છે.

વેદનાથી બચવા ઈચ્છનારો કાંટાથી દૂર જ રહે છે, સુગંધ ઈચ્છનારો ફૂલ સાથે દુશ્મની નથી જ કરતો, તંદુરસ્તી ઈચ્છનાર વ્યસન નથી જ કરતો, એમ દુઃખથી ડરનારા પાપ નથી જ કરતા.

"રાય રંકનો ભેદ ન રાખે, એક નજરથી ભાળે;
એક સરખી જ્યોતિ આપી, ઘોર અંધારા ટાળે;
કોઈ પળે પણ ધર્મ ન ચૂકે, પ્રાણ સુદ્ધા ઓવારે,

દીપક જેવી દૃષ્ટિ મળજો, એ જ તમન્ના માટે''

❀ વિશ્વની વાહ વાહ મેળવ્યા પછી માણસે આત્મચિંતનના અરીસા સામે ઊભા રહેવું જોઈએ. એ આયનામાં રહેલું આપણું સ્વરૂપ જો ઉદાસ જોવા મળે તો જાણવું કે વિશ્વની વાહ વાહ વ્યર્થ છે.

❀ સત્સંગ થયા પછી આત્મનિરીક્ષણ કરવું જોઈએ કે કેટલાં સત્ તત્ત્વો આપણાંમાં છે અને કેટલાં અસત્ તત્ત્વો છે ? આપણાં અંતઃકરણનો અવાજ આપણને સ્પષ્ટ રીતે સંભળાય એ માટે સતત આત્મચિંતનની ટેવ પાડવી જોઈએ.

❀ પરમાત્માએ માણસને આ પૃથ્વી પર કેવળ શ્વાસોશ્વાસની ક્રિયા પૂરી કરવા નથી મોકલ્યો, પરંતુ જિંદગીના એક એક શ્વાસનો સદુપયોગ કરી જીવનને સાર્થક કરવા માટે મોકલ્યો છે. જિંદગીના મળેલા અમૂલ્ય દિવસો સાર્થક કરવા માટે મનુષ્યે ભક્તિ અને પરોપકારમય જીવન જીવવું જોઈએ. લાંબુ જીવન એ જીવન નથી, પણ સાર્થક જીવન એ જીવન છે.

❀ પશુઓ ઈન્દ્રિયગત જ્ઞાનમાં જ જીવે છે આથી એને મુક્તિનો અવસર નથી મળતો. બકરો ઘાસ જુએ છે તો ખાવા માટે કૂદી પડે છે. પરિણામમાં ધૂત્કાર અને ડંડા પડશે એની એને જાણ નથી, પરંતુ મનુષ્ય જેટલો પરિણામનો વિચાર કરીને કામ કરે છે એટલો જ એ ઉત્તમ ગણાય છે.

❀ ઈતિહાસ તો કોક સરમુખત્યારનોય પણ લખી શકાય છે એ નવાઈ નથી. પણ મહત્વની વાત તો એ છે કે અનેક લોકોને પ્રેરણા મળી શકે એવું જીવન જીવતા રહીને આપણે કોઈકને માટે સમાચારરૂપ બનતા રહીએ અને આવનારી ભાવિ પેઢી માટે આપણે ઈતિહાસરૂપ બનતા રહીએ એ જ માનવજીવનનો મોટો લાભ છે.

''સંકટનાં સૈન્ય ભલે જીવન ઘેરી વળે, સુખની સંભાવના છો ને સુંદર રહે;
રાખજે પ્રસન્ન છતાં પ્રાણ, ઓ માનવી ! જીવનને જીવી તું જાણ.''

હે ભક્તો ! હૃદય મંદિરના સિંહાસન ઉપર ભગવાનને બિરાજમાન કરવા ચિત્તનું શુદ્ધિકરણ કરવું જ પડશે. – તે માટે દૃઢ શ્રદ્ધા, ખૂબ જ ધીરજ, સઘન પુરુષાર્થ અને સતત પ્રાર્થનાની જરૂર છે. તે ભગીરથ કાર્યની શરૂઆત આપણી ઈન્દ્રિયોના આહાર શુદ્ધ કરવા થકી થશે.

❁ ધન આપણી પાસે ઘણું હોવા છતાં એ આપણને હંમેશાં ઓછું જ લાગે છે અને સદ્‌ગુણો આપણી પાસે ખૂબ ઓછા હોવા છતાં એ આપણને ઘણાં લાગે છે. આ જ કારણે ધન પ્રાપ્તિ તરફની આપણી દોટ ઘટતી નથી અને સદ્‌ગુણ પ્રાપ્તિ તરફ ઉત્સાહ સભર કદમ મૂકાતું નથી.

❁ બોલવા માટે માત્ર મોઢામાં જીભ જ જોઈએ, પણ સુંદર બોલવા માટે તો વિવેક જોઈએ. વિવેક વિનાનાં ઉચ્ચારણો માત્ર જાતને જ નહિ, પણ અનેકને નુકસાનીમાં ઉતારી દેતા હોય છે.

❁ હે ભક્તો ! જે શબ્દોમાં પ્રભુની સ્તુતિ બનવાની ક્ષમતા પડી છે એ શબ્દોની ગાળ બનાવીને કોઈકના દિલને આઘાત પહોંચાડવો એ તો મોટી મૂર્ખતા જ છે.

❁ આવો, કાન ખુલ્લા રાખીએ, સારું જ સાંભળવા માટે. આંખ ખુલ્લી રાખીએ, સારું જ જોવા માટે. જીભ છૂટી રાખીએ, સારું જ બોલવા માટે. માનવમાંથી મહામાનવ બનવાનો આજ રાજમાર્ગ છે, નહિતર માનવમાંથી શેતાન બની જવાશે.

❁ હે ભક્તો ! પૂર્વકાળ અને વર્તમાનકાળ એ બન્ને વચ્ચે તટસ્થ મૂલ્યાંકન કરીએ તો એક વાત સ્પષ્ટ દેખાય છે કે બાહ્ય વૈભવના ક્ષેત્રે વર્તમાનકાળે પૂર્વકાળને ક્યાંય પાછળ ધકેલી દીધાં છે, પણ આભ્યંતર વૈભવના ક્ષેત્રે વર્તમાનકાળ, પૂર્વકાળ કરતાં ક્યાંય પાછળ ધકેલાઈ ગયો છે.

"શુ કુબેરો ? શું સિકંદરો ? ગર્વ સૌનો તૂટશે,
હો ગમે તેવો ખજાનો બે જ દિનમાં ખૂટશે.
કાળની કરડી નજરથી કોઈ બચવાનું નથી
આજ તો ફૂટી છે પ્યાલી, કાલ કૂંજો ફૂટશે.
હર પ્રભાતે ચેતવે છે કુકડાઓની પુકાર,
જો ઉષાનાં દર્પણે, તારા જીવન કેરો ચિતાર.
જાગ ઓ નાદાન, વીતી રાત આખી ઊંઘમાં
આયખું એમ જ ઘટી જાશે કદી કીધો વિચાર ?

❁ જીવન પરિવર્તનનું મુખ્ય ચાલકબળ પ્રાપ્તિ નથી, પણ પાત્રતા છે. આપણી પાત્રતા જ જો જીવંત હશે તો પ્રાપ્તિ થતાંની સાથે જ પરિવર્તનનું સદ્‌ભાગ્ય આપણે પામી જવાના છીએ; પણ જો પાત્રતા જ આપણી ગાયબ હશે તો પ્રાપ્તિની વણઝાર પછીય

આપણે એવા ને એવા જ રહી જવાના છીએ; માટે પાત્ર બનીએ અને પ્રભુને રાજી કરીએ.

❀ સંપત્તિ વિના જીવનમાં સુખ નથી, આ માન્યતા ગરીબોની છે. શાંતિ વિના જીવનમાં સુખ નથી, આ માન્યતા શ્રીમંતોની છે અને મૂર્તિ ચિંતન વિના પ્રસન્નતા રહેતી નથી, આ માન્યતા સંતો-ભક્તોની છે.

❀ યાદ રાખજો કે ધર્મના સ્વરૂપને ધર્મની પ્રચંડ તાકાતને પાપના સ્વરૂપને, પાપના ભયંકર વિપાકને જે બરાબર સમજ્યો હોય એ ક્યારેય પણ બીજાઓને ધર્મ કરતાં રોકે નહિ અને પાપમાં પ્રવૃત્ત બનાવે નહિ – કારણ કે ધર્મ કરતાં અટકાવવાથી સદ્‌ગતિનાં દ્વાર બંધ થઈ જાય છે અને પાપમાં પ્રવૃત્ત બનાવવાથી દુર્ગતિનાં દ્વાર ખુલ્લાં થઈ જાય છે.

❀ જ્ઞાન ગમે તેટલું હોય પણ એને આચરણમાં મૂકવાનું જ ન હોય તો એવું આચરણ વિનાનું લુખું જ્ઞાન જીવાત્માને માટે ચંદનનાં લાકડાનો ભાર વહન કરતા ગધેડા જેવું કહેવાય છે.

❀ વન કરતાં યૌવન ભયંકર છે. વનની ભૂલભૂલામણીમાં કોઈ રસ્તો દેખાડનાર મળી જાય તો જ બહાર નીકળી શકાય છે – એ જ રીતે યૌવનમાં પણ કોઈ સદ્‌ગુણી સંત અધ્યાત્મ રસ્તો બતાવનાર મળી જાય તો જ બરબાદીથી બચી શકાય છે.

❀ ઈન્ટરવલ આહ્‌લાદક હોય છે, પણ જે પિક્ચરનો આગળનો ભાગ અને પાછળનો ભાગ કંટાળાજનક હોય એ ફિલ્મ જોવા ચાલાક યુવાન જતો નથી– તેમ સંસારના સુખના આગળના ભાગમાં દુઃખ છે અને પાછળના ભાગમાં પણ દુઃખ છે અને વચ્ચે થોડી સુખની ભ્રાંતી છે એ સુખની પાછળ વિવેકી માણસ આસક્ત બનતો નથી.

❀ ભક્તો ! જિંદગીનો એક મહત્ત્વનો પાઠ સમજી રાખજો કે, જે સુખ બીજાનું દુઃખનું કારણ બનતું હોય, જે સ્મિત બીજાનાં રૂદનનું કારણ બનતું હોય અને જે જીવન બીજાનાં મોતનું કારણ બનતું હોય તો એ સુખ, સ્મિત કે જીવન વખાણવાં લાયક તો ક્યારેય નથી જ બની શકતાં.

❀ ભક્તો ! દુર્ગંધ જેને નથી ગમતી એને ઉકરડો પણ નથી જ ગમતો. ગટર જેને નથી

ગમતી એને ગંદવાડ પણ નથી જ ગમતો. ઝૂંપડપટ્ટી જેને નથી ગમતી એને દરિદ્રતા પણ નથી જ ગમતી – પણ દુઃખદ આશ્ચર્ય જીવનમાં એ સર્જાયું છે કે આપણને દુઃખો બિલકુલ નથી ગમતાં પરંતુ એ દુઃખો માટે આમંત્રણ પત્રિકારૂપ બની રહેતાં પાપ કરવાં ગમે છે.

❀ ખીસામાંથી ૫૦ રૂપિયાની નોટ પડી ગયાનો ખ્યાલ આવતાં જ માણસનું મોઢું પડી જાય છે, પણ નાશવંત પદાર્થો વધારવાં પાછળ અને પંચવિષયો ભોગવવાં પાછળ જિંદગીના અતિ મહત્ત્વના કહી શકાય એવાં ૫૦ વર્ષ પડી ગયાં છે એવો ખ્યાલ આવી જવા છતાં માણસના મુખ પર કોઈ વ્યથા નથી દેખાતી.

❀ ઘરનો ખુલ્લો દરવાજો ચોરને માટે આમંત્રણનું કારણ બની શકે છે – તેમ મનનો ખુલ્લો દરવાજો પણ સારા સારા સાધકો અને સાધુ-સંતો માટે પણ પતનનું કારણ બની શકે છે. માટે ચોરથી ઘરને બચાવવું હોય અને જીવનને પતનથી બચાવી લેવું હોય તો ઘરનો અને મનનો બંને દરવાજા બંધ રાખો.

❀ વેશ્યાને વેશ્યાગામી ભડવા પુરુષ પાસેથી માત્ર સંપત્તિ જ મળતી હોય છે, જ્યારે પત્નીને પતિ પાસેથી સર્વસ્વ મળતું હોય છે. પદાર્થપ્રેમીને પ્રભુ પાસેથી માત્ર પદાર્થો જ મળતા હોય છે, જ્યારે પ્રભુપ્રેમી ભક્તોને પ્રભુ પોતાનું સામીપ્ય સુખ આપતાં હોય છે.

❀ રોગીને રોગ હરપળે અકળાવતો જ હોય છે, પરાજિતને પરાજય પ્રત્યેક પળે ખટકતો જ હોય છે, દરિદ્રને દરિદ્રાવસ્થા દરેક પળે ત્રાસદાયક બનતી જ હોય છે, અહંકારીને અપમાન હરપળે વ્યથિત કર્યા કરતું જ હોય છે – તેમ મુમુક્ષુને સ્વજીવનમાં રહેલા દોષો પ્રત્યેક પળે ત્રાસદાયક લાગતા જ હોય છે, તેથી તેને કાઢવાના સતત પ્રયત્નો કરતા હોય છે.

❀ હે મહારાજ ! આપના તરફથી પાપોની મળી જતી માફી મારા જીવનને પાપમુક્ત બનીને જ રહેશે એની કોઈ ગેરેન્ટી નથી, પરંતુ મારી પાપબુદ્ધિ જ જો ખતમ કરી દો તો મારું જીવન હંમેશાં નિષ્પાપ રાખવામાં મને સો ટકા સફળતા મળી જશે.

❀ ગોળથી જ કાર્ય સરી જતું હોય તો કરિયાતું પીવાની જરૂર નથી. મૌનથી જ કાર્ય સરી જતું હોય તો શબ્દોચ્ચારણની જરૂર નથી. મંજિલે પહોંચવા માટે ડામરનો રસ્તો ઉપલબ્ધ હોય છે તો માણસ કાંટાવાળા રસ્તે કદમ મૂકતો નથી. વગર દવાએ રોગ રવાના થઈ જતો હોય તો માણસ પૈસા ખર્ચીને દવા લાવતો નથી–

❀ બસ આ જ ગણિત અપનાવી લેવાનું છે સંસારનાં અનેકવિધ ક્ષેત્રે. પ્રેમથી જ જો કાર્ય થઈ જાય છે તો ત્યાં ક્રોધને સ્થાન આપવાની જરૂર નથી. ક્ષમા માગી લેવાથી જો સંબંધમાં આત્મીયતા થઈ જતી હોય તો અહમ્‌ની અકડાઈ દાખવવાની જરૂર નથી.

❀ વિપુલ સંપત્તિ, અમાપ સમૃદ્ધિ, બેમર્યાદ સત્તા અને અગણિત શક્તિઓ, આમાંનું કાંઈ પણ જો આપણી પાસે હોય તો આપણે એટલું યાદ રાખવાનું છે કે એ આપણને 'મદ' કરવા નથી મળ્યું, પરંતુ 'મદદ' કરવા જ મળ્યું છે.

❀ સંગને જે સત્સંગ બનાવી શકે, દ્રવ્યને જે સદ્દ્રવ્ય બનાવી શકે, અને બુદ્ધિને જે સદ્બુદ્ધિ બનાવી શકે એની મૃત્યુ પછીની ગતિ, સદ્ગતિ બનીને જ રહે છે.

❀ તપાસતા રહો જીવનને કે આપણે વધુ જાગ્રત અને સાવધ શેમાં છીએ ? માત્ર આ જ જન્મમાં કામ લાગતા પૈસા બચાવવામાં ? આવતા જન્મમાં કામ લાગતા પુણ્યને બચાવવામાં કે પછી જન્મોજન્મને સુધારી દેવાની પ્રચંડ ક્ષમતા ધરાવતા મનના પરિણામને બચાવવામાં ?

❀ જે ક્રિકેટરની રમતમાં અમ્પાયર ન હોય એ રમત ક્યારેક મારામારીમાં પરિણમી જતી હોય છે – એ જ રીતે જે વ્યક્તિની ઉપર કોઈ મોટા પુરુષોનું શિરછત્ર નથી હોતું એનું જીવન ક્યારેક પાપાચારનું મેદાન બની જતું હોય છે.

❀ ચોકલેટ ખરીદવા એક લાખ રૂપિયા ચૂકવી દેનારો અક્કલનો બારદાન ગણાતો હોય તો જે પદાર્થો આ લોકમાં મૂકીને જ પરલોકમાં ચાલ્યા જવાનું છે એ પદાર્થો મેળવવા આખી જિંદગી ચૂકવી દેનારા આપણે કેવા ગણાઈએ ?

❀ જીવનની પ્રત્યેક ક્ષણનો સદુપયોગ કરી ચૂકેલ વ્યક્તિનું મરણ સમાજના લોકો માટે સ્મરણનું કારણ બની રહે છે.

ભક્તો ! માર્ગદ્વારા જ મંજિલે પહોંચી ચૂકેલો માણસ, ક્યારેય માર્ગને નિરર્થક જાહેર કરતો નથી. એક વાત આ અને બીજી વાત એ કે મંજિલે પહોંચી ચૂકેલો માણસ જે ભાષા બોલે છે એ જ ભાષા માર્ગ પર ઊભેલો પણ જો બોલવા લાગે છે તો એ ક્યારેય મંજિલે પહોંચી શકતો નથી. – બસ આ જ ગણિત અધ્યાત્મ જગતમાં પણ લાગું પડે છે.

❀ અધ્યાત્મ જગત એ કાંઈ ગાડીના પાટા જેવું નથી કે સડસડાટ અને સીધેસીધું

ચાલતું રહે. એ તો નદી જેવું છે. ક્યારેક એ સપાટ ભૂમિ પરથી પસાર થાય છે તો ક્યારેક એ ખાડા-ટેકરાવાળા રસ્તા પરથી પસાર થાય છે. ક્યારેક એને ઝડપ પકડવી પડે તો ક્યારેક એને ઝડપ ઘટાડવી પડે. ક્યારેક એનું વહેણ શાંત હોય તો ક્યારેક એનો દેખાવ રૌદ્ર હોય. ક્યારેક એની દિશા બુદ્ધિગમ્ય લાગે તો ક્યારેક એની દિશા બુદ્ધિમાં ન બેસે એવી લાગતી હોય છે.

❀ મોઢા ઉપર પડેલા ડાઘો અરીસામાં જોઈને કાઢી નાખીએ છીએ, તેમ અંતરના દોષોને પણ રોજની ભૂલો તપાસી કાઢી નાખવા જોઈએ.
જેટલી જાતના સ્નેહ છે એ સર્વે સ્નેહનું મૂળ પરમાત્મા છે, તેથી પરમાત્મા જેવો પ્રેમ કોઈપણમાં કરવો ન જોઈએ.

❀ વિકારોને જીતવા માટે ખરા દિલથી પ્રભુને પ્રાર્થના કરો, એટલે પ્રભુ પાપથી બચાવી લેશે. પ્રાર્થનાના બળ વિના બૂરા વિચારોને જીતી નહિ શકાય, માટે સાચા દિલથી વારંવાર પ્રાર્થના કરો.

❀ પહેલાનાં જમાનામાં મકાન બહુ નાનાં હતાં, પણ દિલ બહુ મોટાં હતાં – પરંતુ આજે મકાન બહુ મોટાં બની ગયાં છે, પણ મોટા ભાગના માણસોનાં દિલ બહુ નાનાં થઈ ગયાં છે.

❀ પહેલાનાં જમાનામાં નર-નારીઓનાં કપડા મેલાં હતાં, પરંતુ તેઓનાં દિલ ઉજળાં હતાં, પરંતુ આજે મોટા ભાગનાં નરનારીઓનાં વસ્ત્રો ઉજળાં થયાં છે, પણ દિલ મેલાં થઈ ગયાં છે !

❀ તોપોના ધડાકા થાય, તો પણ જે લશ્કરના ઘોડા હોય તે ડરતા નથી; પણ ઘરમાં બાંધી રાખેલી ઘોડીઓ પંખીઓને ઉડતાં જોઈને પણ ભડકે છે – એ જ રીતે ભક્તો દુઃખથી ડરતા નથી, પણ સંસારી લોકો સહેજ દુઃખમાં પણ ગભરાઈ જાય છે.

❀ કોલસા વેચનારનાં કપડાં કાળાં થાય છે અને અત્તર વેચનારનાં કપડાં સુગંધીવાળા થાય છે; તેમ સત્સંગ કરનાર માણસ સુધરે છે અને કુસંગ કરનાર માણસ બગડે છે.

❀ જીવનના દરવાજે ચોકીદાર તરીકે વિવેકને ગોઠવી દઈશું તો એ પાપરૂપી ચોરને

અંદર પ્રવેશવા નહિ દે.

✿ હે ભક્તો ! અનંત મુમુક્ષુઓ સાધના કરીને સર્વ પાપ છોડીને ભજન-ભક્તિ કરીને પોતાના જીવાત્માને મુક્ત બનાવી દેવામાં સફળ બની ગયા છે, તો પછી આપણે શા માટે પારોઠનાં પગલાં ભરવાં જોઈએ ?

✿ ચાલતા શીખી રહેલો નાનો બાળક, ચાલતા ચાલતા જેટલી વાર પડે છે એટલી વાર એની પડવાની સંભાવના ઘટતી જાય છે, કારણ કે ઊભા થવાની કળામાં એની કુશળતા આવતી જાય છે – બસ એ જ પ્રમાણે અધ્યાત્મમાર્ગમાં સાધના કરી રહેલ મુમુક્ષુ સાધના કરતાં કરતાં જેટલીવાર નિષ્ફળ જાય છે એટલીવાર તેની નિષ્ફળતાની સંભાવના ઘટતી જ જાય છે.

✿ સિક્સર લગાવનારો બેટ્સમેન જેમ બાઉન્ટરી લાઈન કૂદાવી દે છે – એ જ રીતે પ્રચંડ ઉત્સાહ તીવ્ર શ્રદ્ધા અને મજબૂત પુરુષાર્થના સહારે મુમુક્ષુ મુક્તિપથમાં આવતી વિધ્નોની દીવાલ કુદીને ઠેઠ શ્રીજી મહારાજની સમીપે પહોંચી જાય છે.

✿ મંદિરે જઈએ ત્યારે પ્રભુ ભક્તિમાં પાગલ બની જઈએ અને પગથિયાં ઉતરીને બહાર નીકળીએ એટલે કોરાધાકોર ! કથામાં બેઠા હોઈએ ત્યારે ડાહ્યા બની જઈએ અને કથાની સમાપ્તિ પછી કુસંગી જેવો વ્યવહાર કરીએ ! ભગવાન આગળ સ્તુતિ કરતા હોઈએ ત્યારે ગદ્ગદ્ બની જઈએ અને ભક્ત સાથેના વ્યવહારમાં એકદમ ઉગ્ર બની જઈએ. આવી જીવનશૈલી આપણી સાધનાને સફળ બનવા દેતી નથી.– સ્કૂલમાં શીખેલું ગણિત બજારમાં પણ આવડવું જ જોઈએ; અખાડામાં કરેલ કુસ્તી ગુંડાની સામે કામ લાગવી જ જોઈએ; મેદાનમાં કરેલ નેટ પ્રેક્ટિસ, ટેસ્ટ મેચમાં કામ લાગવી જ જોઈએ – એ જ રીતે શુભ નિમિત્તોની હાજરીમાં, અનુકૂળ વાતાવરણમાં કરેલ સાધનાની અસર, એ શુભ નિમિત્તોની ગેરહાજરીમાં અને પ્રતિકૂળ વાતાવરણમાંય રહેવી જ જોઈએ.

✿ હૃદયરૂપી જમીનમાં પ્રભુકૃપારૂપી પાણી, સત્સંગરૂપી ખાતર અને વૈરાગ્યરૂપી વાડ હોય ત્યારે જ પ્રભુપ્રેમરૂપી વૃક્ષ વધી શકે છે.
તમે જોજો કે મોટાભાગની વહેમભરી વાતો સ્ત્રીઓને મુખેથી જ વહેતી હોય છે. એક કહેવત છે કે, ‘ જ્યાં મળે ભેગા ચાર ચોટલા, ત્યાં ભાંગે કંઈકના ઓટલા.’ આવી વહેમની વાતો કંઈક નિર્દોષોનાં જીવનને બરબાદ કરતી હોય છે; કારણ કે વહેમ પેસે

ત્યાં રહેમ ખસી જાય છે. વહેમની કોઈ દવા નથી.

❁ વાતાવરણની અસર માણસના મન પર પડ્યા વિના રહેતી જ નથી. દરેક ભૂમિનો આગવો પ્રભાવ હોય છે. જે ભૂમિ પર સેંકડો યુદ્ધો થયાં હોય ત્યાં ઊભા રહેવાથીએ સાત્ત્વિક માણસમાં પણ, હિંસાના વિચારો જોર કરવા લાગે છે. કોઈ ભૂમિનો પ્રભાવ એવો પણ હોય છે કે ગમે તેવો કંજૂસ માણસ પણ ત્યાં જાય તો દિલનો દિલાવર બની જાય છે.

❁ જે વિચારને આચરણમાં મૂકે છે તે જ વિચારની શક્તિને સરખી રીતે પામી શકે છે. ઉત્તમ વિચાર અને ઉત્તમ આચારનું સુભગ મિલન થાય છે ત્યાં જીવનનો ઉદ્યાન મઘમઘી ઊઠે છે.

❁ જેલના કેદીને માટે સર્વશ્રેષ્ઠ ઉપકાર એ વ્યક્તિનો હોય છે કે જે વ્યક્તિ એને જેલમાંથી છોડાવે – એ જ રીતે મુમુક્ષુ માટે સર્વશ્રેષ્ઠ ઉપકાર એ સંતોનો હોવો જોઈએ કે જે સંતોએ એને સંસારની જેલમાંથી છોડાવ્યો હોય.

પાપથી દૂર રહેવાની ઈચ્છા હોય તો ખરાબ સ્થાન, ખરાબ સંગ અને ખરાબ સાહિત્યથી દૂર રહો.

❁ આપણા સ્વભાવને કારણે કે આપણા પ્રારબ્ધના કારણે આપણા જીવનમાં આવી રહેલ અનેક તકલીફો વેઠવાનું અનિવાર્ય બની રહેતું હોય છે, તો પછી આત્મકલ્યાણ માટે આવતી તકલીફો શા માટે ન વેઠવી જોઈએ ?

❁ જંગલમાં ભૂલા પડેલા માણસને સાચો રસ્તો દેખાડનાર કોઈ મળી જાય તો તેને કેટલો આનંદ થતો હોય છે ? એ જ રીતે સંસારરૂપી જંગલમાં ભૂલા પડેલાને સદ્‌ગુણી સંતો સાચો મોક્ષનો માર્ગ બતાવે તો કેટલો આનંદ થવો જોઈએ ? આપણને એવો આનંદ થાય છે ખરો કે નહિ એ અંતરાત્માને પુછી જોજો.

❁ આપણા હોઠને હસતા રાખવામાં સફળતા મેળવવી એ બહુ મોટી વાત નથી, પરંતુ સામાના હૃદયને હસતું રાખવામાં સફળતા મેળવવી એ બહુ મોટી વાત છે. આ પરાક્રમ બતાવવામાં ખુદની અપેક્ષાઓને ગૌણ કરવી પડે છે. સુખનું બલિદાન આપવું પડે છે.

❁ ગઈ કાલ આપણા હાથમાંથી જતી રહી છે અને આવતીકાલનો કોઈ ભરોસો નથી. આવતીકાલનો સૂર્યોદય પહેલાં કદાચ આપણો જ અસ્ત થઈ જાય એવું પણ બની શકે, માટે આજનો વર્તમાનકાળ આપણી પાસે છે, તેનો સદુપયોગ કરી લઈએ.

❁ સંપત્તિનાં દાન દેનાર કરતાં પણ સંસ્કારનું દાન દેનાર મહાન છે, કારણ કે સંપત્તિનું દાન દેવાથી તો શરીરનું સુખ મળે છે, જ્યારે સંસ્કારનું દાન કરવાથી તો શરીરની સાથોસાથ જીવાત્માને પણ પરમ સુખની પ્રાપ્તિ થાય છે; માટે સંસ્કારદાન શ્રેષ્ઠ છે.

❁ બાળકો માટે રડવાનું, ફરિયાદ કરવાનું, ગુસ્સો કરવાનું કે ખુશ થવાનું મુખ્ય સરનામું માતા હોય છે – એમ ભક્તો માટે પણ વ્યથા વ્યક્ત કરવાનું, મનના ભાવો રજૂ કરવાનું, યાચના કરવાનું કે કરગરવાનું મુખ્ય સરનામું ભગવાન હોય છે.

❁ આંખ સામે જ જલેબી, ગુલાબ જાંબુ કે અન્ય મીઠાઈઓ દેખાતી હોય છતાં સ્વાદિયા માણસને ખાવાની ઈચ્છા થતી નથી, એનું કારણ એ હોય છે કે એ માણસ સંગ્રહણી રોગનો દર્દી છે – એ જ પ્રમાણે આંખ સામે જ મનમોહન એવા હરિકૃષ્ણ મહારાજ કે ઘનશ્યામ મહારાજની મૂર્તિનાં દર્શન થતાં હોય અને છતાં તે પ્રત્યે ભાવવિભોર નથી થવાતું તો એનું કારણ એ હોય છે કે એનું અંતર મહિમા વિનાનું અને પ્રેમ વિનાનું લુખ્ખું છે.

❁ નાના બાળકને પોતાની મમ્મીના સ્વભાવની કે સ્વરૂપની કોઈ સમજણ ન હોવા છતાં પણ તે બાળકને પોતાની મમ્મી પ્રત્યે અપાર વ્હાલ ઊભરાતું હોય છે – એ જ પ્રમાણે આપણને પણ ભગવાનના સ્વભાવની કે સ્વરૂપની સમજણ ન હોય તોપણ તેઓ પ્રત્યે અપાર વ્હાલ ઊભરાવું જોઈએ.

❁ મમ્મીના વિરહમાં કે વિયોગમાં વેદનાની અનુભૂતિ બાબાને સહજ જ હોય છે – એ જ રીતે મહારાજના વિરહમાં કે વિયોગમાં વેદનાની અનુભૂતિ આપણને પણ એટલી જ સહજ હોવી જોઈએ.

❁ ખાંડ વિનાની મીઠાઈ અસંભવ છે, મીઠા વિનાનું ફરસાણ અસંભવ છે – એ જ રીતે સત્સંગ વિના મોક્ષ પણ અસંભવ છે.

❁ ચહેરાને સુંદર બનાવવા માટે આપણે બ્યુટી પાર્લરમાં જઈએ છીએ – તેમ સ્વભાવને સુંદર બનાવવા માટે સંતો પાસે જવું જોઈએ.

❁ દારૂનો નશો ચડે છે, એટલે શરીર બરબાદ થાય છે અને વિષયનો નશો ચડે છે, એટલે મન બગડી જાય છે, પરંતુ ભક્તિનો નશો ચડે છે એટલે શરીર, મન અને આત્મા ત્રણેય સ્વસ્થ, મસ્ત અને પવિત્ર બની જાય છે.

❁ જગતમાં મોટા ભાગના માણસો પૈસા દેખાય એટલે પરમાત્માને છોડી દેતા હોય છે, રૂપવાન સ્ત્રી દેખાય એટલે માતા-પિતાને છોડી દેતા હોય છે, ભોગ સુખો દેખાય એટલે સદ્‌ગુણોને છોડી દેતા હોય છે અને પ્રલોભનો દેખાય એટલે મર્યાદા છોડી દેતા હોય છે. આમાં આપણો નંબર ખરો ? વિચાર કરજો.

❁ અવાજની મધુરતા કોયલ પાસેથી શીખીએ. સમયની ચોક્કસાઈ કૂકડા પાસેથી શીખીએ. નિર્દોષતાના ગુણ કબૂતર પાસેથી શીખીએ. હળવાફૂલ રહેવાનું પતંગિયા પાસેથી શીખીએ. વાતાવરણને સ્વચ્છ રાખવાનું કાગડા પાસેથી શીખીએ અને માંસાહારથી દૂર રહેવાનું પોપટ પાસેથી શીખીએ.

❁ ઘરના દરવાજા પર કે ઘરની દીવાલ પર લખાયેલ ‘લાભ-શુભ ’ નો અર્થ હું એમ સમજતો હતો કે, ‘ જીવનમાં લાભ થતો રહે એ જ શુભ છે; પરંતુ આટલાં વરસો પછી આજે મને ખ્યાલ આવ્યો છે કે જીવનમાં જે પણ લાભ થતો રહે એનું શુભમાં (સારાં કામમાં) ઉપયોગ કરતા રહેવું એ જ ખરો અર્થ છે લાભ-શુભનો. અને કોઈક ઠેકાણે ‘ શુભ-લાભ’ લખાતું હોય તો એનો અર્થ પણ આ જ છે કે આ જીવનમાં જે પણ શુભ થતું હોય એ જ લાભ છે, બાકી અશુભ જ છે.

❁ આપણને એવો આગ્રહ રહે છે કે, મેં આપેલ બે રૂપિયાનો ભિખારીએ દુરૂપયોગ ન જ કરવો જોઈએ; પણ એવો ક્યારેય વિચાર આવે છે કે મને પ્રભુએ આપેલ શરીરનો, સંપત્તિનો, શબ્દોનો અને સમયનો પણ દુરૂપયોગ મારે ન જ કરવો જોઈએ.

❁ પાપના પ્રલોભનોની હાજરી વચ્ચેય જો આપણે પાપકર્મથી બચી જવા માગતા હોઈએ તો એવી સમજણ દૃઢ કરવી જોઈએ કે, ‘ હું સ્વામિનારાયણ ભગવાનનો આશ્રિત છું, મારાથી પાપ કરાય જ કેમ ? ’ સતત આવું અનુસંધાન રાખવું જોઈએ.

❁ પાપ કરનારાં નર-નારીઓ એવો વિચાર કરે કે " જે જે પાપ આપણે અહીંયાં કરીશું એની સજા આ જન્મમાં ભલે ન મળે, પણ બીજા જન્મમાં મળવાની જ છે – ભવિષ્યમાં પાપની સજારૂપે દુઃખો ભોગવવાં જ પડશે." આવી આસ્તિકતાના વિચારો કર્યા કરે તો પણ પાપથી દૂર રહી શકાય છે.

❁ પરમાત્મા શ્રીહરિજી 'બધું જ જાણે છે' એવા સર્વજ્ઞ તો આપણે માનીએ છીએ – પરંતુ પરમાત્મા 'બધું જ જુવે છે.' એવા સર્વદર્શી પણ માનવા લાગીએ તો આપણા જીવનમાંથી સંખ્યાબંધ પાપ વિદાય થઈ જશે.

❁ ઘરમાં રહેલો કચરો દૂર કરતાં પહેલાં , નવો કચરો ઘરમાં ન આવે એ માટે બહેનો બારી-બારણાં બંધ કરી દે છે – એ જ રીતે જન્માંતરનાં જૂનાં પાપકર્મો નાશ કરતાં પહેલાં મુમુક્ષુઓ પણ નવાં પાપકર્મ ન થઈ જાય એને માટે સંયમરૂપી બારી-બારણાં બંધ કરી દે છે.

❁ પંચવિષયોનાં સુખ મેળવવાં માટે પાપ કરવું પડતું હોય તો એવાં સુખ મેળવવાં માટે ઉત્તમ એવા માનવ જીવનની બહુમૂલ્ય પળોને વેડફી નાખવાની મુર્ખાઈ આપણે ન કરવી જોઈએ.

❁ ભક્તો ! અંધારું જવા તો તૈયાર જ હોય છે, પણ આપણે પ્રકાશને લાવવા તૈયાર હોઈએ તો. ઝરણું પ્રગટ થવા તૈયાર જ હોય છે, પરંતુ આપણે જો પથ્થર હટાવવા તૈયાર હોઈએ તો. રોગ રવાના થવા તૈયાર જ હોય છે, પણ આપણે જો દવા લેવા તૈયાર હોઈએ તો. – બસ એ જ પ્રમાણે આપણા જીવનમાં વ્યાપેલાં પાપો અને મનમાં ઘર કરી ગયેલા દોષો રવાના થવા તૈયાર જ હોય છે, પરંતુ આપણે જો હૃદયમાં ભક્તિ સાથે ભગવાનને પ્રતિષ્ઠિત કરવા તૈયાર હોઈએ તો.

❁ તાજુ દૂધ તરત જ જામતું નથી એ બાબતમાં આપણે કોઈ ફરિયાદ કરતા નથી. જમીનમાં વાવેલું બીજ તરત જ ઊગતું નથી, એ બાબતની પણ આપણને કોઈ વ્યથા નથી. પેટમાં નાખેલો ખોરાક તરત જ પચતો નથી એ બાબતમાં પણ કોઈ અસંતોષ નથી અને આજે ખોલેલી દુકાન કે કંપની તરત જ નફો દેખાડતી નથી એની પણ કોઈ વેદના નથી, પરંતુ ભક્તિ આજે કરવા લાગીએ અને કાલે જો કાંઈ ફાયદો ન દેખાય, ધર્મ પાળવાનું આજે શરૂ કરીએ અને કાલે જો ફાયદો ન દેખાય, તો જાત-જાતના તર્ક-વિતર્ક કરવા લાગીએ છીએ આ કેવું આશ્ચર્ય કહેવાય ?

❀ રસ્તા પર ધૂળ ઊડતી હોય છે, તેથી આપણે આંખો બંધ કરી દઈએ છીએ. ગટરની દુર્ગંધ ફેલાતી હોય છે, એટલે આપણે નાક આડે રૂમાલ રાખી દઈએ છીએ. અને વાતાવરણમાં ધુમાડો ઊડતો હોય છે, ત્યારે આપણે મોઢું બંધ કરી દઈએ છીએ; પરંતુ કોકની નિંદા સાંભળવાનો મોકો મળે એટલે આપણે બન્ને કાન ખુલ્લા મૂકી દઈએ છીએ, એ આપણી બાલિશતા નહિ તો બીજું શું કહેવાય ?

❀ મેચમાં અમ્પાયર હોવો જ જોઈએ, કુસ્તીનાં ખેલમાં રેફરી હોવો જ જોઈએ, કોર્ટમાં ન્યાયાધીશ હોવો જ જોઈએ અને દેશમાં કાયદો હોવો જ જોઈએ, આવું માનનારા આપણે એવું માનવા તૈયાર છીએ ખરા કે મારા જીવનમાં સદ્ગુણી સંતોનું અને માતા-પિતાનું નિયંત્રણ હોવું જ જોઈએ.

❀ આપણે પરમાત્માને શરણે થવાથી આપણી અનંત ભૂલોની પ્રભુ તરફથી આપણને માફી મળી છે, એવું જાણ્યા પછીય પણ આપણે જો સામેની વ્યક્તિની બે-ચાર ભૂલોને પણ માફ ન કરી શકતા હોઈએ, તો નથી લાગતું કે આપણે ખુદ માફીને લાયક નથી ?

❀ આપણી વર્તમાન સમયની ધર્મપ્રવૃત્તિ અને પાપનિવૃત્તિનો બહુ મોટો યશ આપણી અંતઃસ્ફૂરણા કરતાં સંતો તરફથી મળેલ પ્રેરણાને ફાળે જાય છે; માટે સંતોનો સમાગમ છોડવો ન જોઈએ; કારણ કે સંતો આપણા જીવનના પ્રેરણાસ્ત્રોત છે.
અહંકાર તૂટવાનો ભય અને અપમાન થઈ જવાનો ભય આપણને પાપની કબુલાત કરતા અટકાવે છે.

❀ મને જે કાંઈ સુખ મળ્યું છે એ મારી પાત્રતા કરતાં પણ ઘણું બધું વધુ છે; આવી સમજણ જો દૃઢ થઈ ગઈ હશે તો પ્રતિકૂળ સમયમાં પણ મન આવેશથી મુક્ત રહી શકશે.
આપણને જે કાંઈ સુખ દુઃખ મળે છે એનાથી પાપ-પુણ્યનો ઉદય નક્કી થાય છે, પણ આપણે જે કાંઈ કર્મ કરીએ છીએ એનાથી પાપ-પુણ્યનો બંધ નક્કી થાય છે, માટે સાવધાન રહેજો.

❀ જે પાપો અત્યારે જીવનમાં પ્રવેશ્યા જ નથી એ પાપો જીવનમાં પ્રવેશતા જો ‘ અટકી જાય’ , જે પાપ જીવનમાં ચાલુ છે એ પાપ જો મનમાં ‘ ખટકી’ જાય અને ધર્મ-નિયમ અને ભજન-ભક્તિ ચાલુ છે એ કાયમ માટે ‘ ટકી ’ જાય તો આપણી મુક્તિ નિશ્ચિત છે, એમ માનજો.

❁ આપણે પશ્ચિમ દિશા તરફ જ બારી હોય એવા ઘરમાં રહેવાનું જ પસંદ કરીએ અને સવારે એ બારી ખોલીએ પછી સૂર્યનારાયણનાં દર્શન ન થાય તેથી દુઃખી થઈ જઈએ એનો કોઈ અર્થ ખરો ? બસ એ જ રીતે આપણે આખો દિવસ નકારાત્મક હલકા વિચારો કર્યા કરીએ અને પછી ફરિયાદ જ કર્યા કરીએ કે મારું મન ભગવાનમાં રહેતું નથી, એનો અર્થ ખરો ?

❁ પ્રેમ પ્રસન્નતા-પવિત્રતા-આત્મીયતા અને સંવેદનશીલતા, આ તમામ પરિબળો એવા છે કે જેની આપણે જીવનમાંથી બાદબાકી કરી નાખીએ એટલે આપણા જીવનની હાલત મીઠા વિનાનાં શાક જેવી અને સાકર વિનાની મીઠાઈ જેવી બની જાય છે.

❁ પાંજરામાં પોપટને પુરાવું પડે છે, પણ કાગડાને નહિ. વાડ ખેતરની કરવી પડે છે, પણ ઉકરડાને નહિ. તિજોરીમાં હીરાને કેદ કરવા પડે છે, પણ કાચના ટુકડાને નહિ. નિયંત્રણો સતીને હોય છે, પણ વેશ્યાને નહિ. – આ વાસ્તવિકતા એટલું જ કહે છે કે, “ તમે જો પરમાત્માને પામવા માગો છો અને ઉત્તમ બનવા માગો છો તો તમારે નિયંત્રણો પ્રત્યે આદરભાવ અને સ્વીકારભાવ કરવો જ પડશે.

❁ બાવળના ઝાડ પાસેથી કેરીની અપેક્ષા ન રખાય – એ જ પ્રમાણે કુસંગની સાથે રહીને સદ્‌ગુણોની અપેક્ષા ન રખાય. એના માટે કાં તો સંગ બદલવો પડે અથવા તો અપેક્ષા બદલવી પડે.

❁ કરવા જેવું ન કરીએ તો કદાચ આપણી જાતને જ નુકશાન કરીએ છીએ; પરંતુ ન કરવા જેવું કરીને તો પોતાની જાત સાથે સમાજને પણ નુકશાન કરીએ છીએ. – હવે ખ્યાલ આવ્યો કે આળસ કરતાં પ્રમાદ વધુ ભયંકર કેમ છે ? કારણ કે કરવા જેવું ન કરવું એ આળસ છે અને ન કરવા જેવું કરવું એ પ્રમાદ છે. અર્થાત્ ભજન-ભક્તિ અને ધર્મનું પાલન ન કરવું એ આળસ છે અને નાનાં-મોટાં પાપ કરવાં એ પ્રમાદ છે.
પેટનો ખાડો રોટલીથી પુરાઈ જશે, ધરતીનો ખાડો માટીથી પુરાઈ જશે, પણ તૃષ્ણાનો ખાડો તો કોઈથી નહિ પુરાય.

❁ રોગીષ્ઠ શરીર સદ્‌ગતિ માટે બિલકુલ પ્રતિબંધક નથી, જ્યારે દોષિત મન સદ્‌ગતિમાં જવા દે એવી કોઈ શક્યતા નથી, માટે મનને દોષમુક્ત બનાવવા તરફ ધ્યાન કેન્દ્રિત કરીએ અને સત્સંગ કરીએ.

❁ જેના જીવનમાં ખામી હોય, એને માથે જો સદ્‌ગુરુ સ્વામી ન હોય તો એનું જીવન

ખામીથી મુક્ત બનવું સર્વથા અશક્ય છે.

❀ સામી વ્યક્તિની ભૂલ પર, એને સજા કરવાની ઈચ્છા થાય એ કનિષ્ઠ ભૂમિકા કહેવાય, એને ક્ષમા આપવાનું મન થાય એ મધ્યમ ભૂમિકા કહેવાય, પણ એને પ્રેમ કરવાની ઈચ્છા થાય એ તો ઉત્તમ ભૂમિકા કહેવાય છે.

❀ રોગોથી છૂટકારો મેળવવા માટે દવાખાનાઓ છે, દવાઓ છે અને ડૉક્ટરો છે – એ જ રીતે દોષોથી છૂટકારો મેળવવા માટે મંદિરો છે, શાસ્ત્રો છે અને સંતો છે; માટે તેમનો સમાગમ કરવો.

❀ પાપ કરવાનું નિમિત્ત એકાંતમાં મળી જાય અથવા પાપ કરવાનું નિમંત્રણ કોઈક તરફથી મળી જાય ત્યારે પણ ડગે નહિ અને અડગ રહે, એને જ સાચો શૂરવીર કહેવાય છે. આવા શૂરવીર લોયાના સુરા બાપુ હતા, માણાવદરના મયારામ ભટ્ટ હતા અને ભાવનગરના રૂપાભાઈ દરબાર હતા; આ ત્રણેય ભક્તોને એકાંતમાં રૂપવાન સ્ત્રીઓએ વિષયસુખની માંગણી કરી તોપણ ડગ્યા નહિ – અર્થાત્ ચારિત્ર્યભ્રષ્ટ થયા નહિ.

❀ સજ્જનને દુર્જન માની લઈને એની સાથેના સંબંધને જો કાપી નાખવામાં આવે છે, તો મોટામાં મોટું નુકશાન તો એ થાય છે કે આપણી સજ્જન બની જવાની સંભાવના પર પૂર્ણવિરામ મુકાઈ જાય છે.

❀ અભિમાનીને આપણે સાંભળીએ તો એના શબ્દોમાં પ્રથમ પુરુષ એકવચનનો જ પ્રયોગ સાંભળવા મળશે. તેઓ એવું કહેતા હોય છે કે, ‘ મેં આમ કર્યું અને હું આવો છું વગેરે....’ મુમુક્ષુઓને આપણે સાંભળીએ તો એના શબ્દોમાં દ્વિતીય પુરુષ એકવચનના પ્રયોગ આપણને સાંભળવા મળશે. તેઓ એવું કહેતા હોય છે : ‘ હે પ્રભુ ! તારી પરમ કૃપા છે. તું જ મારો તારણહાર છો વગેરે....’ અને નિંદા કરનાર નિંદકને આપણે સાંભળીએ તો એના શબ્દોમાં તૃતીય પુરુષ એકવચનનો પ્રયોગ આપણને સાંભળવા મળશે. તેઓ કહેતા હોય છે : ‘ એ લુચ્ચો છે અને એ હરામખોર છે વગેરે....’ આ ત્રણમાં આપણો નંબર કયો છે એ વિચારવું.

❀ કવર પર લખેલ સરનામું એકદમ બરાબર હોવા છતાં કાગળ એ સરનામે પહોંચ્યો નહિ; કારણ કે કવર પર લગાડેલ ટિકિટ, વચ્ચે ઊખડી ગઈ હતી. – એ જ

રીતે સાધના કરવા છતાં ધામમાં પહોંચવામાં સફળતા મળી નહિ; કારણ કે સાધનાના કવર પર લગાડાતી નિશ્ચયની ટિકિટ વચ્ચે જ ઊખડી ગઈ હતી. – માટે નિશ્ચયરૂપી ટિકિટને મજબૂત રીતે ચોંટાડી દેવી.

કાંઈ પણ ન કરવા છતાં ઉંમર વધતી જ જાય છે – તેમ કાંઈ પણ ન કરવા છતાં મનમાં વિચારો આવતા જ જાય છે. નિમિત્તો હોય તો જ વિચારો આવે છે એવું નથી, વગર નિમિત્તેય આવતા જ રહે છે. મારો અનુભવ એમ કહે છે કે, વિચારો કરવા એ જરાય કઠિન નથી, પણ કઠિન તો છે વિચારો બદલવા. વિચારોનું પરિમાર્જન કરવું, વિચારોને સાચી દિશા આપવી અને વિચારોને નિર્મળ બનાવવા. આપણે એ દિશામાં પ્રયત્નશીલ છીએ ખરા?

❁ પાપસેવન માટે મન સંપૂર્ણપણે તૈયાર થઈ ગયું હોય, એવા સમયે ત્યાંથી ભાગી છૂટવાની હિંમત આવી જાય છે એ સાચી શૂરવીરતા કહેવાય.

❁ ગમે તે કારણસર પાપ થઈ ગયું હોય તો ગુરુદેવ પાસે, મોટા સંતો પાસે નિખાલસ હૃદયે કબૂલાત કરી પાપનું પ્રાયશ્ચિત માગી લેવું એ ખરી ખાનદાની કહેવાય છે.

❁ યાદ રાખો કે ખૂલી જતું બીજ, ઊગવાની ક્ષમતા ગુમાવી દેતું હોય છે – એ જ રીતે કબૂલ થઈ જતું પાપ પણ વધવાની ક્ષમતા ગુમાવી દેતું હોય છે.

❁ મમ્મીનો ખોળો બાબાને માટે નિર્ભયતાનું, નિર્મળતાનું અને નિશ્ચિંતતાનું કારણ બની રહે છે – એ જ રીતે પ્રભુનું શરણ પણ ભક્તોને માટે નિર્ભયતાનું, નિર્મળતાનું અને નિશ્ચિંતતાનું કારણ બની રહે છે.

❁ પાપ પ્રગટ કરવું આપણને ગમતું નથી, પાપ પ્રગટ થઈ જાય એ પણ આપણને ગમતું નથી પરંતુ મોટી કરુણા એ છે કે પાપ છોડી દેવું પણ આપણને ગમતું નથી.

“ખાવું પીવું હરવું ફરવું, સૂવું જાગવું ને વદવું;
સર્વ ક્રિયાઓ કરતાં પહેલાં, પાપ કરવાથી ડરવું.”

❁ તાવ કેટલો છે એ મુખમાં થર્મોમીટર મૂકીએ એટલે ખબર પડી જાય છે – એ જ રીતે આપણે કેવા ચારિત્ર્યવાન છીએ એની ખબર તો આપણી સામે પાપનાં નિમિત્તો આવે ત્યારે જ પડે છે.

❀ જગતમાં જ્યાં ખોટું અને ખરાબ ચાલતું હોય એ તમામને અટકાવી દેવાની આપણી જવાબદારી નથી અને આપણામાં ક્ષમતા પણ નથી; પરંતુ ખોટામાં અને ખરાબમાં સહભાગી ન બનવાની આપણી જવાબદારી પણ છે અને આપણામાં ક્ષમતા પણ છે.

પ્રતિષ્ઠા મળી જાય, પણ પ્રસન્નતા ગાયબ થઈ જાય તો તેનાથી શું ફાયદો ?
સત્તા મળી જાય, પણ સ્વજનો દૂર થઈ જાય તો તેનાથી શું ફાયદો ?
ખ્યાતિ મળી જાય, પણ આનંદ દૂર જતો રહે તો તેનાથી શું ફાયદો ?
સફળતા મળી જાય, પણ સ્વાસ્થ્ય કથળી જાય તો તેનાથી શું ફાયદો ?
અને સંપત્તિ મળી જાય, પણ શાંતિ ચાલી જાય તો તેનાથી શું ફાયદો ?
ભક્તો ! આમાંથી આપણે કાંઈ ઈચ્છીએ છીએ ખરા ?

❀ બેટ્સમેન આઉટ થઈ ગયો, પણ ડબલ સેન્ચુરી લગાવીને ! પેવેલિયન તરફ જવા જેવા એણે ક્રિઝ પરથી કદમ ઉઠાવ્યા, ત્યારે સ્ટેડિયમમાં બેઠેલા દર્શકો ઊભા થઈ ગયા અને તાળીઓના ગડગડાટથી એને વધાવી લીધો. – એ જ રીતે જીવનના મેદાન પર આપણે એવી રમત રમી જઈએ કે આપણી વિદાય વેળાએ જગતના લોકોની આંખોમાં આંસુઓ આવી જાય અને ધન્યવાદ દેવા તેઓ મજબૂર બની જાય.

❀ જિંદગી સતત ટૂંકી થઈ રહી છે, મોત પ્રત્યેક પળે નજીક આવી રહ્યું છે, શરીર સતત ક્ષીણ થઈ રહ્યું છે, મનના વિચારોનું કોઈ ઠેકાણું નથી, માટે સત્કાર્યો અને ભજન-ભક્તિ કરવાનું શરૂ કરી દેવું જોઈએ.

❀ પૈસા હાથમાં આવતાં કલબ તરફ કદમ માંડનારની કક્ષા જુગારીની છે, હોટલ તરફ પગલાં માંડનારની કક્ષા ખાઉધરાની છે, પાંજરાપોળ તરફ પગલાં માંડનારની કક્ષા દયાળુની છે અને મંદિર તરફ પગલાં માંડનારની લાયકાત ભક્તની છે. આ બધામાં આપણો નંબર શેમાં છે ?

❀ ઉત્તમ વ્યક્તિ એ છે કે જે સહજ સ્વભાવથી પાપ કરતો નથી; મધ્યમ વ્યક્તિ એ છે કે જે યમપૂરીના ડરથી પાપ કરતો નથી અને કનિષ્ઠ વ્યક્તિ એ છે કે જે સામાન્ય પાપ તો કરે જ છે, પણ જે પાપ કરવાથી સમાજમાં બેઆબરુ થવું પડે એવાં પાપ કરવાથી તો તે દૂર જ રહે છે.

❀ ભવિષ્યમાં થનાર દુઃખની ‘ સજા’ થી જાતને બચાવી લેવા માગતા હો તો

વર્તમાનમાં પાપ કરવામાં આવતી ‘મજા’ થી જાતને દૂર રાખતા રહો.

❁ પાપ પહેલાં મનમાં આવે છે, પછી વાણીમાં આવે છે અને પછી કાયામાં, – જ્યારે ધર્મ પહેલાં કાયામાં આવે છે, પછી વાણીમાં આવે છે અને પછી મનમાં આવે છે.
પાપ એતો પાપ છે જ, પરંતુ કોઈકનાં સત્કાર્યોને જોઈને કે સાંભળીને હૈયામાં આનંદનો ભાવ ન જાગે, પણ ઈર્ષ્યા જાગે એ પણ પાપ છે.

❁ ખુલ્લાં બારી-બારણાં એ કચરાનાં ઘર પ્રવેશ માટે જે આમંત્રણરૂપ બની જાય છે – તેમ નિયંત્રણ વિનાનું જીવન પણ પાપને પ્રવેશ કરવાનું કારણ બની જાય છે.

❁ અહંકારી માણસની સૌથી મોટી મુશ્કેલી એ હોય છે કે એ ક્યારેય પણ પોતાના કરતાં આગળ નીકળી ગયેલાની દોસ્તી કરતો નથી.

❁ બીજાઓનાં આંસુઓને જે લૂંછે છે એ સજ્જન કહેવાય છે અને બીજાઓને આંસુઓ જે પડાવે છે એ દુર્જન કહેવાય છે.

❁ આત્મનિરીક્ષણ એ જ અધ્યાત્મ જગતનું દર્પણ છે. અધ્યાત્મના માર્ગ પર અત્યારે આપણે કયાં ઊભા છીએ એની એકદમ સ્પષ્ટ જાણકારી એ આપણને આપે છે; પણ દુઃખદ વાસ્તવિકતા એ સર્જાઈ છે કે આપણે સંખ્યાબંધ સાધનાઓ કરવા તૈયાર છીએ, પરંતુ આત્મનિરીક્ષણ કરવા તૈયાર જ નથી.

❁ વિષ્ટા ચૂંથતા ડુક્કરને જોઈને આપણને દયા આવતી હોય છે અને હાડકાંના ટુકડાને બટકાં ભરતાં કૂતરાને જોઈને આપણને હસવું આવતું હોય છે – એ જ રીતે પાંચેય ઈન્દ્રિયોના વિષયોમાં પાગલ બનેલા આપણને જોઈને મોટા એકાંતિક સંતો-ભક્તોને પણ આપણી પર દયા આવતી હોય છે અને હસવું પણ આવતું હોય છે.

❁ અસત્યને વાણીનો દોષ માનવા મન હજી તૈયાર રહે છે; પરંતુ ‘અતિશયોક્તિ’ ને વાણીનો દોષ માનવા આપણું મન તૈયાર નથી થતું. એ તો ‘વટ પડી રહ્યા’ના ભ્રમમાં રાચતું રહે છે. અને બને છે એવું કે અતિશયોક્તિ જ આગળ જતાં અસત્યની જન્મદાત્રી બની જાય છે.

❁ કેટલાક લોકોનાં જીવન એવાં હોય છે કે તેઓ મરણ પછીય પણ અનેકનાં હૈયાંમાં ‘

સ્મરણ' રૂપે જીવતાં હોય છે, અને કેટલાક લોકોનાં જીવન એવાં હોય છે કે તેઓ પોતાનાં જીવનકાળ દરમ્યાન પણ અનેકનાં હૈયાંમાં ' કબર' રૂપે જીવતાં હોય છે. આ બન્નેમાં આપણો નંબર શેમાં છે ?

❊ ફૂટપટ્ટીથી હિમાલયને માપવામાં હજુ સફળતા મળી જાય, ચમચીથી સાગરને ખાલી કરવામાં પણ હજી કદાચ સફળતા મળી જાય, પરંતુ સીમિત શરીરથી મનની વાસનાની અસીમ ભૂખને શમાવવામાં સફળતા મળી જાય એ વાત તો ચામડાની આંખે આકાશમાં રહેલા તારાઓ ગણવા જેવી સર્વથા અશક્ય છે અને અસંભવિત છે. મનને સ્વસ્થ, શાંત અને તૃપ્ત રાખવું હોય તો એને વાસનાની ભૂખ લાગે જ નહિ, એવાં વાતાવરણમાં અને એવાં નિમિત્તો વચ્ચે રાખો.

❊ યાદ રાખજો કે, આજનું દુઃખ એ જો ભૂતકાળનાં પાપની જાહેરાત છે – એ જ રીતે આજનું પાપ એ પણ ભવિષ્યનાં દુઃખોનું રિઝર્વેશન છે ! માટે સાવધાન બની જઈ પાપ કરવાં છોડીને સત્સંગ કરો – પુણ્ય કરો.

❊ હું કોનો આશ્રિત છું ? હું કોનો શિષ્ય છું ? હું શું કરી રહ્યો છું ? અને મારે શું કરવું જોઈએ ? એવી ખબર ગાંડા માણસને હોતી નથી – આપણને પણ જો આવી સમજણ ન આવી હોય તો આપણો સમાવેશ પણ ગાંડામાં જ થશે એ સ્વીકારવું જ રહ્યું.
જે મન વારંવાર પોતાના નિર્ણયો બદલતું રહે છે અને મન દ્વારા લેવાતા કોઈ પણ નિર્ણયને આખરી માનીને જીવન વ્યવસ્થા ગોઠવવા જવામાં દુઃખો જ આવશે; માટે જીવનના નિર્ણયો શાસ્ત્રો અને સંતોને પૂછીને કરો.

❊ આખા જગતને સમજી લેવામાં હજી કદાચ સફળ બની શકાશે, પરંતુ મનને સમજી લેવામાં સફળ બની શકાય એવી કોઈ જ શક્યતા નથી.

આજના કાળમાં ધનવાનની વ્યાખ્યા કરવી હોય તો એમ કરી શકાય કે જેની પાસે સાચી ભૂખ નથી ! સાચી ઊંઘ નથી ! અને સાચી શાંતિ પણ નથી ! ! એ છે શ્રીમંત.

❊ નબળા વિચારોને દૂર કરવા એની સામે લડતા રહેવાને બદલે શુભ વિચારો લાવી દ્યો, તેના કારણે સફળતા ઝડપી મળશે.

❊ સંપત્તિ જો નીતિથી નિયંત્રિત ન હોય, ભોગ જો સદાચારથી નિયંત્રિત ન હોય, સર્પ જો મદારીથી નિયંત્રિત ન હોય, નદી જો કિનારાથી નિયંત્રિત ન હોય, આંખો જો શરમથી

નિયંત્રિત ન હોય, ઘરેણું જો તિજોરીથી નિયંત્રિત ન હોય, સાંઢ જો દોરડાથી નિયંત્રિત ન હોય અને નારી જો લજ્જાથી નિયંત્રિત ન હોય તો હાહાકાર સર્જાય છે, એમાં શંકાને કોઈ જ સ્થાન નથી; માટે દરેકમાં નિયંત્રિતરૂપ વિવેકની જરૂર પડે છે.

❁ મુમુક્ષુ એવા સાધકનો અંતરનો અવાજ એવો હોય છે કે ‘જ્યાં ડગલે ને પગલે પાપ જાણ્યે -અજાણ્યે થયા કરે છે, જ્યાં જાણે-અજાણ્યે જીવ હિંસા કરવી પડે છે અને જ્યાં જાણે -અજાણ્યે વિષયો પાછળ દોડ્યા વિના ઈન્દ્રિયોને ચેન પડતું નથી, એવા સંસારથી મારે છૂટકારો મેળવવો છે. આવા મુમુક્ષુમાં આપણો નંબર આવે ખરો ?

❁ જીવનને સરસ રાખે, સમાજને સ્વસ્થ રાખે, પરિવારને સુરક્ષિત રાખે એવાં જે નિયંત્રણો છે એને સ્વીકારી લઈ જીવનમાં ઉતારવા એ જ ખરા અર્થમાં સ્વતંત્રતા છે, બાકી તો કોઈ પણ પ્રકારનો નિયંત્રણોને સ્વીકારવાનો ઈન્કાર કરી દેવો એ તો સ્વચ્છંદતા જ છે.

❁ રમત ચાહે ક્રિકેટની હોય કે ટેબલ ટેનિસની હોય, કબ્બડીની હોય કે કુસ્તીની હોય, ફૂટબોલની હોય કે બાસ્કેટબોલની હોય વોલીબોલની હોય કે હોકીની હોય, પરંતુ દરેક ખેલાડીનું એક જ લક્ષ્ય હોય છે કે જીત મેળવવી – બસ એ જ રીતે આપણે પણ જીવન મેદાનમાં ઊતરીને અનેક પ્રકારની રમતો રમીએ છીએ, પણ આપણું લક્ષ્ય તો એક જ હોવું જોઈએ કે અંતઃશત્રુ પર જીત મેળવી અક્ષરધામમાં પહોંચી જવું.

❁ કરોડની લોટરી એને જ લાગે કે જે પહેલાં લોટરીની ટિકિટ ખરીદે છે અને બેંક ડબ્બલ પૈસા એને જ આપે છે કે જેણે ફિકસમાં મૂક્યા હોય – એમ અક્ષરધામ એને જ મળે છે કે જેણે માહાત્મ્ય સહિત ભજન-ભક્તિ કરી હોય.

❁ બેટ્સમેન પ્રત્યે કુણી લાગણી ધરાવતા બોલરને બેટ્સમેનની વિકેટ મળવી જેમ મુશ્કેલ છે – તેમ પાપ પ્રત્યે કુણી લાગણી ધરાવતા માણસને પોતાના જીવનમાંથી પાપને છોડવામાં સફળતા મળવી અશક્ય છે.

❁ એક વાત મનમાં સ્થિર કરી દ્યો કે બધાં જ સુખો જેમ સારાં નથી – તેમ બધાં જ દુઃખો પણ ખરાબ નથી. જે સુખ પાપ કરાવે એ સુખ ખરાબ છે, તો જે દુઃખ અધ્યાત્મ માર્ગે લઈ જાય એ દુઃખ પણ સારું છે !

❁ સાપને અનેક લોકોની હાજરીમાંય પણ ન રમાડી શકાય, તો શું એકલા હોઈએ ત્યારે સાપને રમાડી શકાય ખરો ? અર્થાત્ ન જ રમાડી શકાય. તો પછી પાપને જાહેરમાં ન કરી શકાય અને એકાંતમાં કરી શકાય ખરું ? અર્થાત્ ન જ કરી શકાય.

❁ કોઈ પણ પ્રકારનું નાનું કે મોટું પાપ જ્યારે વારંવાર આચરાય છે, ત્યારે એ પાપમાંથી પસ્તાવાનો ભાવ ઊડી જાય છે. આજે અજાણતા થતું પાપ આવતી કાલે જાણી-જોઈને થવા માંડશે અને પછી એ પાપચરણની ઉપેક્ષાય ચાલુ થઈ જશે; આ મનોવૃત્તિએ પહોંચ્યા પછી એ પાપોથી છૂટવું હકીકતમાં મુશ્કેલ બની જશે.

❁ એક પગથિયું ચૂકી જનાર ઘણીવાર આખી સીડી ચૂકી જતા હોય છે – તેમ ચારિત્ર્યનું એક પગથિયું ચૂકી જનાર પણ પોતાનો મુક્તિનો માર્ગ ચૂકી જતા હોય છે; માટે ગાફલાઈ છોડી સાવધાન બની જવું જોઈએ.

❁ પ્રચંડ પુણ્યોદયે અનંતકાળે મળેલ માનવજીવન નશ્વર એવી સંપત્તિ પાછળની પાગલતામાં અને વિરસ તથા નિરસ એવા ઈન્દ્રિયોના વિષયોના ભોગવટામાં જ સમાપ્ત ન થઈ જાય અને વેડફાઈ ન જાય એનો ખ્યાલ રાખજો.

❁ આજ કરતાં આવતીકાલ ખરાબ આવવાની છે કે નહિ, એમાં તો શંકા છે પરંતુ આજ કરતાં આવતીકાલે મારા જીવનનો એક દિવસ ઓછો થઈ જવાનો છે એ તો નિશ્ચિત જ છે. સંપત્તિ વધારવા પુરુષાર્થને પુણ્યના સહારે સફળતા મળી જાય એ સંભવિત છે, પરંતુ જીવન લંબાવવાના પુરુષાર્થને સફળતા મળવાની તો કોઈ સંભાવના જ નથી. માટે નિશ્ચિત મોત તરફ ધકેલાઈ રહેલા જીવનની કીમતી પળોને નશ્વર એવી સંપત્તિ પાછળ વેડફતા જ રહેવું એ કેટલું ઉચિત છે ?

❁ નબળા પરિણામોથી બચવા માગતા માણસોએ નબળી પ્રવૃત્તિથી અને નબળી વૃત્તિથી પોતાની જાતને દૂર રાખવી જોઈએ – જો એમાં એને સફળતા નથી મળતી તો તેને નબળાં પરિણામના શિકાર બનવું જ પડે છે.

❁ આમ જોવા જઈએ તો સંસાર એ પાપનો અખાડો છે. સ્વાર્થનું સમરાંગણ છે અને ઉપાધિનો ઉકરડો છે. ચિંતાનો ચોતરો છે. મતલબનું મેદાન છે. આવા માયાવી સંસારમાં જળકમળવત્ રહીને જે ભગવાનની ભક્તિ કરે છે, તેના પર પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે.

❀ સામાન્ય માણસોની ભૂલ તો ક્ષમ્ય છે, પણ મોટાં સ્થાન પર આરૂઢ થનાર – જવાબદારીપૂર્વકની જગ્યા ઉપર બેસનારની નાનકડી એવી ભૂલ પણ સમાજમાં ખૂબ મોટી માનવામાં અને મોટી ગણવામાં આવે છે; માટે વ્યવહારમાર્ગમાં અને અધ્યાત્મમાર્ગમાં જે વ્યક્તિ મોટી હોય તેઓએ ખૂબ વિચારીને મહત્ત્વપૂર્ણ કાર્યને પોતાના હાથમાં લેવું જોઈએ; કારણ કે મોટાઓની જવાબદારી ખૂબ મોટી હોય છે. તેઓએ પોતાના પદનું ગૌરવ જાળવવું જોઈએ.

❀ હે ભક્તો ! સૌ પ્રથમ તો પાપના વિચારો જ ઊગવા ન દેવા જોઈએ અને જો એ ઊગી જાય તો મનની ધરતીમાં તેને સ્થિર થવા ન દઈએ. જો તે કદાચ સ્થિર થઈ જાય તોય તે મજબૂત ન બની જાય એ માટે એને કોઈ પણ જાતનો પંચવિષયરૂપી ખોરાક ન પહોંચાડીએ. – બસ, જો આટલું કરતાં આપણને આવડશે તો આપણી સામે પાપોની ચોક્કસ હાર થશે. આ માત્ર વાતો જ નથી, પરંતુ વાસ્તવિકતા છે.

❀ એક વાત હંમેશા યાદ રાખજો કે નાની નાની પાપની પ્રવૃત્તિઓની ઉપેક્ષા કરનારો માણસ આગની સાથે ખેલી રહ્યો છે. – એ આગ એના આત્મગુણોને બાળીને ભસ્મ કરી દેશે.

❀ એક ગણિત ખ્યાલમાં રાખજો કે સામાન્યતયા જે વિચારને આપણે આચરણમાં લાવતાં જેટલો વિલંબ કરીશું તેટલો તે વિચારનો પાવર તૂટી જશે. – તેમ પાપ કરવાનો વિચાર આવ્યા પછી આપણે એનો તાત્કાલિક અમલ નહિ કરીએ તો એની પણ તાકાત તૂટી જશે, તેથી પાપ થતાં અટકી જશે. માટે કોઈ પણ પાપ કરવાના વિચારો આવવા લાગે ત્યારે તેને તરત અમલમાં મૂકવાને બદલે થોડો સમય ધીરજ રાખીએ. આવું કરીશું એટલે પાપથી બચી જઈશું.

❀ આપણા મનની વ્યાખ્યા કરવી હોય તો કહી શકાય કે જ્યાં કેવળ વિચારોની જ ગાંઠ છે એનું નામ મન ! વરસાદ પડતાં ધરતી પર જે રીતે બિલાડીના ટોપ ઊગતા જ જાય છે – એ જ રીતે નવરાશની પળોમાં મનમાં વિચારોની વણજાર ઊભી થઈ જ જાય છે.

"જિંદગી એવી ના જીવો કે લોકો ફરિયાદ કરે;
પણ જિંદગી એવી જીવો કે લોકો ફરી, યાદ કરે."
"જિંદગી એવી ના જીવો કે લોકો ગમે-તેમ બોલે;
પણ જિંદગી એવી જીવો કે લોકો ગમે, તે બોલે."

"હર બરસ આ કે સબકો જન્મદિન યે કહેતા હૈ;
અભી પેદા હુયે હો શીખના બાકી બહોત હૈ."

જીવન થોડી ક્ષણોનું સ્વપ્ન છે. મૃત્યુ પ્રતિક્ષણ નજીક સરકતું આવે છે. જે દિવસથી આપણે જન્મ્યા છીએ – તે જ દિવસથી મરી પણ રહ્યા છીએ. જન્મનો દિવસ જ મૃત્યુનો પણ દિવસ છે. તેથી તેને ટાળી પણ નહિ શકાય અને ભાંગી પણ નહિ શકાય; માટે ભજન-ભક્તિ કરી મોતને સુધારી લેવું એ જ ડાહ્યાનું લક્ષણ છે.

જેમના જીવનમાં ભજન છે, તો તેમની રાતની નિદ્રામાં પણ ભજન પ્રવેશી જાય છે. જેમના જીવનમાં આખો દિવસ મનમાં કામવાસનાના વિચારો આવે છે, તો રાત્રે પણ કામનાં સ્વપ્ન આવશે. જેમનો દિવસ શાંત હોય છે, એમની રાત પણ શાંત બની જાય છે.

શરીર-શુદ્ધિ, વિચાર-શુદ્ધિ, ઈચ્છા-શુદ્ધિ અને ધ્યેય-શુદ્ધિ એ મોક્ષ માટેની ચાર અમોઘ શક્તિઓ છે; જેને અભાવે આજનું જગત અશાંત અને બેચેન છે.
વાસનાની આગને ટી.વી અને ઈન્ટરનેટનાં ખરાબ દૃશ્યો પ્રજ્જવલિત રાખવા માટે પેટ્રોલનું કામ કરે છે; માટે જેને વાસનાની અગ્નિને બુઝાવવાની ઈચ્છા હોય તેણે એવાં ખરાબ દૃશ્યો બંધ કરવાં જોઈએ.

અધ્યાત્મ જીવનમાં સફળતા મેળવવા માટેનું સૂત્ર આ છે કે, " પાપનાં કાર્યોને વિલંબમાં મૂકો અને ધર્મનાં કાર્યોને તત્કાળ કરો." આનાથી બેવડો લાભ થશે: એક તો એ કે પાપ કાર્યો વિલંબમાં પડવાથી અનાદિનાં પાપ સંસ્કારોની તાકાત ઘટતી જશે અને ધર્મકાર્યો તરત ને તરત અમલી બનવાથી જીવનમાં ધર્મકાર્યો પ્રત્યેનો રસ ઉત્પન્ન પણ થશે. અને ઉત્પન્ન થયેલો એ રસ ઉત્તરોત્તર ધર્મકાર્યોની વૃદ્ધિ કરાવતો રહેશે. એક કહેવત પણ છે કે, 'પુણ્ય પાપને ઠેલે.' ધર્મકાર્યોમાં-ભક્તિ કાર્યોમાં વ્યતીત થતો સમય પાપકાર્યો માટે સમય જ નહિ બચવા દે. પછી પાપકાર્યોને આચરણમાં મૂકવાની તો વાત જ ક્યાં રહી?

રસ્તા પર મુકાતું એક એક કદમ મંજિલને નજીક લાવતું હોય છે. કાગળ પર ટપકતો એક એક અક્ષર જ પુસ્તકને સંપૂર્ણ બનાવવાનું નિમિત્ત બનતો હોય છે – એ જ પ્રમાણે મોક્ષમાર્ગ પર ચાલતા એક એક નિયમોનું પાલન પણ મુક્તિનું કારણ બનતું હોય છે.

❀ સાવધાન ! બીજા પ્રત્યે તિરસ્કાર કરતાં પહેલાં, બીજાનું અપમાન કરતાં પહેલાં, બીજાની સંપત્તિ આંચકી લેતાં પહેલાં અને અનીતિ કરતાં પહેલાં ખૂબ વિચાર કરજો, કારણ કે તમારી આ પ્રવૃત્તિઓ બીજા માટે તો નુકશાનકારક નીવડશે, પરંતુ તમારા માટે તો ખતરનાક જરૂર નીવડશે.

❀ શબ્દો વિનાનું સમર્પણ (દાદા ખાચર ને લક્ષ્મણજી જેવું.) ફરિયાદ વિનાનો સ્નેહ (જીવુબા-લાડુબા, સીતાજી જેવો) અને સ્વાર્થ વિનાની સેવા (મૂળજી બ્રહ્મચારી-હનુમાનજી જેવી) જેના જીવનમાં હોય એ પરમ એકાંતિક ભક્ત કહેવાય છે.

❀ ઝાડા થઈ ગયા હોય તો એટલું સમજી લેવાનું કે ખાવામાં ગરબડ થઈ છે અથવા આંતરડાંમાં પ્રોબ્લેમ છે — એ જ પ્રમાણે જીવનમાં દુઃખો આવે છે તો સમજી લેવું કે, ભૂતકાળના ગમે તે જન્મમાં પાપ કર્યાં છે એની સજા અત્યારે ભોગવવા મળી છે.

❀ પૂર્વના જમાનામાં અને અત્યારના સમયમાં કોઈ મોટામાં મોટો તફાવત પડ્યો હોય તો તે એ છે કે, એ વખતના લોકોની નજરમાં ‘ પુણ્ય-પાપ’ મુખ્ય હતાં અને અત્યારના લોકોની દૃષ્ટિમાં ‘ સુખ- દુઃખ’ મુખ્ય બની ગયાં છે.

❀ ઈન્દ્રિયોના વિષયો પાછળની આંધળી દોટે આજે ભલભલાના જીવનને બરબાદ કરી નાખ્યા છે; કારણ કે વિષયોની પ્રાપ્તિના લક્ષે એકેય મર્યાદાનું પાલન થવા નથી દીધું. આપણા પોતાના જ જીવનને તપાસીએ તોય ખ્યાલ આવી જાય તેમ છે.

❀ આજે મોટા ભાગનાં નર-નારીઓને પાપ કરવાનો ડર નથી; પરંતુ પાપ કરતાં પકડાઈ જવાનો ભય જરૂર છે. આવી જીવનપદ્ધતિ આપણા જીવનને ધર્મથી મઘમઘતું શી રીતે બનાવી શકે ? ધર્મની વાત તો આગળની વાત છે, પણ જીવનમાં માનવતા ટકાવી રાખવા માટે પણ પાપભીરૂતાને આત્મસાત કર્યા વિના ચાલે તેમ નથી, કારણ કે માનવતા વિનાનું જીવન એ માણસના ખોળિયે શેતાનનું જીવન બની જાય તેમ છે.

❀ જેમ પંચવિષયનાં સુખોનું આકર્ષણ પાપ કરાવ્યાં વિના રહેતું નથી — તેમ પંચવિષયનાં સુખો પ્રત્યેનો તિરસ્કાર પાપથી દૂર રાખ્યા વિના રહેતો નથી.

❀ હે ભક્તો ! ધર્મપ્રાપ્તિ માટેનો અતિ મહત્ત્વનો ગુણ છે ‘ પાપભીરૂતા’ અર્થાત્ પાપનો ભય. આ એક જ ગુણ જો આત્મસાત થઈ જાય તો બાકીના અગણિત ગુણો તેની

પાછળ આવ્યા વિના રહેતા નથી.

❀ આ જગતનો એક સામાન્ય રિવાજ છે કે જે ચીજનો ડર હોય છે તે ચીજ પાસે જવા - આવવાનું પ્રાયઃ કરીને ઓછું થઈ જ જાય છે. અરે ! અજાણતાંય જો જઈ ચડ્યા હોઈએ અને પછી ખબર પડે તો ઝટપટ ત્યાંથી ભાગી જઈએ છીએ. સાપનો ડર આપણને સાપથી સતત દૂર જ રાખે છે – તેમ જીવનમાં એકવાર પાપનો ડર પેસી જશે તો એ ડર આપણને પાપથી સતત જ દૂર જ રાખશે.

❀ પાપની બીક લાગવા માંડે તો જીવન અનેકવિધ સદ્‌ગુણોથી મઘમઘતું બની જાય છે; પરંતુ આજના સમયમાં મોટા ભાગનાં નર-નારીઓમાંથી પાપભીરુતા ચાલી ગઈ છે. અને એટલા માટે જ કલ્પનાતીત પ્રમાણમાં અને કલ્પી ન શકાય એવા પ્રકારનાં પાપો અનેક ક્ષેત્રોમાં પ્રવેશી ચૂક્યાં છે. આશ્ચર્ય તો એ છે કે આ બધાં પાપ-સહુને પચી ગયાં છે !

❀ દુર્જન માણસોને દોષો પ્રત્યે કુણી લાગણી હોય છે, સદ્‌ગુણો પ્રત્યે ઉપેક્ષિત વલણ હોય છે, ઈન્દ્રિયોના વિષયો પ્રત્યેનું તીવ્ર આકર્ષણ હોય છે, શરીરના સુખનું જીવનમાં પ્રાધાન્ય હોય છે અને માત્ર આ લોક પ્રત્યે દષ્ટિ હોય છે. યમપૂરીનાં દુઃખ કે અક્ષરધામનાં સુખમાં તે માનતા નથી.

❀ જેને વિષયો પ્રત્યે દુઃખની અને દોષની જ વેદના છે એ અનેક પ્રયત્નો કરવા છતાં, પાપ કરી શકતો નથી.

❀ આધ્યાત્મિક જગતમાં સફળતા મેળવવા માટે એક વાત ખાસ યાદ રાખજો કે ધર્મમાં પ્રવૃત્ત કદાચ બે -ચાર દિવસ વહેલાં-મોડાં થશો તો ચાલશે, પરંતુ પાપથી નિવૃત્ત તો વહેલી તકે થવું જ પડશે; કારણ કે પાપનિવૃત્તિ વિનાની કેવળ ધર્મપ્રવૃત્તિ જોઈએ તેવી સફળતા આપે એ વાતમાં કોઈ માલ નથી.

❀ હે વ્હાલા ભક્તો ! ક્રોધના ચાર પરિણામ છેઃ (૧) વિરોધઃ જેના પર ક્રોધ થાય છે એના પ્રત્યે મનમાં વિરોધની લાગણી ઊભી થઈ જાય છે. (૨) વિગ્રહઃ વિરોધની એ લાગણી આગળ વધતા વિગ્રહ અર્થાત્ સંઘર્ષને જન્મ આપે છે. (૩) વિભાજન : એ સંઘર્ષ આગળ ચાલતા ચાલતા છેવટે પરિણામ એ આવે છે કે બે વ્યક્તિ એક કલાક માટે પણ સાથે રહેવા તૈયાર થતા નથી. (૪) વેર : વિભાજન થયા પછી પણ એ બન્ને વચ્ચે વેરભાવ ચાલુ રહે છે. આ ચાર ભયંકર પરિણામને નજર સમક્ષ રાખી ક્રોધથી દૂર થઈ

જઈએ.

❀ હે ભક્તો ! યાદ રાખજો કે, જેને પંચવિષયો પ્રત્યે સુખનું જ આકર્ષણ છે એ વ્યક્તિ અનેક પ્રયત્નો કરવા છતાં પાપથી બચી શકતો નથી; કારણ કે સુખનો અર્થ જ એ છે કે જ્યાં ઈન્દ્રિયોના વિષયોની બોલબાલા છે, જ્યાં માત્ર મનને જ બહેલાવવાનું છે, જ્યાં જીવાત્માઓનાં દુ:ખોની ઉપેક્ષા કરવાની છે, જ્યાં પાપ-પુણ્યનો વિચાર જ કરવાનો નથી, જ્યાં પરલોક ભૂલાઈ જવાનો છે, જ્યાં પરિણામ જોવાની પરવા જ કરવાની નથી અને જ્યાં શ્રીહરિજીની આજ્ઞાઓને યાદ જ રાખવાની નથી – આવું સુખ પાપના માર્ગે ગયા વિના મળી જાય એવી કોઈ સંભાવના નથી.

❀ હે ભક્તો ! કાદવવાળા રસ્તે ચાલનારને જ્યાં સુધી એ રસ્તો ઓળંગી ન જાય ત્યાં સુધી પ્રત્યેક પગલે સાવધ રહેવું પડે છે.... મોટરકાર ચલાવનારે જ્યાં સુધી એ લક્ષ સ્થાને ન પહોંચી જાય, ત્યાં સુધી પ્રત્યેક પળે જાગૃતિ રાખવી જ પડે છે. – બસ, એ જ રીતે સર્વે સત્સંગી ભાઈઓ અને બહેનોએ પણ જીવનના અંત સુધી પુરી સાવધાની રાખવી પડે છે. કાદવવાળા માર્ગે ચાલનાર માણસ ગાફલાઈ રાખે તો કપડાં બગડી જાય છે, મોટર ચલાવનાર ગાફલાઈ રાખે તો એક્સિડન્ટ થઈ જાય છે – તેમ ભજન-ભક્તિ કરતાં સત્સંગી ભાઈ-બહેનો પણ જો ગાફલાઈ રાખશે તો ગયા જન્મમાં ભોગવેલાં વિષયસુખોના કુસંસ્કાર જાગ્રત થઈને પંચવિષયો તરફ ખેંચી જશે અને પાપ કરાવ્યાં વિના રહેશે નહિ, માટે સાવધાન બની – શૂરવીર બની જાણપણાના દરવાજે રહેવું.

❀ હે ભક્તો ! અનેક પ્રકારનાં પાપ કરવાથી અનેક પ્રકારનાં દુ:ખોનું રિઝર્વેશન થઈ જાય છે. એ દુ:ખો નરક ભોગવાવે છે, પશુ-પક્ષીના જન્મ લેવડાવે છે, કસાઈના હાથના છરાથી શરીર કપાવડાવે છે, બળદ બની અતિ ભાર ખેંચાવડાવે છે અને મનુષ્ય બને ત્યારે લાચાર બની ગલીએ ગલીએ ભીખ પણ મંગાવે છે.

❀ હે ભક્તો ! ગુંડાઓની સામે પડવાની જેનામાં તાકાત ન હોય તો તે ગુંડાઓની શેરીઓમાં જવાની હિંમત કરતા નથી – એ જ પ્રમાણે દુ:ખો ભોગવવાની જો તૈયારી ન હોય તો પાપના માર્ગે પગલાં મૂકવાની ભૂલ પણ ન કરવી જોઈએ. એટલે કે પાપ ન કરવાં જોઈએ.

❀ હે ભક્તો ! સારા વિચારો કદાચ ન પણ આવતા હોય તો પણ મંદિરે જવાનું કે સત્સંગમાં જવાનું છોડી દેવાની ભૂલ ક્યારેય પણ કરશો નહિ. અને પાપના વિચારો

પણ ક્યારેય ન આવતા હોય તોય પાપનાં સ્થાનોમાં જવાનું ક્યારેય જોખમ કરશો નહિ.

❀ હે ભક્તો ! ખૂન બદલ ફાંસીની સજા પામેલ કેદીને મળેલ ફાંસીની સજા રાષ્ટ્રપતિની રહેમ નજરથી જેમ માફ થઈ જાય છે – તેમ ગમે તેટલા જાલિમ પાપો કર્યા પછીય જો એની પાછળ હૈયાનું રૂદન હોય– દિલથી પસ્તાવો થયો હોય અને ફરીવાર પાપો ન કરવાનો દઢ સંકલ્પ હોય તો એ પાપો શ્રીહરિજી અને સંતોની કૃપાથી માફ થઈ જાય છે એ અધ્યાત્મ જગતનું નક્કર સત્ય છે.

❀ ઘણા લોકો પાપથી એટલા ડરતા નથી કે જેટલા એ બે-આબરુ થઈ જવાથી ડરતા હોય છે. એ પાપથી બચવા માગે છે કે કેમ એમાં સો ટકાની શંકા છે, પરંતુ બે-આબરુ થવાથી તો એ બચવા જ માગે છે, એ શંકા વિનાની વાત છે. પોતાના જીવાત્માને અધોગતિથી બચાવવાની એને ચિંતા એટલી નથી, પરંતુ આબરુને તો એ પ્રાણને ભોગે પણ બચાવવા માગે છે – બસ, આ જ કારણસર એ પ્રકાશમાં બને ત્યાં સુધી પાપથી બચતો રહે છે અને અંધકારમાં પાપ કરવા લાગે છે.

❀ સાપ (નાગ) આ શબ્દ જ એવો છે કે જે કાને પડતાંની સાથે આપણે એ સાપ જ્યાં હોય ત્યાંથી દૂર જતાં રહીએ છીએ – એ જ રીતે પાપ શબ્દથી અંતરને એવું બનાવી દઈએ કે જ્યાં પાપનું નિમિત્ત દેખાય ત્યાંથી તુરંત એક પળની રાહ જોયા વગર તે સ્થાનથી દૂર ભાગી જઈએ.

❀ હે ભક્તો ! સારા માણસની સલાહ બમ્પરનું કામ કરે છે કારણ કે તે પાપની ઝડપને, પાપની ઈચ્છાને અને પાપના આવેગને તોડી નાખે છે.

હે ભક્તો ! ઘરના બગીચામાં છોડ પર ગુલાબનાં ફૂલ ન આવતાં હોય તો એનો અર્થ એ નથી કે ફૂલદાની ધૂળથી ભરી દેવી – એ જ રીતે મનમાં ભજન-ભક્તિનો ઉત્સાહ જાગતો ન હોય તો એનો અર્થ એ નથી કે શરીરને પાપકર્મમાં જોડી દેવું.

❀ કારેલાંમાં ગોળ નાખીને કારેલાંની કડવાશ ઓછી કરી શકાય છે– તેમ પાપ પ્રવૃત્તિઓમાં પણ ધર્મના વિચારોને દાખલ કરીને પાપપ્રવૃત્તિઓની તાકાત જરૂર તોડી શકાય છે.

❀ હે ભક્તો ! હંસ પોતાનું જીવન સમાપ્ત કરી દેવા તૈયાર થઈ જાય છે, પણ પોતાનું

પેટ એ માછલાંથી ભરવાં તૈયાર થતો જ નથી – એ જ રીતે સાચા સત્સંગી પણ આપત્કાળમાં અનાજ ન મળે તો પોતાનું જીવન સમાપ્ત કરી દેવા તૈયાર થઈ જાય છે, પણ માંસભક્ષણ તો કરતા જ નથી.

❁ હે ભક્તો ! જે ચિનગારીને પેટ્રોલ નથી મળતું તો એ આપોઆપ બુઝાઈ જાય છે – એ જ પ્રમાણે મનમાં ઉત્પન્ન થયેલાં પાપને જો શરીરનો સાથ નથી મળતો તો એ પાપ એની મેળે અધર્મ કરવાની પ્રવૃત્તિથી રોકાઈ જાય છે; માટે શરીરથી ક્યારેય સાથ ન દેવો.

❁ પાપ એ ગૂમડું છે, તેથી તેને દૂર કરવું જ પડે છે. જેમ ગૂમડાને છુપાવવાથી સડો વધતો જાય છે – તેમ પાપને છુપાવવાથી પણ તે વધતું જ જાય છે, માટે મોટા સદ્‌ગુરુ સંતો પાસે જઈ નિખાલસ થઈ પ્રાયશ્ચિત માગી શુદ્ધ થવું જોઈએ.

❁ ચા પીતા પીતા ઢોળાઈ હોય તો ચાનો ડાઘ કપડાંમાં રહી ન જાય તેથી તરત જ ધોવા માટે દોડનારો માણસ પાપનો ડાઘ જીવનમાં રહી ન જાય તે માટે કેમ જાગ્રત રહેતો નથી એ આશ્ચર્ય ઉપજાવે એવી બાબત છે.

❁ પગમાં ઘૂસી ગયેલો કાંટો ખટકે છે તેથી એને બહાર કાઢવાનો પ્રયત્ન કરીએ છીએ; આંખમાં ગયેલું કણું ખટકે છે તેથી તેને દૂર કરવાનો પ્રયત્ન કરીએ છીએ – એ જ પ્રમાણે જીવનમાં થઈ ગયેલાં પાપ મુમુક્ષુને ખટકે છે તેથી તેને દુર કરવાના પ્રયત્નો કરે છે.

❁ આગમાં સપડાઈ ગયેલો માણસ ‘ હું આગમાં કેવી રીતે ફસાયો ? ’ એના કારણની વિચારણા પછી કરે છે, પહેલાં તો ‘ હું આ અગ્નિમાંથી બહાર કેવી રીતે નીકળી જાઉ ?’ એનો જ વિચાર કરે છે. – બસ, એ જ રીતે પાપ કરનાર નર-નારીએ પણ ‘ હું પાપી કેમ બન્યો ? ’ એનાં કારણોમાં ગયા વિના ‘ હું પાપથી જલ્દી કેમ છૂટી શકું ? ’ એના ઉપાયો કરવા જોઈએ.

❁ ધર્મપાલનની અસર ભલે ધીમી છે, પરંતુ એની આડઅસર તો કોઈ જ નથી – જ્યારે પાપસેવનની અસર ભલે તાત્કાલિક અનુભવાતી હોય, પણ એની આડઅસર ભયંકર છે, એ યાદ રાખજો.

❁ હે ભક્તો ! ગુંજારવ કરતો ભમરો કમળના પુષ્પ પર બેસી જાય છે ત્યારે એનો

ગુંજારવ બંધ થઈ જાય છે – એ જ રીતે ભક્તોનું મન પણ મહારાજની મૂર્તિમા મસ્ત બની જાય છે ત્યારે સંકલ્પો બંધ થઈ જાય છે.

❀ ઘરમાં સૂર્યનો પ્રકાશ આવવા લાગે છે – તેમ અંધકાર ભાગવા લાગે છે– એ જ રીતે મહારાજની મૂર્તિ અંતરમાં દેખાવા લાગે છે, એટલે અંતઃશત્રુઓ ભાગવા લાગે છે.

❀ વિષયનું સુખ તો વેશ્યા પાસેથી પણ મળશે, સ્વાદિષ્ટ ભોજનનું સુખ તો ફાઈવ સ્ટાર હોટલમાંથી પણ મળશે, પણ આત્માનું સુખ તો એક મહારાજની મૂર્તિમાંથી જ મળી શકશે.

❀ હોજમાં ભરેલ પાણી અને કૂવામાં ભરેલ પાણીમાં અતિ ફેર છે. હોજનું પાણી બહારથી આવે છે – જ્યારે કૂવાનું પાણી અંદરથી આવે છે. હોજનું પાણી જેમ જેમ વપરાય છે, તેમ-તેમ ખાલી થતું જાય છે, જ્યારે કૂવાનું પાણી ગમે તેટલું વપરાય છે, તો પણ સરવાણી દ્વારા આવ્યા જ કરે છે, પણ ખૂટતું નથી – એ જ રીતે આપણું બાહ્યસુખ છે તે હોજના પાણી જેવું છે, જ્યારે મહારાજની મૂર્તિનું સુખ છે તે કૂવાના પાણી જેવું છે. હોજનું પાણી તો ખૂટી જાય, પણ કૂવાનું ખૂટે નહિ; એમ બહારનાં સુખ તો એક સમયે ખૂટી જાય છે, પણ મૂર્તિનું સુખ તો અખંડ આવ્યા જ કરે છે, ક્યારેય ખૂટતું જ નથી.

❀ વર્તમાન સમયમાં આપણને જીતેન્દ્રિય ન બનવા દેનાર પૂર્વજન્મનાં કરેલાં પાપ છે, એ પાપને છોડવાને બદલે આપણે હજુ નવાં નવાં પાપ કરીશું તો આવતા જન્મે આપણી શી દશા થશે ? એ વિચાર કરીને મન સાથે લડાઈ લઈને પાપ ન કરવું.

યાદ રાખજો કે પાપ ક્ષમ્ય છે, પણ પાપનું સમર્થન અક્ષમ્ય છે. જીવનભર પોતાનાં પાપોનું સમર્થન કરતા રહેલા મોહાંધ ધૃતરાષ્ટ્ર અને મદાંધ દુર્યોધન નષ્ટ થઈ ગયા છે.

❀ નારદજીના વચને લુંટારો વાલિયો પાપથી પાછો વળી ગયો અને સાધના કરીને મહર્ષિ વાલ્મીકિ બની ગયા ! એટલું જ નહિ, પરંતુ પતિતને પાવન કરનાર રામાયણ જેવા મહાન ગ્રંથના રચયિતા બનવાનું સૌભાગ્ય પણ એને સાંપડ્યું; માટે સંતોનો ઉપદેશ સાંભળી પાપ કરવાનું છોડી દેવું.

❀ આપણાં પાપની ઈચ્છાઓ પર જેટલા અંશે વિવેકનું શાસન વધુ હશે તેટલા અંશે, બે-આબરુ બનવાની શક્યતા ઓછી રહેશે. એટલે આપણે એવાં કામો કરવાં જોઈએ કે જેને જોઈને ભગવાનની નજરમાં લજ્જિત થવું ન પડે.

❁ પાપનો બાપ લોભ છે, પાપની માતા હિંસા છે, પાપની પત્ની ઈર્ષ્યા છે, પાપનો પુત્ર સ્વાર્થ છે, પાપની પુત્રી તૃષ્ણા છે, પાપની બહેન કુમતિ છે અને પાપનો ભાઈ અસત્ય છે; આ બધો પાપનો પરિવાર છે, માટે તેનાથી ચેતતા રહેવું.

❁ હે ભક્તો ! સમાજના ઉત્થાન અને ઉદ્ધારમાં સંતોનો મહત્ત્વનો ફાળો છે. લોકોમાં રહેલ અનેક પ્રકારનાં વ્યસનો, ફેશનો, કુરિવાજો, દુષણો, અંધશ્રદ્ધાઓ અને અજ્ઞાનતાઓને દૂર કરાવી સાચા અર્થમાં માનવ બનાવી મોક્ષને માર્ગે ચલાવતા હોય છે. બુભુક્ષુઓને અને મુમુક્ષુઓને માયાના પાશમાંથી કાઢવા સતત પુરુષાર્થ કરતા હોય છે.

❁ સંતો સારા છે એવું આપણને લાગે છે, પણ સંતો મારા છે, એવું આપણને લાગે છે ખરું ? જો મારાપણું મનાય તો માનજો કે આત્મબુદ્ધિ થઈ છે.

રોગીષ્ઠ વ્યક્તિ બીજાના રોગોની નોંધ રાખતી નથી, ધંધામાં ખોટ ખાનાર વેપારી બીજાના ધંધાની ખોટનો વિચાર કરતો નથી, ડૂબી રહેનાર માણસ ડૂબી રહેલા બીજા માણસની સામે નજર પણ નાખતો નથી – એ જ રીતે અઢળક દોષોના ભંડાર એવા આપણે બીજાના દોષોની નોંધ રાખવાની કોઈ જ જરૂર નથી.

❁ કરેલાં પુણ્યનું અને ભજન-ભક્તિનું ફળ આપણને તત્કાળ નથી મળતું એ બદલ પરમાત્માને ફરિયાદ કરતા રહેવાને બદલે કરેલાં પાપોનું ફળ તાત્કાલિક આપણને ભોગવવાં ભગવાન નથી આપતાં એ બદલ પ્રભુનો પાડ માની ધન્યવાદ આપવા જોઈએ.

❁ જીવનમાં થયેલ વ્યવહારિક ભૂલો મૃત્યુ પછી સાથે નથી આવવાની, પરંતુ જીવનમાં કરેલાં પાપો તો મોત પછી પણ સાથે જ આવવાનાં છે એ હકીકત આંખ સામે રાખીને જ જીવન જીવવું જોઈએ, તેથી પાપ કરવાથી બચી શકીએ.

❁ ઢાળ મળતાં જ ગટર તરફ વહી જતા પાણીને તો માફ કરી શકાય છે, કારણ કે તેની પાસે વિચાર શક્તિ નથી; પરંતુ પ્રલોભન મળતાં જ વિષયો તરફ ઝૂકીને પાપી બની જતા માણસને તો કેમ માફ કરી શકાય ? કારણ કે એની પાસે તો વિચાર કરી શકે એવું મન છે.

❀ યાદ રાખો કે પોતાની ઈચ્છા ન હોવા છતાં મનમાં પાપના વિચારો આવતા હોય અને હઠાવ્યા હઠતા ન હોય, પરંતુ તે વિચારોને દેહ સુધી પહોંચવા ન દે અર્થાત્ ક્રિયાભ્રષ્ટ ન થાય તો તે વ્યક્તિનું જીવન પવિત્ર કહેવાય છે. તેથી તો સંતો કહે છે કે, '' મન જાય તો જાને દો, મત જાને દો શરીર.'' જો આ પ્રમાણે મન સાથે લડાઈ શરૂ રહેશે તો અંતે મન પણ પાપના વિચારો છોડી દેશે.

❀ જેમ વાદળો હટતાં જ સૂર્યનો પ્રકાશ ધરતી પર આવે છે, પથ્થર હટતાં જ ઝરણાનું પાણી બહાર આવે છે – તેમ દોષો હટતા જ ગુણો પ્રગટ થઈ આવે છે.
જે મકાનની છત મજબૂત હોય છે એ મકાનમાં ક્યારેય પાણી ગળતું નથી – એ જ રીતે જેના જીવન પર સંતોનુ મજબૂત છત્ર હોય છે એનાં જીવનમાં ક્યારેય પાપનો પ્રવેશ થતો નથી.

❀ છત વિનાનું મકાન નકામું છે અને છત્ર વિનાનું જીવન પણ નકામું છે. આજના સમયે પોતાની જાતનું સુવ્યવસ્થિત નિયંત્રણ કરવાની યુવાન વર્ગમાં લગભગ તાકાત નથી અને તાકાત છે તો સાચી સમજણ નથી; માટે પોતાના જીવનની લગામ સારા સદ્ગુણી સંતના હાથમાં સોંપી દેવી જોઈએ.

❀ વહી જતા નદીના પાણીને યોગ્ય જગ્યાએ વળાંક ન મળવાથી એ સીધું સમુદ્રમાં જઈને ખારું બની જાય છે – તેમ વહી રહેલા જીવનનાં શક્તિકાળના આ તબ્બકાને યોગ્ય માર્ગદર્શક ન મળતાં એ શક્તિઓ સર્વથા નિરર્થક જાય છે, અને ક્યારેક તો વિનાશક પણ બની જાય છે.

❀ સંપત્તિ એ વ્યાવહારિક સત્ય છે, સદ્ગુણો એ પારમાર્થિક સત્ય છે. શરીર એ વ્યાવહારિક સત્ય છે, આત્મા એ પારમાર્થિક સત્ય છે. સંસાર એ વ્યાવહારિક સત્ય છે, મોક્ષ એ પારમાર્થિક સત્ય છે. આ હકીકત એમ કહે છે કે સદ્ગુણોના ભોગે સંપત્તિ, જીવાત્માને ભોગે શરીર અને મુક્તિના ભોગે સંસાર સાચવવાની ભૂલ તો આ જીવનમાં હરગિજ કરાય નહિ.

❀ જીવનમાંથી કોઈ પણ પાપને છોડી દેવા માટે શ્રેષ્ઠ વિકલ્પ એ જ છે કે પાપ પ્રત્યે ધિક્કારભાવ હંમેશા રહેવો જોઈએ. તેમજ પાપને છોડવાનો પુરુષાર્થ પણ શરૂ રાખવો જોઈએ.

✿ શરીરની કુટેવને કારણે જ થતાં નાનાં-મોટાં પાપ તો ગમે ત્યારે બંધ થઈ જશે, પરંતુ જે પાપો મનની આસક્તિને કારણે થાય છે એ પાપો તો મૃત્યુ આવશે ત્યાં સુધી ચાલુ રહેવાના. તેને નિર્મૂળ કરવા માટે સદ્ગુણી સંતોનો સમાગમ કરવો જોઈએ.
સમુહમાં અનેકની વચ્ચે રહેવાથી મનમાં ઉત્પન્ન થતાં પાપ કરવાના વિચારો શરીર સુધી આવતા જરૂર અટકી જાય છે. એટલે કે શરીરથી ભ્રષ્ટ થતા બચી જવાય છે; માટે એકાંતમાં રહેવું નહિ અને સૂવું નહિ.

✿ આજે તો માહિતીનું ક્ષેત્ર વિસ્તરતું જાય છે અને આચરણમાં શિથિલતા પ્રવેશતી જાય છે. આચાર અને વિચાર બન્ને જરૂરી છે. પક્ષી બે પાંખ હોય તો જ આકાશમાં ઊડી શકે છે, ઈલેક્ટ્રીકના પોઝિટિવ-નેગેટિવ બે વાયરો ભેગા થાય ત્યારે જ પ્રકાશ થાય છે. ઓક્સિજન અને હાઈડ્રોજનના સંયોજનથી જ જળ બને છે. — એ જ રીતે આચાર અને વિચાર બન્ને સમાજને ટકાવી રાખવા માટે જરૂરી છે.

✿ માણસ માત્ર કેવળ એટલું જ જાણી લે કે, 'બીજાને સુખ આપવાથી પુણ્ય થાય અને બીજાને દુઃખ આપવાથી પાપ થાય' તો પણ દુનિયામાંથી ૯૦ ટકા ગુનાઓ બંધ થઈ જાય.

✿ વાહનમાં પેટ્રોલ છલોછલ હોય, એક્સીલરેટર એકદમ વ્યવસ્થિત હોય, પરંતુ સ્ટીયરીંગ બરાબર ન હોય તો વાહન દોડે ખરું, પણ જે દિશામાં જવું હોય એ દિશામાં જઈ ન શકે. અરે ! સ્ટીયરીંગ બરાબર હોય, પણ બ્રેક ન હોય તો વાહન દોડે ખરું, ચોક્કસ દિશામાં ગતિ પણ કરે, પરંતુ જ્યાં અટકાવવું હોય ત્યાં અટકાવી ન શકાય અને તેથી અકસ્માત થાય....

✿ બસ એ જ રીતે યુવાનો પાસે તાકાત (પેટ્રોલ) અમાપ છે, તરવરાટ (એક્સીલરેટર) પણ જોરદાર છે, પણ એ યુવાનોની જીવનપદ્ધતિ જોતાં એમ લાગે છે કે એની પાસે વિચારોની સ્વસ્થતા (સ્ટીયરીંગ) જોઈએ તેવી નથી અને ક્યારે, ક્યાં અટકી જવું એનો સ્પષ્ટ વિવેક (બ્રેક) નથી અને તેથી એના જીવનમાં સર્જનને બદલે વિધ્વંસ વધુ દેખાય છે.

✿ નિયંત્રિત થયેલું નદીનું પાણી લાખો એકર સૂકી જમીનને લીલીછમ બનાવી દે, પણ અનિયંત્રિત નદીનું પાણી કદાચ હજારો લોકોને મોતને ઘાટ ઉતારી દે. — ટૂંકમાં કહેવાનું કે નવી પેઢી પાસે રહેલી તાકાત અને તરવરાટને સદ્ગુણી સંતો-ભક્તો પાસે રહેલા

વિચારો અને વિવેક મળી જાય તો એના જીવનનું સુંદર સર્જન થઈ શકે તેમ છે.

❀ એક ધનવાને અંધ યુવાન સાથે પોતાની કદરૂપી પુત્રી પરણાવી, એક વૈદ્ય દેખતાને સાજા કરતો હતો, પણ તેના સસરાએ ના કહી. અંધની વિનંતીથી વૈદ્યે આંખમાં દવા આંજી, તુરંત દેખતો થયો ! પત્નીને જોઈ ત્યાં તો ભયંકર કદરૂપી. તુરંત તેને છોડી દીધી – એ જ રીતે અંધ યુવકના સ્થાને આત્મા છે, કદરૂપી પત્નીને સ્થાને વાસના છે, એ કન્યાના બાપને સ્થાને મોહ છે. વૈદ્યના સ્થાને સત્પુરુષ છે અને ઔષધને સ્થાને સમજણ છે.

❀ ધરતી પર રહેતા માણસો જો ખરેખર પાપથી બીવા લાગે તો વ્યભિચાર બંધ થઈ જાય, બળાત્કાર બંધ થઈ જાય, ખૂન થતાં બંધ થઈ જાય, લાંચ લેવાતી બંધ થઈ જાય, ભ્રષ્ટાચાર બંધ થઈ જાય, ચોરી બંધ થઈ જાય, દારૂ-માંસનું ભક્ષણ બંધ થઈ જાય, શોષણ બંધ થઈ જાય અર્થાત્ રામરાજ્ય આવી જાય !

❀ દુર્ગંધ જેને નથી ગમતી એને ઉકરડો પણ નથી ગમતો, ગટર જેને નથી ગમતી એને ગંદવાડ પણ નથી ગમતો – પણ દુઃખદ આશ્ચર્ય જીવનમાં એ સર્જાયું છે કે આપણને દુઃખો બિલકુલ નથી ગમતાં, પરંતુ એ દુઃખો માટે આમંત્રણ પત્રિકારૂપ બની રહેતાં પાપ કરવાં તો ગમે જ છે !

❀ કૂતરાંઓની વચ્ચે રહેનારાઓએ સ્વબચાવ માટે લાકડી રાખવી જ પડે છે અને હિંસક પશુઓથી વ્યાપ્ત જંગલ વચ્ચે રહેનારે પણ સ્વબચાવ માટે શસ્ત્રો રાખવાં જ પડે છે – એ જ રીતે પાપ નિમિત્તોનાં સ્થાનોની આસપાસ રહેનારા પ્રત્યેક મુમુક્ષુઓએ પણ પોતાના સદ્‌ગુણોની રક્ષા માટે સંયમનું અને શરમનું શસ્ત્ર રાખવું જ જોઈએ.

❀ દોરડે બંધાયેલ ગાયને ગોવાળ જ્યાં લઈ જાય ત્યાં જવું જ પડે છે. સાંકળે બંધાયેલ હાથીને મહાવત જ્યાં લઈ જાય ત્યાં જવું જ પડે છે. બેડીએ બંધાયેલ કેદીને જેલર જ્યાં લઈ જાય ત્યાં જવું જ પડે છે – એ જ પ્રમાણે પાપી જીવાત્માને યમદૂતો જ્યાં લઈ જાય ત્યાં જવું જ પડે છે – માટે યમદૂતના મારથી બચવું હોય તો પાપ કરશો નહિ.

❀ દબાવવાથી મન બદલાતું નથી, આકર્ષણથી મન બદલાતું નથી, ભાગવાથી મન બદલાતું નથી, મરવાથી મન બદલાતું નથી. મન બદલાય છે એક માત્ર સારી અને સાચી સમજણથી. જ્યારે સાચી સમજણ પ્રાપ્ત થાય છે ત્યારે મને ઊભા કરેલા અનેક

પ્રકારના કલ્પનાના મિનારાઓ આપોઆપ તૂટી જાય છે.

❋ જિંદગીમાં કોઈ સારાં કાર્યો કદાચ ન કરી શકો તો કાંઈ નહિ, પણ જ્યાં ક્યાંય સારાં કાર્યો થતાં હોય ત્યાં એ કાર્યોનો વિરોધ કરવાનું પાપ તો ભૂલેચૂકેય પણ ન કરશો.

❋ જે જીવન કોઈનાં આંસુ લૂછી ન શકે, કોઈના મુખ પર સ્મિત પ્રગટાવી ન શકે અને કોઈના દુઃખમાં ભાગ ન પડાવી શકે એ જીવન તો પોતાને માટેય અભિશાપરૂપ બની જાય છે.

❋ જેમ ક્યારીમાં-કૂંડામાં રહેલ ઘાસ છોડને વધવા દેતું નથી— તેમ આપણાં જીવનમાં થતાં પાપ પણ પ્રભુની કૃપાને થવા દેતાં નથી; માટે સદ્‌ગુણી સંતોનો સમાગમ કરી પાપ કરવાં છોડી દેવાં જોઈએ.

❋ અલૌકિક પ્રભુકૃપા ભજન-ભક્તિ અને ધર્મ-નિયમનું પાલન કરવાથી પ્રાપ્ત થાય છે અને પાપ કરવાથી પ્રભુકૃપા જતી રહે છે; માટે પાપ ન કરવાં જોઈએ.

❋ ગંગાજીના જળને પવિત્ર અને ખારું થતાં અટકાવવાનો એક જ ઉપાય છે કે એને સાગરમાં જતું અટકાવવું – એ જ રીતે સદ્‌ગુણોને સલામત રાખવાનો પણ એક જ ઉપાય છે કે એને દુર્જનોની સોબતથી દૂર રાખવા.

❋ નશાબાજ દારૂડીયાને દારૂની બોટલ મેળવવામાં મળી જતી સફળતા આખરે તો એની દુર્ગતિનું જ કારણ બની રહે છે – તેમ પાપી માણસને પાપ કરવામાં મળી જતી સફળતા આખરે તો એની દુર્ગતિનું જ કારણ બની રહે છે.

❋ મંદીના સમયમાં ધન મેળવવા માટે ખૂબ મહેનત કરવી પડે છે, વાવાઝોડાના પવન વચ્ચે દીવાને જલતો રાખવામાં અતિશય સાવધાની રાખવી પડે છે – એ જ રીતે પાપનાં સ્થાનોની સમીપમાં રહીને પાપ થવા ન દેવું એમાં પણ અતિ સાવધ રહેવું પડે છે.

❋ શ્રીમંત બનવું હોય તો ધંધો કરવો અનિવાર્ય છે, વિદ્વાન બનવું હોય તો ભણવું જરૂરી છે, પહેલવાન બનવું હોય તો કસરતો કરવી જરૂરી છે – એમ મુક્ત બનવું હોય તો પાપ બંધ કરવાં પણ જરૂરી છે – અનિવાર્ય છે.

❁ યાદ રાખજો કે મનમાં વિચારોરૂપે રહી જતાં પાપ પણ જીવાત્મા માટે ખતરનાક સાબીત થતાં હોય છે, માટે તેને સદ્‌વિચાર વડે કાઢી નાખવાં જોઈએ, નહિતર ક્યારેક તે અનર્થકારી બને છે.

❁ સ્વિચ દેખાય છે અને લેમ્પ પણ દેખાય છે, પરંતુ સ્વિચ અને લેમ્પ વચ્ચે રહેલ દીવાલમાં ફીટ કરેલ વાયર કનેકશન દેખાતું નથી – એ જ રીતે આપણને પુરુષાર્થ દેખાય છે અને સફળતા પણ દેખાય છે, પરંતુ પુરુષાર્થ અને સફળતા વચ્ચે રહેલ પુણ્ય દેખાતું નથી. વાયરને કારણે પ્રકાશ થાય છે – તેમ પુણ્યને કારણે ભૌતિક સુખ મળે છે.

❁ કરોડપતિ બનવા ઈચ્છતો માણસ ક્યારેય પણ ભિખારીની સલાહ લેતો નથી; કારણ કે ધનવાન બનવા ઈચ્છતી વ્યક્તિએ ધનવાનોની જ સલાહ લેવી જોઈએ – એ જ રીતે ગુણવાન બનવા માટે ગુણવાનની જ સલાહ લેવી જોઈએ, પરંતુ દુર્જનની ન લેવી જોઈએ.

❁ ડૉક્ટરોની દુનિયામાં એવું કહેવાય છે કે મોટા ભાગના રોગો ખરાબ વાતાવરણને કારણે જ ઉત્પન્ન થતાં હોય છે – એ જ રીતે આધ્યાત્મિક જગતમાં પણ એમ કહેવાય છે કે, મોટા ભાગના લોકો ખરાબ સંગતને કારણે જ બગડતા હોય છે.

❁ કોઈક જગ્યાએ સળગી ઊઠેલી નાનકડી ચિનગારી પર પેટ્રોલ છાંટનારો હકીકતમાં નિર્દય કહેવાય છે – એ જ રીતે કુસંસ્કારોથી ગ્રસિત વ્યક્તિને વિષય ભોગની વાતો કહીને એના અંતરમાં બેઠેલી વાસનાને ઉત્તેજીત કરનારો પણ નિર્દય જ કહેવાય છે; કારણ કે તેના આત્મગુણોની એ કતલ કરનારો છે.

❁ કુસંગી લોકો તો લુંટારા કરતાં પણ ભયંકર છે, કારણ કે લુંટારા તો કેવળ ધન-દોલત જ લૂંટે છે, જ્યારે કુસંગીઓ તો સદ્‌ગુણોની લૂંટ કરી દિલની -પવિત્રતા ખતમ કરી નાખે છે અને અધોગતિના માર્ગે ઢસડી જાય છે.

❁ કોહિનૂર ડાયમંડ કરતાંય કીમતી એવા સદ્‌ગુણોને સાચવવા માગતા હો તો ગુંડા કરતાંય ભયંકર એવા ખરાબ મિત્રોથી પોતાની જાતને સતતત દૂર જ રાખજો.

❁ યાદ રાખજો કે પાપને અને દુશ્મનને કદી નાનો ન સમજવો જોઈએ. પૃથ્વીરાજ ચૌહાણ બારમી સદીમાં સત્તરવાર મહંમદ શાહબુદ્દીન ઘોરીને નાનો દુશ્મન સમજી

હરાવીને છોડી મૂકતા હતા. પૃથ્વીરાજને ફાંકો હતો કે, ‘ આ મગતરા જેવો મને શું કરી લેવાનો છે ? હું ભારતનો (દિલ્હીનો) સમ્રાટ છું. ’ પણ એક સમય એવો આવ્યો કે મહમદ ઘોરીએ પૃથ્વીરાજને હરાવી દીધો ને કેદ કરી અફઘાનિસ્તાન લઈ ગયો....

❁ એ જ રીતે આપણે માનતા હોઈએ કે, ‘ નાનું એવું પાપ આપણને શું કરશે ? એટલાથી શું થઈ જવાનું છે, એ તો ચાલે. ’ આવી ગાફલાઈ રાખીને નાનાં પાપનું પણ પોષણ કરીશું તો એક દિવસ તે પાપ આપણને જરૂર હરાવી દેશે. અર્થાત્ તે આપણા જીવને પોતાની કેદમાં કરી લેશે. પછી મન ઉપરથી આપણો કંટ્રોલ જતો રહેશે, તેના કારણે એક પછી એક પાપ જીવનમાં આવતાં જશે પછી જીવ નાદાર થઈને કેવળ જોયા કરશે, પણ તેનું કાંઈ ચાલી શકશે નહિ; માટે પાપને કદી નાનું ન સમજવું. જો નાનું સમજીને તેને આશરો આપીશું, એટલે મોટાં પાપો પણ અંદર આવી જશે અને જીવને અધોગતિના માર્ગે ઢસડી જશે.

❁ આપણા મનરૂપી ખેતરમાં પાપનો ફણગો ફૂટે એટલે તરત જ સતેજ થઈ જવું જોઈએ. પાપ પ્રત્યે બેદરકારી રાખીશું તો એક દિવસ પાપની જડ જામી જશે. નાનપણમાં નાની ચોરી કરનારો મોટી ઉંમરે મોટી ચોરીઓ કરતો થઈ જાય છે – તેમ શરૂઆતમાં નાનાં નાનાં પાપ કરનારો પણ એક દિવસ મોટાં પાપ કરતો થઈ જાય છે, માટે સાવધાન બની પાપની જડ કાપી નાખો.

❁ અજાણ્યા કૂતરા પાસે આપણે ઊભા રહીએ તો એ આપણને કરડીને ભાગી જાય, ખ્યાલ બહાર ગધેડાની પાસે ઊભા રહીએ તો એ આપણને લાત મારીને ભાગી જાય, પરંતુ દુર્જન સાથે દોસ્તી કરીએ તો આપણું આખું જીવન બરબાદ કરી નાખે અને પોતાના જેવો દુર્જન પણ બનાવી દે છે; માટે તેનાથી દૂર રહેવું જોઈએ.

❁ દુર્જનના સંગથી થતી નુકસાની તો ભરપાઈ થવી મુશ્કેલ છે; કારણ કે એ માત્ર શરીર જ નથી બગાડતો પણ મનનેય બગાડે છે. એ માત્ર આ લોક જ નથી બગાડતો, પણ પરલોક પણ બરબાદ કરી નાખે છે, એ માત્ર જીવન જ નથી બગાડતો, પણ મોતનેય બદતર કરી નાખે છે.

❁ બદબાદીના પંથે ચડી ગયેલા ભૂતકાળના કે વર્તમાનકાળના કોઈ પણ માણસને નજર સામે લાવો. ખરાબ સામગ્રી કરતાં એમાં તમને ખરાબ વ્યક્તિની સોબત વધુ જવાબદાર પરિબળ દેખાશે; કારણ બહુ સ્પષ્ટ છે : સામગ્રી અલ્પકાલીન હોય છે –

જ્યારે સોબત દીર્ઘકાલીન હોય છે. સામગ્રી મુંગી છે – જ્યારે સોબત બોલતી છે. સામગ્રી સ્વયં નિષ્ક્રિય છે – જ્યારે સોબત સક્રિય છે.

❀ દારૂ-માંસ વગેરે સામગ્રી ખરાબ હોય, વાતાવરણ પણ ખરાબ હોય, પરંતુ સંગ સારો હોય તો બચી જવું સહેલું છે; પણ સોબત જ ખરાબ હોય તો પછી સારી સામગ્રી અને સારા વાતાવરણ છતાં બચવું મુશ્કેલ છે : તેથી તો શાસ્ત્રો તથા સંતો કહે છે કે, 'ખરાબ મિત્રોનો સંગ છોડી દેજો અને સદ્‌ગુણી લોકોને મિત્ર બનાવજો.'

❀ પાપને નહિ અટકાવવાથી પાપ કરવાની આદત પડી જાય છે. પછી પાપ કોઠે પડી જાય છે. ઘણો સમય આમ ને આમ થતું રહે તો મનરૂપી ખેતરમાં પાપનાં ભોથાં જામી જાય છે. જે ખેતરમાં ભોથાં જામી જાય પછી તેમાં સારી ખેતી થઈ શકે નહિ, – એ જ રીતે મનરૂપી ખેતરમાં પાપનાં ભોથાં જામી જાય એટલે ભક્તિરૂપી પાક થઈ શકતો નથી.

❀ અનેક વર્ષોથી પડતર રહેલી જમીનને જ્યારે ખેડૂત ઉપયોગમાં લેવા ઈચ્છે છે ત્યારે સો પ્રથમ ખેતરમાં જામેલાં ઘાસનાં ભોથાં અને જાળાં-ઝાંખરાઓને દૂર કરે છે. વગડાઉ ઘાસની જડ કાઢવા માટે ખેતરમાં વેરાયેલા પથરા-ઈટાળા વગેરે દૂર કરે છે. ત્યાર પછી ખાડા-ટેકરા હોય તો તેને સમથળ બનાવી ખેતરને સરખું કરે છે, પછી વરસાદ થવા દે છે; કારણ કે જમીન પલળે નહિ ત્યાં સુધી હળ ચલાવી શકાતું નથી...

❀ આ દૃષ્ટાંતનો સિદ્ધાંત એ છે કે મનરૂપી ખેતર તૈયાર કરવા અનુભવી સદ્‌ગુરૂ સંતો કાળજી લે છે. ખેડૂતો તો પોતાના ખેતરોમાંથી સારો પાક લેવા આટઆટલી જહેમત લે છે – જ્યારે પરોપકારી મહાપુરુષો તો પારકાનાં પડતર ખેતરોને મહેનત કરીને ઉપજાવું બનાવે છે.

❀ આપણે વિચાર કરવાનો કે આપણું મનરૂપી ખેતર કેટલાક જન્મોથી પડતર છે ? એમાં કામ-ક્રોધાદિકનાં કેટલાં જાળાં જામી ગયાં છે ? ક્રૂરતાના કઠિન પથ્થરો કેટલા પડ્યા છે ? જે ખેતરની આવી સ્થિતિ હોય એમાં ખેતી શી રીતે થઈ શકે ? છતાં પણ મનરૂપી ખેતર તૈયાર કરવા સંતો સૌ પ્રથમ દુર્ગુણોનાં જાળાંને કાપે છે. ખેતરમાં દુર્ગુણોનું નાનકડું બીજ પણ ન રહી જાય એ માટે વૈરાગ્યની આગ લગાડે છે ને સ્વભાવની અકડાઈને દૂર કરે છે. સદ્‌બોધના જળથી મનરૂપી ખેતર પલળે છે, તેથી કોમળ બને છે.

❀ યાદ રાખજો કે દાવાનળ વચ્ચે સલામત રહેવું મુશ્કેલ નથી, વાવાઝોડાનાં તોફાન વચ્ચે હેમખેમ રહેવું કઠિન નથી, રોગચાળાના વાતાવરણમાં નીરોગી રહેવું મુશ્કેલ નથી, પરંતુ દુર્જન માણસની સોબતમાં રહીને સારા રહેવું કઠિન પણ છે અને અતિ મુશ્કેલ પણ છે.

❀ કોઈના જીવનમાં આરાધનાનો દીપક પ્રગટાવવા માટે તમારી શક્તિ હોય તો તેલ, દીવેટ, દીવાસળી, માચીસ કે કોડિયું, જે બની શકાય તે બનજો, પરંતુ ફૂંક જેવા બનીને કોઈની આરાધનાને બુઝાવી નાખવાનું પાપ ક્યારેય પણ કરશો નહિ.

❀ જુગાર રમનારાઓએ યુધિષ્ઠિર અને નળરાજાના પ્રસંગો યાદ રાખીને જુગાર રમવાનું છોડી દેવું જોઈએ, કારણ કે યુધિષ્ઠિર પોતાનાં પત્ની દ્રોપદીજીને જુગારમાં હારી ગયા હતા અને નળરાજા જુગારમાં પોતાનું રાજ હારી ગયા હતા અને વર્ષો સુધી જંગલમાં ભટકવું પડ્યું હતું.

❀ મનુષ્યના અસ્તિત્વ સાથે ઘણા પ્રકારની ભૂખ જોડાયેલી છે. એમાં પેટની ભૂખ રોટલીથી મટે છે, હૃદયની ભૂખ લાગણીથી મટે છે, મનની ભૂખ જ્ઞાનથી મટે છે અને આત્માની ભૂખ કથા-વાર્તાથી મટે છે.

❀ હસવા માટે ફક્ત પંદર સ્નાયુને પરિશ્રમ પડે છે, જ્યારે ક્રોધ ચડે છે ત્યારે તો ચાલીશ સ્નાયુને મહેનત પડે છે. થોડા સમયનો ક્રોધ ઘણીવાર વરસોનો પસ્તાવો મૂકતો જાય છે. મૂર્ખ પોતાના ક્રોધને ઓકી દે છે અને ડાહ્યો પોતાના ક્રોધને પી જાય છે. ઘણા પોતાના ઘરને મીલેટરીના કેમ્પ જેવું બનાવી દેતા હોય છે.

❀ સત્સંગની સાવરણીથી મનમાં જામી ગયેલાં જાળાંને સાફ નહિ કરીએ ત્યાં સુધી પૂર્ણ શાંતિ નહિ મળે. ઘણાં સમયથી બંધ પડેલ મકાન, એકવાર વાળવાથી સાફ થઈ જતું નથી. – તેમ ઘણા સમયથી અંતરમાં જામેલાં પાપનાં જાળાં પણ એકવાર સત્સંગ કરવાથી જતાં નથી.

❀ એક સંતે એક ગરીબ ભક્તને પારસમણિ આપીને કહ્યું : '' તું લોખંડની કોઠીમાં આ નાખજે એટલે તે કોઠી સોનાની થઈ જશે. પછી તું કોઠીને તોડી તોડીને વેચીને આજીવિકા ચલાવજે અને પરોપકાર કરજે.''

❀ પેલાએ પારસમણિ કોઠીમાં નાખ્યો, પણ કોઠી સોનાની ન થઈ ! તેથી સંતને જઈને વાત કરી. સંતે આવીને જોયું તો કોઠીમાં જામેલાં જાળાંમાં પારસમણિ અટવાઈ ગયો હતો, તેથી જાળાં સાફ કરીને નાખવાનું કહ્યું. – આ દ્રષ્ટાંતનો સિદ્ધાંત એ છે કે આપણી હૈયારૂપી કોઠીમાં પ્રભુને પધરાવવા માટે અનેક જન્મોથી જામી ગયેલાં પાપનાં જાળાંઓ કાઢવાં જ પડશે. – એ કાંઈ એક દિવસમાં જતાં રહે એવાં નથી. એને કાઢવા માટે સત્સંગીરૂપી સાવરણી અને હરિનામનું જાપટિયું લઈને મંડી પડીશું એટલે એક સમયે તે જરૂર સાફ થઈ જશે.

❀ પાપના વિચારો એ સાગના વનમાં અગ્નિની ચિનગારી સમાન છે. જો તેને તુરંત બુઝાવવામાં ન આવે તો સારામાં સારાં ઈમારતી લાકડાંને ભસ્મીભૂત કરી નાખે છે. – એ જ રીતે પાપભર્યા નાનકડા વિચારને ઉત્પન્ન થતાં જ દબાવી દેવા જોઈએ, નહિતર સદ્‌ગુણોરૂપી મોંઘા લાકડાંને બાળીને ભસ્મ કરી નાખે છે. અર્થાત્ સદ્‌ગુણોને દબાવી પાપ કરવાનું શરૂ થઈ જાય છે.

❀ મોરનાં પીછાં ખોસીને મોર દેખાવા પ્રયત્ન કરનાર કાગડો મોર દેખાઈ શકે છે, પણ મોર બની શકતો નથી. કદાચ બીજા તેને મોર તરીકે સ્વીકારે તો પણ એ પોતે પોતાનું કાગડાપણું ભૂલી શકતો નથી – એ જ રીતે કદાચ દંભથી મહાપુરુષ કહેવડાવનાર તેનો સમુદાય મુક્તાત્મા માને, પરંતુ તે પોતે જ અંદરથી સ્વીકાર કરી શકતો નથી.

❀ સ્વાદિયાં નર-નારીઓ શુદ્ધ કે અશુદ્ધ કાંઈ પણ જોતાં હોતાં નથી. ભક્ષ્ય કે અભક્ષ્ય, વેજીટેરીયન કે નોન-વેજ બધું જ ઝાપટી જતાં હોય છે. આવી ખાઉધરાવૃત્તિ શરીરને રોગગ્રસ્ત બનાવી દેતી હોય છે. આવાં લોકો ખાવાં માટે જ જીવતાં હોય છે, પણ જીવવાં માટે ખાતાં હોતાં નથી.

❀ તિજોરીમાં પથરા ન ભરાય એની અક્કલ માણસને હોય છે, ૫૦ લાખની ગાડીમાં કચરો ન ભરાય એની અક્કલ માણસને હોય છે, પાંચ કરોડના મહેલમાં છાણ ન ભરાય એની અક્કલ પણ માણસ ધરાવે છે – પણ પોતાના પેટમાં ગમે તેવું ન પધરાવાય એની અક્કલ માણસ પાસે નથી હોતી.

❀ રસાસક્તિને કારણે ઘણાં સત્સંગી સ્ત્રી-પુરુષો પણ શ્રીજી મહારાજે ના કહેલ છે, છતાં ડુંગળી-લસણ ખાતાં હોય છે. શરીર કચરાપેટી હોય એમ ઠાંસી-ઠાંસીને ખૂબ ખાતાં હોય છે અને એને કારણે શરીર પણ બગડતું હોય છે.

❁ ચિંતા કરવાથી અનેક પ્રકારના રોગ પણ થાય છે, તે માટે ચિંતાનું કારણ શોધી તેનો ત્યાગ કરી પ્રભુનું ચિંતન કરવું જોઈએ. ચિંતા કરનારના જીવનમાંથી આનંદ ઊડી જાય છે.

❁ સ્ત્રીઓ પ્રત્યે પાપનો પ્રવેશ બહુધા આંખ દ્વારા થતો હોય છે, તેથી શાસ્ત્રકર્તાઓએ દૃષ્ટિને કાબુમાં રાખવાનું કહ્યું છે. જેની આંખ કાબુમાં નથી તેનાથી આંખદ્વારા વધારે પાપ થવાની શક્યતા છે. ‘ પ્રભુને ભજો ને પાપને તજો.’ આ એક વાક્ય જો સમજાઈ જાય તો બેડો પાર થઈ જાય. ઘણા લોકો ભજન-ભક્તિ કરતા હોય છે, પણ પાપ છોડતાં નથી.

❁ હે ભક્તો ! વૈદ્યો ઔષધ કરતાંય પણ ચરી(પથ્ય) પાળવા ઉપર વધારે ભાર મૂકતા હોય છે. ઔષધ રોગ હરવાનું કામ કરે છે એ વાત સાચી છે, પણ ઔષધને પોતાની શક્તિ બતાવવાનું પ્લેટફોર્મ તૈયાર કરે છે ચરી. ચરી પાળે તો ઔષધ ઝટ અસર કરે છે, એમ પાપ છોડે તો ભગવાન જલ્દી રાજી થાય છે.

❁ ધજાની ફરકવાની દિશા નક્કી કરનાર પવન છે — એ જ રીતે મનની પ્રસન્નતા અને તનની આરોગ્યતા નક્કી કરનાર કોઈ પરિબળ હોય તો તે આપણું પુણ્યકર્મ છે. શરીરની બધી જ શોભા ચામડીથી બંધાયેલી છે — એમ સંસારની બધી જ શોભા પુણ્યથી બંધાયેલી છે. ગયા જન્મમાં કરેલાં પુણ્યને કારણે અત્યારે તમામ પ્રકારની સુખ-સગવડ અને સામગ્રીઓ ઉપલબ્ધ છે. એ તમામનો ઉપયોગ આપણે પુણ્ય વધારવા કરી રહ્યા છીએ કે પાપ વધારવા એનું આત્મનિરીક્ષણ કરવું જોઈએ.
માણસ ત્રણ પ્રકારે પાપ કરે છે. તનથી, મનથી અને વાણીથી. તનથી તો અનેક પ્રકારનાં સ્થૂળ પાપ થાય છે, મનથી પણ અનેક પ્રકારનાં સૂક્ષ્મ પાપ થતાં હોય છે અને વાણીથી એ બન્ને કરતાં ઓછાં પાપ થતાં હોય છે.

❁ ચિતા અને ચિંતા આ બન્ને શબ્દનો અનુસ્વારથી અર્થ બદલાઈ જાય છે, જો કે કામ બન્નેનાં સરખાં જ છે. બન્ને બાળવાનું જ કામ કરે છે. ચિતા મરેલાને બાળે છે, જ્યારે ચિંતા તો જીવતાને બાળે છે ! ક્યાંય શાંતિ લેવા દેતી નથી.

❁ માનસિક ટેન્શનના કારણે ૭૦ થી ૮૦ ધબકારાની ઝડપે ધબકતું હૃદય ૧૦૦ થી ૧૫૦ ની ઝડપે દોડવા લાગે છે. લોહીનું દબાણ (બી.પી) ૧૨૦ કે ૧૩૦ થી વધીને ૨૦૦ની સપાટીએ પહોંચી જાય છે. હૃદયની ધમનીઓમાં તાણ આવવાને લીધે

હૃદયરોગના હુમલાની શક્યતાઓ વધી જાય છે તેમજ આંતરડાંમાં તાણ આવવાથી પાચનક્રિયા પણ બગડી જાય છે, માટે ચિંતા છોડી દેવી જોઈએ.

❀ જે ક્રોધાગ્નિને આપણે બીજા માટે પ્રજવલીત કરીએ છીએ એ એના કરતાં આપણને વધારે બાળે છે. એટલે કે આપણી માનસિક શાંતિ નાશ પામે છે; આ મારો નિજ અનુભવ છે. ક્રોધ કરવાથી ન બોલવાનું બોલાઈ જાય છે. ક્રોધ કરવાથી એસિડિટી ને અલ્સર જેવા રોગ પણ થાય છે.

❀ ક્રોધ આગ સમાન છે. આગને તરત જ ઠારવી પડે, નહિતર ઘર-માલ-મિલકત બધું રાખ થઈ જાય છે – એ જ રીતે ક્રોધને પણ તત્કાળ ઠારવો પડે, અર્થાત્ કાબુમાં લેવો પડે, નહિતર અંતરના સદ્‌ગુણોને બાળીને ખાખ કરી નાખે.

❀ અપેક્ષાવૃત્તિનો આગ્રહ અને અહંકાર આ બન્ને વૃત્તિ ક્રોધને જન્મ આપે છે. ક્રોધ મુશ્કેલીઓને નોતરે છે, જ્યારે અહંકાર મુશ્કેલીઓની સ્થાપના કરે છે.

❀ કોઈ પણ નાનાં-મોટાં પાપ કરતાં અંદર દુઃખ થાય તો સમજવું કે આપણે પાપભીરુ છીએ. 'ખટકે તે અટકે' એ ન્યાયથી (ડરથી) એક દિવસ પાપ કરવાનું છોડી દેશું અથવા છૂટી જશે.

❀ મનમાં એક ખરાબ વિચાર આવે એટલે પાપકર્મ કરવાનો વિચાર ચિત્તને ઘેરી લે છે. પછી તે વિચાર પાપ કરાવે છે. પુણ્ય કરવા મોટા ભાગે મનને મનાવવું પડે છે, જ્યારે પાપ કરવા તો મોટા ભાગે એ તૈયાર જ થઈ જાય છે !

❀ એક વાત યાદ રાખજો કે, એક પાપ અનેક પાપોને નોતરી લાવે છે. બીજાં અનેક પાપોની જનેતા બને છે. જેમ જંગલમાં હરણાંઓ સિંહને જોઈને ભાગી જાય છે – તેમ સજ્જન લોકોએ પણ પાપનાં સ્થાનોને અને પાપનિમિત્તોને જોઈ ત્યાંથી ભાગી જવું જોઈએ.

❀ પાપ કરનાર વ્યક્તિને તે પાપની સજા આ જન્મે અથવા તો બીજા જન્મમાં અવશ્ય ભોગવવી પડે છે, માટે પાપથી ડરતા રહેવું જોઈએ. પાપ કરનારનું મન હંમેશાં ઉદ્વેગ ભરેલું રહેતું હોય છે અને પુણ્ય કરવાથી મનમાં આનંદ થતો હોય છે.

❁ પાપની સ્મૃતિ રાત્રે નિદ્રા પણ લેવા દેતી નથી. પાપ કરનારનાં અંતરમાં સતત બેચેની રહેતી હોય છે. પાપનો ડંખ શાંતિથી જીવવા દેતો નથી. પાપી અંદરથી સતત ગભરાયેલો હોય છે. શાંતિ તો પાપથી સો ગાઉં દૂર ચાલી જાય છે; માટે ડાહ્યા લોકોએ પાપ ન કરવાં જોઈએ.

❁ હાસ્ય એ એક પ્રકારનું ઔષધ જ છે; કારણ કે ટેન્સનને દૂર કરવાની એનામાં શક્તિ રહેલી છે. હાસ્ય એટલે જીવનની તાજગીનું થર્મલ સ્ટેશન. હાસ્ય દરેકને હળવાશ, સ્ફૂર્તિ અને પ્રસન્નતા પ્રદાન કરે છે. હાસ્ય થાકેલાને આરામ આપે છે.

❁ આરોગ્ય માટે જેટલું હસવું જરૂરી છે, એટલું રડવું પણ જરૂરી છે. આજે આપણાં હૃદય અને મગજ એટલાં ભારે થઈ ગયાં છે કે આપણે હસવાનું અને રડવાનું બન્ને બંધ કરી દીધું છે. હસવું આવે તો હસવું જોઈએ, તેનાથી ફેફસાં ખૂલી જાય છે અને રડવું આવે તો રોઈ લેવું જોઈએ, તેનાથી હળવા થઈ જવાય છે અને આંખો પણ સાફ થઈ જાય છે. પણ વિડંબના એ છે કે આપણે હાસ્ય કાં તો ફેફસામાં બંધ કરી રાખ્યું છે, કાં તો કોઈ બેંકમાં એફ.ડી. કરાવીને રાખ્યું છે.

❁ જેનો હસમુખો જ સ્વભાવ હોય છે, તેની પાસે ચિંતા નામની ચૂડેલ આવી શકતી નથી, ક્રોધ નામનો શેતાન દૂર જ રહે છે, અહંકાર નામનો અસુર અંદર પ્રવેશ કરી શકતો જ નથી. માન નામના મામા (જીનાત) ને પાસે આવવાની ઈચ્છા જ થતી નથી અને ડિપ્રેશન નામના દાદા સદા દૂર જ રહે છે.

❁ કોઈમાં ઘણા ગુણો હોય અને બે-ચાર અવગુણ હોય અને તેની અવજ્ઞા કરવી એ તો પોતાના જ જીવનવિકાસની અવજ્ઞા કરવા બરાબર છે. બીજાના દોષોને વખોડવામાં માણસ જેટલો સમય કાઢે છે – એટલો સમય એ દોષો પોતામાં ઘુસી ન જાય એની તકેદારી રાખવામાં કાઢે તો મનુષ્યદેહ સફળ બની જાય, એમાં લેશ માત્ર શંકા નથી.

❁ પાપને ધાર્મિક જીવનમાં ક્યારેય પણ સ્થાન ન આપવું. અંદર છુપાયેલ શેતાનને દૂર કરવા મનની ખરાબ ઈચ્છાઓને દૂર કરવી. પૃથ્વીના પટ પરથી આપણે પાપનો પહાડ ખસેડવામાં સહાયભૂત ન બની શકીએ તો કાંઈ નહિ, પરંતુ આપણું પાપમય જીવન વિતાવી તેમાં ઉમેરો તો ન જ કરીએ.

❁ 'પાપ કરવાથી ભવિષ્યમાં ખૂબ દુઃખો ભોગવવાં પડે છે, માટે પાપ ન કરવાં,' આ

વાક્ય આપણે હજારો વાર સાંભળ્યું હોય, આંખોથી વાંચ્યું હોય અને જીભેથી બોલ્યા પણ હોઈએ અને છતાંય પણ જીવનમાં પાપ કરવાનું શરૂ જ હોય તો માની લેવું કે જીવનમાં હજુ સમજણ આવી નથી.

❀ સાપ કરડે તો મરી જવાય એવું ભલેને આપણને વાયા-વાયા કોઈકની પાસેથી સાંભળવા મળ્યું છે, પણ આપણને એ વચન પર શ્રદ્ધા બેસી ગઈ છે. અને એ વચનના આધારે સાપ આગળ જવાનું કે સાપ આગળ ફરકવાનું પણ આપણે બંધ કરી દીધું છે – જ્યારે પાપ કરવાની દુર્ગતિમાં જવું પડે એવું શાસ્ત્રો ને સંતો દ્વારા સાંભળવા મળ્યું છે, તો પણ આપણે સતત જાતજાતના તર્કો ઉડાવતા રહીએ છીએ અને બે-રોક ટોક પાપ કરવાનું ચાલુ રાખીએ છીએ.

❀ ગયા જન્મનાં પુણ્યના કારણે પૈસા મળે છે અને એ જ પૈસાથી જે પાપ કરે તો તો તે માણસ સુખના સમયમાં દુઃખોને આમંત્રણ આપવાની બેવકુફી કરી રહ્યો છે. અનુકૂળતાના ભોગવટામાં પ્રતિકૂળતાઓનું જ રિઝર્વેશન કરાવી રહ્યો છે. આમાં આપણો નંબર આવતો હોય તો જલ્દી પાછું વળી જવું જોઈએ.

❀ જીવનરૂપી નદીમાં નિંદારૂપી કચરો ક્યારેય પણ ન નાખવો જોઈએ, જીવન નદીને નિંદાના કચરાથી ગંદી થવા ન દેવી જોઈએ. કોઈની નિંદા કહેવી એ વિષ્ટા ચૂંથી કહેવાય છે. નિંદાનું જેને વ્યસન પડી ગયું હોય છે, એ ક્યારેય નિંદારૂપી ખાડામાંથી બહાર નીકળી શકતો નથી; કારણ કે તેને મઝા આવતી હોય છે.

❀ સમય એ એવી સમૃદ્ધિ છે કે તે દરેક માણસો પાસે હોય છે. રોજના ૨૪ કલાક, એની ૧૪૪૦ મિનિટો અને ૮૬૪૦૦ સેકંડો ! આ સમયનો આપણે કેવી રીતે ઉપયોગ કરીએ છીએ એનું ગણિત માંડવું જોઈએ. ઘરમાં કે કાંડા પર ઘડિયાળ રાખ્યું હોય તો તેના ચક્રોની ગતિ સાથે આપણા જીવનનો ચાલ મેળવીને અમૂલ્ય સમયનો સદુપયોગ કરવો જોઈએ; કારણ કે સમય અને ભરતી-ઓટ કોઈની રાહ જોતા નથી.

❀ નિંદા કરવી ખરાબ છે – તેમ નિંદા સાંભળવી પણ ખરાબ છે. ઘણા નિંદા કરતા હોતા નથી, પણ નિંદા સાંભળવાની તો એને મજા આવતી હોય છે. સમાજમાં જો નિંદા સાંભળનારા જ ન હોય તો નિંદકો કોની આગળ નિંદા કરશે ? લાકડાં જ જો ન મળે તો આગ એની મેળે જ શાંત થઈ જાય છે – તેમ નિંદા સાંભળનાર જ ન હોય તો નિંદકો એની મેળે શાંત થઈ જાય છે, માટે નિંદા સાંભળવી પણ નહિ.

❊ એક બીડીપીવાથી વ્યસની માણસનું આયુષ્ય છ મિનિટ ઓછું થાય છે. તમાકુમાં આવતું નિકોટીન ઝેરનાં કારણે તંદુરસ્તી બગડે છે. વ્યસન મિત્ર બનીને શરીરમાં પ્રવેશ કરે છે અને શત્રુ બનીને આરોગ્યનું અપહરણ કરે છે.

❊ બીજાઓની અંદર કામ-ક્રોધાદિક પડેલાં હોય છે, પણ એને જાગ્રત કરવામાં આપણે જો નિમિત્ત બનીએ તો તે દોષના ભાગીદાર આપણે પણ બનીએ છીએ, માટે નિમિત્ત ક્યારેય પણ ન બનવું.

❊ રૂની અંદર દબાયેલી આગ કરતાંય વધુ ખતરનાક અંતરમાં ધરબાયેલ પાપ છે. પુણ્યનો ઉદય હશે તો એને આપણે થોડો સમય સુધી પ્રગટ થતું અટકાવી શકીશું, પણ જ્યારે પુણ્યોદય વિદાય થશે તુરંત પ્રગટ થતું પાપ આપણી હાલત એવી બગાડી નાખશે કે એની આપણે કલ્પના નહિ કરી હોય.

❊ નીતિથી ધંધો કરવા જતાં માર જ ખાવો પડે, આવી માન્યતા આજના કાળે કોના મનમાં ઘર નથી કરી ગઈ એ પ્રશ્ન છે. સમાજનો બહુજનવર્ગ અનીતિ કરે છે એમ નહિ, પણ અનીતિ કર્યા વિના ચાલે જ નહિ એ જે માનતો થઈ ગયો છે એ ભારે ખતરનાક પરિણામ છે.

❊ આજના કાળની કોઈ મોટામાં મોટી વિષમતા હોય તો તે આ છે કે એણે લોકોને પાપમાં જોડ્યા છે એમ નહિ, પણ અનેક લોકોના દિલમાંથી પાપની સૂગ સર્વથા ઉડાડી દીધી છે !

❊ પૈસા બનાવવા હોય તો અનીતિ કરવી જ પડે. બધાને દાબમાં રાખવા હોય તો ગુસ્સો કરવો જ પડે. સમાજમાં પ્રતિષ્ઠા જમાવવી હોય તો કાવાદાવા કરવા જ પડે. ઉઘરાણી પતાવવી હોય તો ગાળો બોલવી જ પડે. આવી માન્યતા ધરાવનારા સમાજમાં મોટા ભાગના માણસો છે !

❊ કામવાસના આ સંસારનો સૌથી મોટો રોગ છે. તે માણસના શરીરને અંદરથી જ ખોખલું કરી નાખે છે. ‘ નવરું મન શેતાનનું ઘર ’ આ કહેવત મૂજબ તન અને મનને પ્રવૃત્તિમાં ન રાખીએ તો તે વિષયના સંકલ્પો કર્યા કરે છે અને અંતે ભ્રષ્ટ પણ કરી નાખે છે.

❀ કામશત્રુ મહેલમાં છુપાઈને બેઠો છે. તક મળે એટલે તરત જ બહાર આવશે અને ચારિત્ર્યરૂપી ખજાનાને એવી નિર્દયતા પૂર્વક લૂંટશે કે જીવનભરની સદગુણરૂપી કમાણી ઉપર પાણી ફરી વળશે; માટે વિષયોના નિમિત્તો જ્યાં હોય ત્યાંથી દૂર જ રહેવું. એકાંતમાં સ્ત્રીઓ સાથે ક્યારેય રહેવું નહિ, તેણીનો સ્પર્શ થાય એ રીતે તેની બાજુમાં બેસવું નહિ. ખરાબ સંકલ્પ થાય તો પ્રભુને પ્રાર્થના કરવી અને ઉચ્ચ સ્વરે સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરતાં કરતાં તે સ્થાન છોડી બીજે જતું રહેવું.

❀ ઉપવાસનો શબ્દાર્થ નિકટ બેસવું – વાસ કરવો એવો થાય છે. ઉપવાસ, ઉપાસના અને ઉપનિષદ એ ત્રણેયનાં શબ્દાર્થ એક થાય છે. એમાં ભગવાનની નજીક રહેવાનો અર્થ સમાયેલો છે. જેમ કે શરીરને અન્ન ન આપીએ તો ઈન્દ્રિયો શાંત થઈ જાય છે અને મન પ્રભુમાં પરોવાય છે....

❀ ઉપાસના એટલે કે શાંત થઈને પ્રભુ-સ્મરણ, ચિંતન પ્રાર્થના વગેરે કરીએ ત્યારે પ્રભુની નજીક પહોંચ્યાનો અનુભવ થાય છે અને જેમાં પરમાત્માની નજીક લઈ જનારો ઉપદેશ છે તેને ઉપનિષદ કહેવામાં આવે છે.

❀ ઉપવાસ એ માત્ર ધાર્મિક અનુષ્ઠાન જ નથી, આરોગ્યનું અકસીર ઔષધ પણ છે. તાવ, દમ અને બ્લડપ્રેશર જેવા રોગોમાં ઉપવાસ લાભદાયી છે. ઉપવાસ કરવાથી પુણ્ય મળે છે, મહારાજ રાજી થાય છે અને દૈહિક ફાયદાઓ પણ થાય છે. આંતરડાંઓને આરામ મળે છે, વિષયો પ્રત્યે સંયમ રહે છે. પાચનતંત્રના અવયવોને આરામ મળે છે. પાચનશક્તિ સારી થાય છે, તેથી શરીર તંદુરસ્ત રહે છે.

❀ એકાંત અને અંધારું યુવાનવયનાં સ્ત્રી-પુરુષોને કુટેવ પડાવે છે. મનની વૃત્તિ વિકૃત બને છે, માટે તેનાથી બચવું જોઈએ. છિદ્ર એ પાણી માટે આમંત્રણનું કારણ બની રહે છે, અંધકાર એ ચોર માટે આમંત્રણનું કારણ બની રહે છે, અપેક્ષા એ દુઃખ માટે આમંત્રણનું કારણ બની રહે છે – એ જ રીતે એકાંત એ વ્યભિચાર માટે આમંત્રણનું કારણ બની રહે છે. સૌની હાજરીમાં ભજન કરવું સહેલું બની જાય છે – તેમ એકાંતમાં પાપ થઈ જવું સહેલું બની જાય છે, માટે સાવધાન!!

❀ આપણા મનમાં સારા વિચારો સારું વાંચન કરવાથી આવે છે અને તેથી સારા માણસ બની શકાય છે. જો નવા વિચારો મેળવવાની ઈચ્છા હોય તો સદ્વાંચન કરવું જ પડેશે. સારું સાહિત્ય મહાન બનવામાં મદદ કરે છે, જ્યારે ખરાબ સાહિત્યનું વાંચન

કુસંસ્કારોને ઉત્તેજીત કરે છે. માટીના હાંડલામાંય પણ માણસ નકામા પથરા નથી ભરતો, તો પછી આપણું મગજ શું હાંડલા કરતાંય હલકું છે કે જે આવે તે એમાં ભર્યા કરવું ? સારું વાંચન સદ્ગુણોને ખેંચી લાવે છે સદ્સાહિત્ય યુવાનીમાં દિશા બતાવે છે, વૃદ્ધાવસ્થામાં આનંદ આપે છે, એકાંતમાં આશ્રય આપે છે અને જીવન ભાર વિનાનું હળવું બનાવે છે.

જેઓએ પોતાનું જીવન વાસી ન બનાવવું હોય તો તેણે દરરોજ ધાર્મિક વાંચન અવશ્ય કરવું જોઈએ. તેનાથી કાર્ય-અકાર્ય જ્ઞાન થાય છે અને જીવન તાજું રહે છે.
ભૌતિક વિકાસ માટે ખૂબ પુરુષાર્થ કરવો પડે છે, એ જ રીતે આધ્યાત્મિક વિકાસ માટે પણ પુરુષાર્થ કરવો પડે છે. પુરુષાર્થ વિનાનું પ્રારબ્ધ પાંગળું (લૂંલૂં) છે. પુરુષાર્થનો ત્યાગ કરનાર આળસુ બની જાય છે. પ્રારબ્ધની રાહ જોઈને બેસી રહેનારા જીવનમાં કોઈ ઉન્નતિ કરી શકતા નથી. ખેડૂત અનાજ વાવવા જ ન જાય અને એમ કહે કે, ‘ નસીબમાં હશે તો મળી જશે.’ તો શું દિવાળીએ એના ઘેર અનાજના ઢગલા થઈ જશે ? નહિ જ થાય.

મૈત્રી એ એવો સૂર્યપ્રકાશ છે કે જીવનરૂપી પુષ્પને ખીલવવામાં તે મદદરૂપ થાય છે. મિત્રતા એ એવું ઝાંકળ બિંદુ છે કે જે જીવન પુષ્પને તાજગી અને સૌંદર્ય આપે છે. જે સુખમાં નહિ, પણ દુ:ખમાં ભાગ પડાવે એ જ સાચો મિત્ર છે. દાનેશ્વરી કર્ણે
પોતાના મિત્ર દુર્યોધન માટે પોતાના પ્રાણ પણ અર્પણ કરી દીધા ! છતાં લોકોમાં તેની મૈત્રીની પ્રશંસા થતી નથી, કારણ કે મિત્ર કરવામાં તેણે ભૂલ કરી હતી; માટે સજ્જન મિત્ર કરવા જોઈએ. ‘ કૃષ્ણ સુદામા અને રામ સુગ્રીવની મિત્રતા શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. ’ સ્વાર્થી મિત્રને છોડી દ્યો. વ્યસની મિત્રનો ત્યાગ કરી દ્યો. દુર્જન મિત્રનો તત્કાળ ત્યાગ કરી દ્યો. સારા મિત્રો બનાવવાથી માણસ સારો બની જાય છે અને ખરાબ મિત્રો બનાવવાથી માણસ ખરાબ બની જાય છે.

મનુષ્યોનાં સત્કર્મો ફળ આપવાં તૈયાર થયાં હોય ત્યારે માણસને અનુકૂળતા પ્રાપ્ત થતી હોય છે. અને દુષ્કર્મો ફળ આપવાં તૈયાર થયાં હોય ત્યારે પ્રતિકૂળતા પ્રાપ્ત થતી હોય છે. કર્મોનાં શુભ કે અશુભ સ્તરમાં પરિવર્તનો આવ્યાં કરતાં હોય છે. કાપડ જેમ ઊભા અને આડા તાંતણાંનું વણેલું છે – તેમ જીવન પણ સારાં અને નરસાં કર્મોનાં સ્તરનું બનેલું છે, માટે જીવનમાં સુખો અને દુ:ખો બન્ને આવશે જ.

શરીર કર્મનું બંધારણ છે, એટલે શરીરે કર્મના અટળ નિયમોને અનુસરવું પડે છે.

શરીરના લેણ-દેણના સંબંધો હોય ત્યાં સુધી એ ટકી રહે છે અને કર્મના સંબંધો પુરા થાય તે ક્ષણે જીવ, ધારણ કરેલ દેહરૂપી ખોળિયાને છોડી દે છે. જીવ, શરીર દ્વારા પ્રારબ્ધ કર્મોને ભોગવે છે. જીવના અનંત જન્મોનાં કર્મો કર્મબેંકમાં જમા થયેલાં છે. તેથી તેનો સમય પાકે ત્યારે તેનું ફળ મળે છે.

❋ બોલવું એ એક કળા છે. હોઠોની પાંદડી વચ્ચે શબ્દોની એવી કુંપળો ફૂટે કે જે ફૂલઝર બનીને સામી વ્યક્તિના અસ્તિત્વને આનંદથી ઓળઘોળ બનાવી દે છે. આપણા આદિ ગુરુદેવ મુક્તાનંદ સ્વામીમાં આ કળા સાંગોપાંગ હતી. વાણી એવી બોલવી જોઈએ કે બીજાના દિલને વીંધે નહિ. કટુ શબ્દોના કાંટા કે અળખામણી વાતોના બાવળ તો આપણી જીભ પર જલ્દી ઉગી નીકળે છે, પણ મીઠાં શબ્દોનાં ફૂલ તો માવજત કરીને ખીલવવાં પડે છે. મધુર વાણીને કારણે વ્યવહારમાં ઘણા લાભ થાય છે.

❋ સંસ્કારોના છોડ સારા વિચારોથી રોપાય છે. આપણી જિંદગીનો આકાર આપણા વિચારોથી ઘડાય છે. જીવનને તંદુરસ્ત રાખવું હોય તો શુભ વિચારો પાયાની ઈંટ જેવું કાર્ય કરે છે. જેવા વિચારો આપણે વાવીએ, ટોપીએ, પોષીએ અને ઉછેરીએ તેવો છોડ મનમાં ઊગે છે. સારા વિચારો લાવવા માટે સારું વાંચન, સારો સંગ, સારું વાતાવરણ અને સારા સંતનો સમાગમ જરૂરી છે.

❋ ક્રોધને ક્ષમાથી અને માનને નમ્રતાથી જેમ જીતી શકાય છે – તેમ કુવિચારોને સુવિચારોથી જીતી શકાય છે. સારા વિચારો તો આપણા આંતરિક સૌંદર્યની નિશાની છે. જેના મસ્તિષ્કમાં સુવિચારોનાં રત્નો ભરેલાં છે, એ સૌથી ધનવાન છે. સારા વિચારો શ્રેષ્ઠ મિત્ર છે, માટે હંમેશાં અધ્યાત્મ વિચારો કર્યા કરવા જોઈએ.

❋ અહિંસા સૌથી મોટો ધર્મ મનાય છે, માટે કોઈ પણ નાનાં-મોટાં જીવ-જંતુની હિંસા કરવી ન જોઈએ. જીવન જરૂરિયાત સાબુ, ટૂથપેસ્ટ, સૌંદર્ય-સાધનો, દવાઓ વગેરે ચરબી વિનાનાં હોય એનો જ ઉપયોગ કરવો જોઈએ; નહિતર વાપરનારને પણ દોષ લાગે છે. સ્ત્રીઓએ શાકભાજી, મસાલા અને અનાજ બરાબર સાફ કરીને જ ઉપયોગ કરવો જોઈએ, નહિતર તેને પણ પાપ લાગે છે.

❋ સ્વચ્છતાની ટેવ નાનપણથી જ પાડવી જોઈએ. આના માટે માતા-પિતા, વડીલો કે શિક્ષકોએ પુરતી તકેદારી રાખવી જોઈએ. શરીર એ આત્માનું નિવાસ સ્થાન છે, તેથી તેને ચોખ્ખું રાખવું જોઈએ. રોગોથી શરીરને બચાવવા માટે પણ સ્વચ્છતા રાખવી

જોઈએ. ઘણાં મંદિરોમાં પણ એટલી ગોબરાઈ હોય છે કે અંદર બેઠેલા ભગવાન પણ અકળાઈ જતા હશે.

❁ માંસ ખાનારાઓની સરખામણીમાં શાકાહારીઓમાં હૃદયની બીમારીઓનું જોખમ ૩૦ ટકા ઓછું હોય છે. કેન્સરમાં ૪૦ ટકા ઓછું હોય છે. માંસાહારને હવે વિજ્ઞાનનો ટેકો નથી અને મેડિકલ સાયન્સ પણ શાકાહારની જ તરફેણ કરે છે, માટે માંસ-મચ્છી કે ઈંડાં ખાવાનો સંકલ્પ પણ ન થવા દેવો; કારણ કે અધ્યાત્મ દૃષ્ટિએ અને શારીરિક દૃષ્ટિએ માંસ ખાવાનો નિષેધ છે. માંસ ખાવાથી અતિશય પાપ તો લાગે જ છે, પણ શરીરમાં અનેક પ્રકારના રોગ પણ થાય છે.

❁ માંસાહાર કરનારાઓએ ક્યારેક કતલખાનામાં જઈને ત્યાં થતી પ્રાણીઓની કતલ જોવી જોઈએ અને પ્રાણીઓ તરફ કરાતી ક્રૂરતાં અંગેની ફિલ્મ પણ જોવી જોઈએ. આવાં દૃશ્યો જોવાં છતાંય પણ માંસાહાર કરવાની ઈચ્છા થાય તો માની લેવું કે, ‘ હું માણસ નથી, પણ હિંસક જાનવર છું.’

❁ પ્રત્યેક સવારનો સૂરજ આપણા જીવનમાંથી એક ટુકડો તાણી જઈને મૃત્યુને આપે છે; માટે મૃત્યુ આવે એ પહેલાં મુક્તિ માટેનાં સાધનો કરી લેવાં જોઈએ. કંસ અને પરીક્ષિત બન્નેને પોતાના મૃત્યુનો ખ્યાલ આવી ગયો હતો; પણ કંસે ભયભીત થઈને જીવન વેડફી નાખ્યું અને પરીક્ષિતે ભજન કરી જીવન સાર્થક કરી લીધું; માટે આપણે પણ પરીક્ષિત રાજાની જેમ ભજન કરી મુક્તિ મેળવી લેવી જોઈએ.

❁ બેઠાડું જીવન રોગ અને આળસને આમંત્રણ આપે છે. તેનાથી શરીરમાં જે ઝડપથી લોહી વહેવું જોઈએ તે વહેતું નથી, માટે પ્રદક્ષિણા કરવી જોઈએ, દંડવત્ કરવા જોઈએ, સેવા કરવી જોઈએ, કસરત કરવી જોઈએ, ચાલવા જવું જોઈએ.

❁ ભૂખ વિના ખાવું નહિ અને ભૂખ હોય એટલું પણ ખાવું નહિ. આ બે બાબતમાં સાવધાન બની જઈએ તો પેટ ચોક્કસ રાહતનો દમ ખેંચીને સ્વસ્થ બની જાય છે. રાત્રી ભોજન શરીર માટે નુકશાનકારક છે; કારણ કે શરીરની સ્વસ્થતાનો સંબંધ સૂર્ય સાથે પુષ્કળ પ્રમાણમાં છે. ભરબપોરે પાચક રસો પૂરતાં પ્રમાણમાં ઝરતા હોવાથી બપોરનું ભોજન શ્રેષ્ઠ કહેવાય છે.

❁ પર્વત પર જવાના રસ્તો ઓવાળો નકશો હાથમાં હોવો અલગ વાત છે અને પર્વત

પરના એ રસ્તાઓ પર જઈને આવવાનો અનુભવ હોવો એ જુદી વાત છે – એમ શાસ્ત્રોનું કેવળ જ્ઞાન હોવું એ જુદી વાત છે અને એ પ્રમાણે આચરણ હોવું એ જુદી વાત છે. આચરણ વિનાનું જ્ઞાન એ પોપટીયું જ્ઞાન છે.

❁ પ્રામાણિક માણસનું જીવન હંમેશા સંતોષી હોય છે. મહેનત કરીને થાકી જનારો પ્રામાણિક માણસ જે શાંત નિદ્રા લઈ શકે છે, એવી નિદ્રા અનીતિથી લાખો રૂપિયા કમાનારો નથી લઈ શકતો. પ્રામાણિકતા એ શાંત સરોવર છે અને અનીતિ એ સપાટી ઉપરના પરપોટા છે. દેખાવમાં સારા, પણ ફૂટતાં વાર ન લાગે.

❁ કાટ લોખંડને ખલાસ કરી નાખે છે – તેમ આળસ પણ જીવનને ખલાસ કરી નાખે છે. જેમ જેમ આળસ વધતી જાય છે – તેમ તેમ બુદ્ધિને કાટ લાગતો જાય છે. આળસ જીવતા માણસની કબર છે. આળસને કારણે જીવનનું લક્ષ્ય ભુલાઈ જાય છે. આળસુને ક્યારેય સમયની કિંમત સમજાતી નથી. આળસ એ અમાસ છે અને પુરુષાર્થ એ પૂનમ છે. આળસુ કાંટા વિનાની ઘડિયાળ જેવો છે.

❁ જ્યારે અયોગ્ય કાર્યો અને અશુદ્ધ પ્રવૃત્તિઓ દુઃખદાયક લાગે છે ત્યારે તે શુદ્ધિની, પવિત્રતાની શોધ આદરે છે. જેમ મૃત્યુ પામેલા ફીનીક્ષ પક્ષીની રાખમાંથી નવું ફીનીક્ષ પક્ષી જન્મે છે – તેમ પસ્તાવાની રાખમાંથી સાચું ઊર્ધ્વારોહણ જન્મે છે– પવિત્ર વિચારો જન્મે છે. હૃદયના પટ પર જામેલી પાપરૂપી ધૂળ પસ્તાવાપૂર્વક આંખનાં આંસુથી ધોવાઈ જાય છે.

❁ સંયમ વિનાનો માણસ માનસિક રીતે ક્યારેય પણ સ્વસ્થ રહી શકતો નથી. રાવણ પાસે દુનિયાભરના ભોગો હતા, છતાં પણ તે હંમેશા અશાંત જ રહેતો હતો, કારણ કે તે સંયમી ન હતો.

❁ રાગ-દ્વેષથી દૂર રહેનાર, સંયમી જીવન જીવનાર અહંકારથી અળગા રહેનાર અને કામ-ક્રોધના ગુલામ ન બનનાર વ્યક્તિને શાંતિ સહજ પ્રાપ્ત થાય છે. સાચી શાંતિ સંયમમાંથી પ્રગટે છે – પ્રભુપ્રેમમાંથી પ્રગટે છે અને સંતોષમાંથી પ્રગટે છે. દરિયા કિનારે કે પહાડોમાં ફરવાથી શાંતિનો અનુભવ થાય છે, પણ એ તો કૃત્રિમ શાંતિ છે, સાચી શાંતિ તો મોહનો અંતરથી ત્યાગ કરવાથી પ્રાપ્ત થાય છે, મૂર્તિમાં વૃત્તિ રહેવાથી પ્રાપ્ત થાય છે અને સત્પુરુષોના પ્રસંગથી પ્રાપ્ત થાય છે.

❁ સ્વામિનારાયણ મહામંત્રનું સ્મરણ કરવાથી મન પવિત્ર થાય છે, કરેલાં પાપનો નાશ થાય છે, કઠણ પ્રારબ્ધ બદલાઈ જાય છે, શ્રીહરિજીનાં દર્શન થાય છે અને તેઓનો રાજીપો પ્રાપ્ત થાય છે. જપની સંખ્યા જેમ જેમ વધતી જાય, તેમ તેમ જપ કરનારની અંદર ૨૪ કલાક શ્રીહરિજીની પ્રત્યક્ષ હાજરી હોય એવું લાગ્યા કરે છે. આ મારો (લેખકનો) નિજ અનુભવ છે. પછી એવા વિચારો આવ્યા કરે કે મહારાજને ભૂખ લાગી હશે- તરસ લાગી હશે. ? તેથી માનસીપૂજા દ્વારા જમાડી મહારાજને તૃપ્ત કરવામાં આવે છે.

❁ જપ કરનાર ભક્તને શરૂઆતમાં સંકલ્પો દ્વારા અંદરના શત્રુઓ પરેશાન કરે છે. અને મન પણ ચંચળ બની ખૂબ ત્રાસ આપે છે. પરંતુ જપ કરનાર ધીરજ રાખી ભજન શરૂ રાખે તો અંતઃશત્રુ અને મન બન્નેનું તોફાન સમય જતાં શાંત થઈ જાય છે; માટે ભજન કરનારે સાવધાન બની -શૂરવીર થઈ હિંમત રાખીને ભજન શરૂ રાખવું જોઈએ. અંતે જીત જરૂર થશે.

❁ લોભવૃત્તિ જાગ્રત થતાં ન્યાય કે અન્યાય, સત્ય કે અસત્યનો વિચાર ટકી શકતો નથી. ‘ બીજાઓને ઠગવા, દગો કરવો, પાપ કર્મ કરીને પણ ધન મેળવવું’ આવો સ્વભાવ લોભી માણસનો થઈ જાય છે. યાદ રાખો કે ભોગ શરીર કેન્દ્રિત હોવાથી ક્યારેક તો થાકે જ છે, પરંતુ લોભ તો મન કેન્દ્રિત હોવાથી ક્યારેય પણ થાકતો જ નથી; માટે સંતોનો સમાગમ કરી લોભનો ત્યાગ કરી દેવો જોઈએ.

❁ રોગી માણસ પોતાના રોગથી જરૂર દુઃખી થાય છે, પરંતુ બીજાની તંદુરસ્તી જોઈને એ દુઃખી થતો નથી; પરંતુ ઈર્ષ્યાળુની મનઃસ્થિતિ આખી જુદી હોય છે. એ પોતાની નબળી સ્થિતિથી જેટલો દુઃખી થતો હોય છે એના કરતાં અનેકગણો દુઃખી તો બીજાની ઉન્નત સ્થિતિથી થતો હોય છે. રોગીને સ્વસ્થ બનાવવો સહેલો છે, પરંતુ ઈર્ષ્યાવાનને પ્રસન્ન રાખવો મુશ્કેલ છે.

❁ જીવનમાં પ્રત્યેક ક્ષેત્રે ધીરજની ખૂબ જ જરૂર પડે છે. જો દરેક વ્યક્તિના જીવનમાં ધીરજ આવી જાય તો એક પણ આત્મહત્યા ન થાય ! ધીરજવાન મહાસંકટમાંય પણ ધૈર્ય ખોતો નથી. સીતાજી અને દ્રોપદીજીને કેટલું દુઃખ આવ્યું તો પણ ધીરજ રાખી; માટે કોઈ પણ સંજોગોમાં ધીરજ ગુમાવવી નહિ.

❁ જીવનના દરેક ક્ષેત્રમાં વિવેકની જરૂર પડે છે, એ જ પ્રમાણે અધ્યાત્મમાર્ગમાં પણ

વિવેકની જરૂર પડે છે. વિવેક વિનાનો માણસ અધ્યાત્મ દૃષ્ટિએ અંધ ગણાય છે. ભગવાન શ્રીરામના જીવનમાં વિવેક સાંગોપાંગ હતો. દુશ્મનો પણ તેમનાં વખાણ કરતા હતા. જેના જીવનમાં વિવેક નથી હોતો તેનું જીવન અસ્તવ્યસ્ત હોય છે. વિવેકી માણસ થોડા શબ્દોમાં જ પોતાની વાત પૂરી કરી દેતા હોય છે અને સમયનો સદુપયોગ કરતા હોય છે.

❈ રાત્રે નવથી બાર સુધીથી ઊંઘ શરીરનો થાક ઉતારવા માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે. બારથી ત્રણ સુધીની નિદ્રા બમણો લાભ આપે છે. ત્રણથી છ સુધીની નિદ્રા દોઢ ગણો લાભ આપે છે અને દિવસ ઉગ્યા પછીની ઊંઘ તો જીવનમાં આળસ લાવે છે, માટે સૂવામાં અને ઉઠવામાં વિવેક રાખવો જોઈએ.

❈ જમવામાં પણ વિવેકની જરૂર છે. અમુક લોકો તો આખો દિવસ ખાં-ખાં કરતાં હોય છે. આયુર્વેદ શાસ્ત્ર તો ભોજન પહેલાં અને ભોજનના અંતમાં પાણી પીવાની ના કહે છે. ભોજનના અંતમાં મુખશુદ્ધિ માટે ફક્ત બે ઘુંટડા જ પાણી પીવું જોઈએ, તેથી પાચનક્રિયા સરસ થાય છે. જમ્યા પછી છાશ પીવાથી જમેલું જલ્દી પચી જાય છે. અડઘું જમ્યા પછી પાણી પીવું જોઈએ એ લાભદાયક છે, પણ જમ્યા પહેલાં કલાક અને જમ્યા પછી કલાક જો પાણી પીવામાં ન આવે તો પાચન શક્તિ વધે છે. એક ચતુર્થ-અંશ એટલે કે એક ભાગ પેટનો ખાલી રાખવો જોઈએ, બે ભાગ અનાજથી બનેલ ભોજનનાં ભરવાં જોઈએ અને એક ભાગ પાણીનો ભરવો જોઈએ એટલે કે ભોજન કરતી વખતે વચ્ચે પાણી પીવું જોઈએ.

❈ હિંદુ, જૈન અને બૌદ્ધ વગેરે ધર્મોમાં ધ્યાનનું મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે. મહર્ષિ પતંજલિએ યોગસૂત્રમાં ચિત્તશુદ્ધિ માટે ધ્યાનને મહતત્વ આપ્યું છે. ‘ ધ્યાન કરવાથી કારણ શરીર બળી જાય છે ’ આવું શ્રીજી મહારાજ પણ કહે છે. બૌદ્ધધર્મમાં વિપશ્યના નામથી ધ્યાનને મહત્ત્વ અપાયું છે. જૈનધર્મમાં પ્રેક્ષાધ્યાન ચિત્તશુદ્ધિ માટે સ્વીકારવામાં આવ્યું છે. ધ્યાન કરનારે સતત સાવધાન રહેવું પડે છે. થોડી ગાફલાઈ કાં તો ઊંઘાડી દે છે અને કાં તો અંતઃશત્રુથી ભ્રષ્ટ કરી દે છે.

❈ ભણવાનું વિદ્યાર્થીને પોતાને જ હોય છે, પરીક્ષા પણ એને જ આપવાની હોય છે, પાસ પણ એને જ થવાનું હોય છે, છતાં પણ શિક્ષકની સહાય વિના એ પાસ થઈ શકતો નથી – એ જ રીતે અધ્યાત્મમાર્ગમાં પણ એવું જ હોય છે. ધર્મ નિયમ પોતાને જ પાળવાના હોય છે, ભજન-ભક્તિ એને જ કરવાની હોય છે, તો પણ સંતોના સમાગમ વિના મુમુક્ષુ આગળ વધી શકતો નથી – મોક્ષમાર્ગમાં તેનો વિકાસ થઈ શકતો નથી.

❁ સંસારી લોકોએ પોતાનાં માતા-પિતાનો મહિમા સમજી તેઓની આજ્ઞાનું પાલન કરવું જોઈએ અને દેહપર્યંત તેઓની અન્ન-ધન-વસ્ત્રાદિક કરીને સેવા કરવી જોઈએ. દીકરો ગમે તેટલો મહાન બને, પણ મા-બાપ આગળ તો એ બાળક જ ગણાય છે.

❁ ભગવાને આપણને માનવદેહ આપીને એનો કઈ રીતે ઉપયોગ કરવો એ માટે શાસ્ત્રો અને સંતો પણ આપ્યા છે. તેથી તેમના માર્ગદર્શન પ્રમાણે જીવન જીવવું જોઈએ, તેથી મૃત્યુ બાદ મુક્તિની પ્રાપ્તિ થાય. પરંતુ જે માણસ વ્યસન ને ફેશનમાં વેડફી નાખે તો જીવન બરબાદ થઈ જાય ને મૃત્યુ બાદ યમપૂરીનાં દુઃખ ભોગવવાં પડે છે.

❁ નમ્રતા એ માણસને વિભૂષિત કરનારો ગુણ છે. એ આંતરિક સદ્‌ગુણ છે. નમ્ર બની મહારાજને અને મોટા સંતોને સમર્પિત થઈશું તો તે બન્નેનો અપાર રાજીપો મળશે. જ્ઞાનની સાથે નમ્રતા ન હોય તો અહંકાર આવી જાય છે. તપની સાથે નમ્રતા ન હોય તો દંભ આવી જાય છે અને ત્યાગની સાથે નમ્રતા નહિ હોય તો ક્રોધ આવી જાય છે, માટે દરેક ક્ષેત્રમાં નમ્રતાની જરૂર છે. નમ્રતા મહારાજની સમીપે લઈ જવામાં મદદરૂપ બને છે.

❁ આસક્તિ જેવું કોઈ દુઃખ નથી અને અનાસક્તિ જેવું કોઈ સુખ નથી. જેટલી આસક્તિઓ વધતી જાય છે, એટલાં દુઃખોનાં બીજ વવાતાં જાય છે. વિવેક અને વિચાર દ્વારા આસક્તિ ઓછી થતી હોય છે —તેમ તેમ ચિંતારૂપી ચેપી રોગ મટતો જાય છે. આસક્તિ જ દુઃખોને જન્મ આપનાર સંસારરૂપી વેલનું બીજ છે, તેથી ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનના હથિયારોથી તેનો નાશ કરવો જોઈએ.

❁ સમગ્ર પશુ-આદિક સૃષ્ટિથી માણસને જુદો પાડનાર તત્ત્વ ધર્મ છે. માનવતાને ધર્મના પર્યાય તરીકે મૂકી શકાય છે. નીતિ માણસને ખોટું કરતાં રોકશે, જ્યારે ધર્મ તો માણસને સાચું કરવા પ્રેરણા આપશે. જીવન એ પુષ્પ છે, તો ધર્મ એની સોરભ છે. જીવન એક કોડિયું છે, તો ધર્મ એ કોડિયાની જ્યોત છે. જીવન એક માર્ગ છે, તો ધર્મ એની મંઝીલ છે અને માણસ મુસાફર છે.

❁ ક્રોધ એ તોફાન છે, એ આવે ત્યારે વિવેકને નષ્ટ કરી નાખે છે. માણસને ભૂત વળગે છે ત્યારે તે ગમે-તેમ બોલે છે – એ જ રીતે માણસને ક્રોધરૂપી ભૂત વળગે છે ત્યારે પણ તે ગમે-તેમ બોલવા લાગે છે – આ મારો (લેખકનો) અનુભવ છે !

❁ બીજાના દોષો જોવાનો આનંદ આવે ત્યારે એક કામ કરવાનું કે, હાથમાં અરીસો લઈને પોતાના મુખ સામે જોઈને વિચારવું કે આ દેખાય છે તેમાં કેટલા દુર્ગુણો છે ? દૂરબીનથી દૂરનું જ દેખાય છે, જ્યારે દર્પણથી તો પોતાનું જ પ્રતિબિંબ દેખાય છે. આયનો નિર્દોષ છે, એ સત્ય કહી દેશે કે આપણે કેવા છીએ.

❁ હાલના વૈજ્ઞાનિકોનાં તારણો કહે છે કે, “ ક્રોધ કરવાથી હાર્ટના રોગ અને એસિડિટી થાય છે. જો જમતી વખતે ક્રોધ કરવામાં આવે તો થૂંકના રાસાયણિક બંધારણમાં ફેરફાર થઈ જાય છે અને અપચો થાય છે. એક વાર અતિ ગુસ્સો કરવાથી એક વાર દારૂ પીવા કરતાં પણ આરોગ્યને વધારે નુકસાન થાય છે; માટે આરોગ્ય સારું રાખવા પણ ક્રોધ છોડવો જોઈએ.

❁ આપણે પાંચ રોટલી ખાઈએ છીએ તોય હોજરીમાંથી એટલો જ રસ ઝરે છે કે જેટલી દસ રોટલી ખાઈએ ત્યારે ઝરે ! છતાંય ખાઉંધરા લોકો દસ રોટલી પણ ખાતા હોય છે.

❁ બદલો એ ઊંડી ખાઈ છે, જ્યારે ક્ષમા એ જમીન છે. બદલાની ભાવના એ તળેટી, જ્યારે ક્ષમા એ શિખર છે. ક્રોધના માર્ગે મળતા વિજય કરતાં ક્ષમાના માર્ગે મળતો પરાજય લાખ દરજ્જે સારો હોય છે. વેરના અગ્નિને શાંત કરવા માટે એમાં ક્ષમાનું જળ નાખવું જોઈએ. ક્ષમા કરનારને કદી કાયર ન સમજવો જોઈએ. ક્ષમાને અભાવે આજે ઘેર ઘેર ઝઘડા થાય છે. આપઘાત થાય છે. ક્ષમા રાખવી એટલે કે સહન કરવું. સહન કરનારને બહુ પુણ્ય થાય છે.

❁ માની માણસો મુમુક્ષુ બનીને કથા-વાર્તા સાંભળી શકતા નથી. પછી તે સાધુ હોય કે સંસારી, પણ વિચારો તો બન્નેના સરખા જ હોય છે. માની લોકો કથા-પ્રવચનોમાં પોતાના વ્યક્તિત્વને શણગારવા જાય છે, જ્યારે મુમુક્ષુ સંતો-ભક્તો પોતાના વ્યક્તિત્વને કે અહમ્‌ને વિખેરવાં જાય છે. માની ઉપર ભગવાન, સંતો કે ભક્તો રાજી થતા નથી, માટે માન છોડી દેવું.

❁ સદ્‌ગુણો મેળવવામાં આપણું અહમ્ અંતરાય કરે છે. અહંકાર એક કિલ્લો છે. અહંકારી લોકો પ્રેમની ભાષા બોલી શકતા નથી એ એનું દુર્ભાગ્ય સમજવું. અભિમાન સ્નેહને તોડી નાખે છે, ક્રોધનું મૂળ પણ અહંકાર જ કહ્યો છે. અહંકાર અને અવિનાશી (મહારાજ) એક સાથે રહી ન શકે, માટે અહંકારને છોડી મહાપ્રભુ શ્રીહરિજી તેમજ

સંતો-ભક્તોનો રાજીપો પ્રાપ્ત કરી લેવો.

❀ યાદ રાખજો કે વૈશાખ-જેઠ માસના ભયંકર તાપમાં ઊભા રહી કાંટા-કાંકરા, ભોથાં-મૂળીયાં વીણીને ખેતર સાફ કરેલ હોય અને પછી એ ખેતરમાં વરસાદ વરસે ને તેમાં બીયાંરણ વાવવામાં આવે તો એમાંથી મબલખ પાક ઉતરે છે – એ જ રીતે આપણા હૃદયરૂપી ખેતરમાંથી રાગ-દ્વેષ અને વિષય-વાસનારૂપી કાંટા-કાંકરા સાફ કરીશું તો કથાશ્રવણરૂપી વરસાદને કારણે સદ્‌ગુણોરૂપ મબલખ પાક ઉતરશે.

❀ કથા સાંભળવાથી વૈચારિક પરિવર્તન, હૃદય પરિવર્તન અને જીવન પરિવર્તન થઈ જાય છે. કથારૂપી બીજને હૃદયરૂપી ખેતરમાં વાવવામાં આવે તો તેમાંથી ભક્તિ, વૈરાગ્ય, જ્ઞાન વગેરે સદ્‌ગુણોનું વટ-વૃક્ષ ઊગી નીકળે છે.

❀ ઘડિયાળ માણસને ચેતવે છે કે, ‘ જિંદગી ક્યારે પૂરી થઈ જાય એ નક્કી નથી, માટે તું ઘડી-બેઘડી બેસી ભજન-ભક્તિ કરી લે, નહિતર હાથની ઘડિ (ઘડિયાળ) હાથમાં બંધાયેલી રહી જશે અને જીવનની ઘડી (આયુષ્ય) સમાપ્ત થઈ જશે. સમય દરેકની પાસે સરખો જ હોય છે. તેનો સદ્‌પયોગ કરવો કે દુરૂપયોગ, તેને વેડફી નાખવો કે વાપરવો એ આપણા હાથમાં છે.

‘ કર ભલા તો હોગા ભલા’ એ સુખી થવાનો સોનેરી ઉપાય છે. બીજાને ખવડાવીને ખાવું એ માનવધર્મ છે. બીજાને મદદરૂપ બનીને જીવવામાં અનેરો આનંદ આવે છે. પરોપકાર માટે જે વ્યક્તિ પોતાનાં તન,મન અને ધનને વાપરે છે, એના જીવનમાં શાંતિનું વાતાવરણ સર્જાય છે.

❀ અધ્યાત્મ જગતમાં જાગૃતિ મહત્ત્વની છે. નાનકડી બાબત પણ ન ધારેલું પરિણામ લાવે છે. શાકમાં નંખાતું ચપટી મીઠું પણ, જેમ શાકને સ્વાદિષ્ટ બનાવી દે છે અને દૂધનાં તપેલામાં પડતાં લીંબુનાં પાંચ ટીપાં પણ દૂધને જેમ ફાડી નાખે છે – તેમ જીવનમાં નાનકડી ટકોર પણ તીવ્ર જાગૃતિ લાવી દે છે; તો ક્યારેક મામુલી અસાવધાની જીવનને દુર્ગતિના રસ્તે ધકેલી દેનાર બની જાય છે, માટે સાવધાન રહેવું.

❀ મૂર્તિપૂજા એ માનવીની માનસિક આવશ્યકતા છે. સ્થૂળ દેહધારી માણસ મૂર્તિના સ્થૂળ આલંબન વિના પોતાના ભાવની એકાગ્રતા અમૂર્ત પર નથી કરી શકતો, તેથી જ ભક્તિક્ષેત્રના વિચક્ષણ મહાપુરુષોએ વિવિધ મૂર્તિઓના આધાર દ્વારા આ ભાવને વધુ વિકસિત કરવાનો માર્ગ ચીંધ્યો છે.

❁ મંદિરો એ મુમુક્ષુઓ માટે શાંતિનિકેતન છે. મંદિર એટલે મનને શાંતિ આપતું પ્રભુનું ઘર, મંદિરમાં દાખલ થતાં પહેલાં કામ અને ક્રોધનાં બે પગરખાં બહાર મૂકીને અંદર જવું જોઈએ. દંડવત્ કરીને અહંકારનું વિસર્જન કરવું જોઈએ. શ્રદ્ધારૂપી શ્રીફળ અને પ્રેમરૂપી પુષ્પો લઈને જવું જોઈએ. મંદિરો આખા ગામની ચેતના વિકસાવે છે. પશ્ચિમના લોકો સાંજ પડે એટલે કલબમાં જાય છે અને ડાન્સ કરી મનને બહેલાવે છે, જ્યારે ભારતના ભક્તો સાંજ પડે એટલે મંદિરમાં જાય છે અને ભજન-ભક્તિ કરી ચંચળ મનને શાંત કરે છે. આ છે ભારતીય સંસ્કૃતિ !

❁ આપણા આચરણ પર આપણા વિચારની અસર હોય છે એ વાત સાચી, પરંતુ આપણા વિચાર પર આપણને મળતા વાતાવરણની અસર હોય છે. જેવું વાતાવરણ હોય છે એવા જ વિચાર આવતા હોય છે અને જેવા વિચાર આવે એવું જ આચરણ થતું હોય છે, માટે પવિત્ર વાતાવરણમાં રહેવું જોઈએ.

❁ એકાગ્રતાના અભાવે વ્યાવહારિક કાર્ય અને અધ્યાત્મ કાર્ય સંપૂર્ણ સિદ્ધ થતાં નથી. મનની એકાગ્રતા મનુષ્ય જીવનની સમસ્ત શક્તિઓને એકત્ર કરી માનસિક ક્રાંતિ ઉત્પન્ન કરે છે. જે કામ એકાગ્રતાથી થાય છે તે બહુ સારું થાય છે. તેમાં ભૂલો રહેતી નથી, અથવા તો બહુ ઓછી રહે છે.

❁ ભવિષ્યમાં આવનાર સુખની કલ્પના કરી મનમાં પ્રસન્નતા વધારવી એ ચોક્કસ ઈચ્છનીય છે, પણ ભાવિના દુઃખના અનુમાનથી ભય પામી વ્યગ્ર થવું એ તો અયોગ્ય છે. આ વિચાર હંમેશા ધ્યાનમાં રાખીને જીવનમાં આમૂલ પરિવર્તન લાવવા સતત પ્રયત્નશીલ બનવું જોઈએ.

❁ પરસ્ત્રીઓ પ્રત્યે જેઓ ક્યારેય પણ ખરાબ દૃષ્ટિ ન કરતા હોય, સ્ત્રીઓનાં રૂપથી જેની આંખો અભડાણી ન હોય અને જેના અંતરમાં પરસ્ત્રીઓનું પ્રતિબિંબ ઝીલાયું ન હોય એના ઉપર શ્રીહરિજીનો અપાર રાજીપો થાય છે.

❁ આજે અત્ર, તત્ર, સર્વત્ર લગભગ સર્વ ક્ષેત્રોમાં નીચેથી ઉપર સુધી નૈતિક મૂલ્યોનું સત્યાનાશ થઈ રહ્યું છે. ધોવાણ થઈ રહ્યું છે. જેની આજીવિકા ભ્રષ્ટ હોય તે વ્યક્તિ ધાર્મિક હોવા છતાં પૂર્ણ ધાર્મિક ન કહેવાય. અમુક લોકો પ્રવચનોમાં પ્રામાણિકતાની વાતો કરતા હોય છે અને ઓફિસમાં કે દુકાને જઈને છેતરપિંડી કરતા હોય છે. ભક્તોએ આવું ન કરવું જોઈએ.

꧁ યુવાનોએ એવું જીવન જીવવું જોઈએ કે, તેઓનાં માતા-પિતાને લોકો પૂછે કે, ‘ ક્યાં પુણ્યે કરીને તમોને આવો ડાહ્યો દીકરો મળ્યો છે ? ’ પરંતુ આજે તો હજારો યુવાનો પોતાની જિંદગીને કચરાપેટીમાં ફેંકતા હોય એવું સર્વત્ર જોવા મળે છે. એવા દિશાહિન યુવાની તરફ ધસમસતી આપણી નવી પેઢીને સંત સમાગમની અનિવાર્યતા જણાય છે. જે યુવાનો સદ્ગુણી સંતોના સમાગમમાં હોય છે, એનું જીવન સદ્ગુણી બની જતું હોય છે.

꧁ કયું કર્મ હિંસા કહેવાય અને કયું કર્મ અહિંસા કહેવાય એની સૂક્ષ્મતમ સૂઝબૂઝ વૈદિક સનાતન સંસ્કૃતિમાં છે.શિવાજીની હિંસાને શું કહીશું ? ગુરુ ગોવિંદસિંહની હિંસાને શું કહીશું ? રાષ્ટ્રપર જોખમ હોય, સ્ત્રીઓ પર જુલ્મ થતો હોય અને ધર્મનો નાશ કરવામાં આવતો હોય, આવા સમયે કરવામાં આવતી હિંસા એ ખરા અર્થમાં અહિંસા જ છે. આતતાયીને મારવામાં હિંસાનો દોષ લાગતો જ નથી.

꧁ સિનેમા વધશે તો દર્શક વધશે, હોટલો વધશે તો સ્વાદ-લોલુપતા વધશે. વાહનો વધશે તો પ્રદૂષણ વધશે. મચ્છર વધશે તો મેલેરીયા વધશે – એ જ રીતે મંદિરો વધશે તો ભક્તો પણ વધશે; માટે બધાં કરતાં મંદિરોની પરમ આવશ્યકતા છે.

꧁ હિંદુ સંસ્કૃતિમાં ભગવાનના પણ માત-પિતા બની શકવાની વ્યવસ્થા છે ! બીજા કોઈ ધર્મમાં ભગવાનના બાપ બનવાની વ્યવસ્થા નથી. એક માત્ર હિંદુ સંસ્કૃતિનો મનુષ્ય જ એવો છે કે જે ભગવાનનો બાપ બનવા સુધીની યાત્રા કરી લે છે. પોતાની ગોદમાં સુવડાવી પોતાનાં સ્તનનું ધાવણ ધવડાવી, પરમાત્માને પણ બાળક બનાવવાની શક્તિ હિંદુ સંસ્કૃતિની સ્ત્રીઓમાં છે !

꧁ દાંપત્ય જીવન એટલે પ્રભુનાં ચરણોમાં સમર્પિત થવાનો સ્ત્રી-પુરુષનો સહિયારો પુરુષાર્થ. લગ્ન મંડપમાં ગોર દાદા (ભૂદેવ) સપ્તપદીના મંત્રો સમજાવી પ્રતિજ્ઞા કરાવે છે કે, “ આજથી અમે બન્ને પતિ-પત્ની સંપથી રહેશું, એકબીજા પ્રત્યે કર્તવ્યનું પાલન કરીશું, મોક્ષના માર્ગે સાથે જ પ્રયાણ કરીશું અને સુખ-દુ:ખમાં સાથે જ રહીશું.”

꧁ અખબારો અને ટી.વી. પર આવતી જાહેર ખબર લોકોને લલચાવતી હોય છે. એમાં પણ સ્ત્રીઓની નજરમાં એડ આવી ગઈ એટલે પત્યું ! તેના કારણે સાદાઈ ઘરમાંથી ચુપચાપ ચાલી જાય છે. અમેરિકનોને ચાર અક્ષરના ‘ જીછન્ઈ’ (સેલ) શબ્દે અડધા પાગલ બનાવી દીધાં છે. સેલમાં મળતું હોય એટલે ન જરૂર હોય તો પણ ઉઠાવી

લાવે. ઘરને જ સ્ટોર બનાવી દે ! અને અમુક વર્ષ જાય એટલે એ સ્ટોરને ગારબેજ (કચરાપેટી)માં પધરાવી દે.

❀ ધર્મ છે તે સાલમપાક જેવો છે : પચવામાં ભારે પણ સ્વાસ્થ્યદાયક અને પાપ તો પાઉંભાજી જેવું છે, પચવામાં હલકું પણ સ્વાસ્થ્યનાશક. પાપનાં દશ્યો બંધ આંખે પણ અંતરમાં ઉતરી જતાં હોય અને ધર્મનાં દશ્યો ખુલ્લી આંખે પણ જો અંતઃકરણમાં ઉતરતાં ન હોય તો સમજી રાખવું કે આપણું ભાવિ અંધકારમય છે.
આપણે ભારતવાસી વિશેષ ભાગ્યશાળી છીએ, કારણ કે જે પરંપરામાં આપણો જન્મ થયો છે એમાં વ્યવહારમાં પણ ધર્મના પ્રત્યક્ષ દર્શન થાય છે. અધ્યાત્મ જીવનની ઉન્નતિ માટે ધર્મનું પાલન અવશ્ય કરવું જોઈએ. પહેલાંના સમયમાં ધર્મ એ જ જીવનનો પ્રાણ મનાતો હતો, પણ આજે મોટે ભાગે પૈસો એ જ જીવનનો પ્રાણ મનાવા લાગ્યો છે.
શરમ એ શીલનું રક્ષાકવચ છે. શરમ માણસને ખરાબ કાર્યોથી બચાવે છે. સત્સંગનો સમ્યક્ ઉપદેશ કદાચ નર-નારીને પાપથી દૂર રાખવામાં સફળ ન પણ બને, પરંતુ શરમ એ એક એવું શ્રેષ્ઠતમ પરિબળ છે કે તે જેની જેની આંખમાં હાજર હોય એને એ પાપથી દૂર જ રાખે છે.

❀ દંભ તો માણસના વિકાસનું કબરસ્તાન છે. દંભ તો માણસની લાશ પર રંગરોગાન કરવા માટેની પીંછી છે. મેકઅપ કર્યા વગરનું સ્ત્રીનું રૂપ એ જ એનું ખરું રૂપ ગણાય છે. મેક-અપનો હેતુ તો છેતરપિંડી જ હોઈ શકે. — એ જ રીતે માણસમાં જેટલાં સદ્‌ગુણો છે, એટલાં જ બહાર બતાવે એ જ એનું ખરું સ્વરૂપ ગણાય છે. હોવા કરતાં વધારે બતાવવામાં આવે એ સમાજ સાથે ભક્તો સાથે છેતરપિંડી કરી કહેવાય છે.

❀ જિંદગી ગણિતના દાખલા જેવી છે. એક જ આંક ખોટો લખાઈ જાય એટલે આખો દાખલો ખોટો થઈ જાય છે — તેમ એક જ પગલું ગલતમાર્ગે ભરાઈ જાય એટલે આખી જિંદગી બદનામભરી — અપયશભરી થઈ જાય છે, માટે સાવધાન !

❀ ભક્તનું હૃદય પ્રભુપ્રેમથી ભરાઈ જાય ત્યારે ભક્તિનું સૌંદર્ય પ્રગટ થાય છે. કામીને જેવુ સ્ત્રી પ્રત્યે હેત હોય છે અને લોભીને જેવું ધન પ્રત્યે હેત હોય છે — એવું હેત ભક્તને ભગવાન પ્રત્યે થઈ જાય તો એ પરાભક્તિનું પરાસ્વરૂપ બની જાય છે. હૃદય મંદિર પ્રેમમંદિર બની જાય એટલે એમાં શ્રીહરિજીની પ્રાણ પ્રતિષ્ઠા થઈ જાય છે.

❀ ભક્તો દેશમાં રહેતા હોય કે વિદેશમાં, મકાનમાં રહેતા હોય કે મહેલમાં, પણ

રંગરોગાન કરવા માટેની પીંછી છે. મેકઅપ કર્યા વગરનું સ્ત્રીનું રૂપ એ જ એનું ખરું રૂપ ગણાય છે. મેક-અપનો હેતુ તો છેતરપિંડી જ હોઈ શકે. – એ જ રીતે માણસમાં જેટલાં સદ્‌ગુણો છે, એટલાં જ બહાર બતાવે એ જ એનું ખરું સ્વરૂપ ગણાય છે. હોવા કરતાં વધારે બતાવવામાં આવે એ સમાજ સાથે ભક્તો સાથે છેતરપિંડી કરી કહેવાય છે.

❁ જિંદગી ગણિતના દાખલા જેવી છે. એક જ આંક ખોટો લખાઈ જાય એટલે આખો દાખલો ખોટો થઈ જાય છે – તેમ એક જ પગલું ગલતમાર્ગે ભરાઈ જાય એટલે આખી જિંદગી બદનામભરી – અપયશભરી થઈ જાય છે, માટે સાવધાન !

❁ ભક્તનું હૃદય પ્રભુપ્રેમથી ભરાઈ જાય ત્યારે ભક્તિનું સૌંદર્ય પ્રગટ થાય છે. કામીને જેવુ સ્ત્રી પ્રત્યે હેત હોય છે અને લોભીને જેવું ધન પ્રત્યે હેત હોય છે – એવું હેત ભક્તને ભગવાન પ્રત્યે થઈ જાય તો એ પરાભક્તિનું પરાસ્વરૂપ બની જાય છે. હૃદય મંદિર પ્રેમમંદિર બની જાય એટલે એમાં શ્રીહરિજીની પ્રાણ પ્રતિષ્ઠા થઈ જાય છે.

❁ ભક્તો દેશમાં રહેતા હોય કે વિદેશમાં, મકાનમાં રહેતા હોય કે મહેલમાં, પણ એના અંતરની ઝંખના હંમેશા પ્રભુદર્શનની જ હોય છે. પ્રેમીભક્તોને પ્રભુ વિના ગમતું નથી – એમ પ્રભુને પણ ભક્તો વિના ગમતું નથી; તેથી તો તેઓ કહે છે કે, ‘જ્યાં મારા ભક્તો પ્રેમથી મારું ભજન કરે છે – કીર્તન કરે છે ત્યાં હું રહું છું.’

❁ સંસાર સાગરમાં ઝૂલતી જીવન નૈયાના નાવિક, હરિજી મહારાજ સુધીની સાક્ષાત્કાર સફળ સફર કરાવનારા તેમજ મુમુક્ષુના શરીરરૂપી કોડિયામાં પ્રભુપ્રેમનાં તેલ અને શ્રદ્ધાની દિવેટમાં જ્ઞાનનો પ્રકાશ પાથરનારા સંતો છે, માટે સંતોનો સમાગમ ક્યારેય પણ છોડવો ન જોઈએ.

❁ યાદ રાખજો કે પુણ્યને સદ્‌ગુણોના સરવાળા થાય છે, પણ પાપના તો સીધા ગુણાકાર જ થાય છે. પુણ્ય કરવા કરતાં પાપથી બચવું એ વધારે મહત્ત્વનું છે. પાપનો આરંભ તાજગીભર્યો હોય છે, પણ અંત તો રાત્રી જેવો અંધકારભર્યો હોય છે. જીવનમાં પુણ્ય માણવાનું હોય છે, જ્યારે પાપ ભોગવવાનું હોય છે. જીવનમાં સારાં કાર્યો ફળતાં હોય છે, જ્યારે ખરાબ કાર્યો નડતાં હોય છે.

❁ બાલ્યાવસ્થામાં અને યુવાવસ્થામાં એવાં કર્મ કરવા જોઈએ કે જેને લીધે વૃદ્ધાવસ્થા

સુખેથી પસાર થાય અને જીવનભર એવાં કર્મ કરવાં જોઈએ કે જેને લીધે મૃત્યુ બાદ પણ શાશ્વત સુખની પ્રાપ્તિ થાય. કર્મના કાયદા પ્રમાણે પ્રત્યેક માણસ પોતાનાં કર્મોનાં પરિણામો ભોગવે છે.

❁ આપણે જે પૂર્વે કરેલાં કર્મોને આધારે આ જન્મનું પ્રારબ્ધ નિશ્ચિત થયેલ છે. ભગવાને તો ખાલી હિસાબ જ કર્યો છે. આપણે બેંકમાં જઈ જમા કરીએ અને આપણે જ બેંકમાંથી ઉઠાવીએ. પ્રભુ તો બેઠાં બેઠાં આટલા જમા છે, આટલા ઉપાડો એની માત્ર પાસબુકમાં એન્ટ્રી કરે છે. બાકી સારાં કર્મો કરનારાં પણ આપણે અને ખરાબ કર્મો કરનારાં પણ આપણે જ છીએ. પ્રભુ તો માત્ર તેનો હિસાબ કરે છે. અને હિસાબ પ્રમાણે પ્રારબ્ધ નક્કી થાય છે અને એ અનુસારે જાતિ, આયુષ્ય અને સુખ-દુઃખ નક્કી થાય છે.

❁ પરંતુ જે નર-નારી સ્વામિનારાયણ ભગવાનને શરણે આવી, તેનાં આશ્રિત થઈ ધર્મ-નિયમ પાળી ભજન-ભક્તિ કરે છે. એનાં પ્રારબ્ધમાં મહારાજ ફેરફાર કરી આપે છે. તેનાં પ્રારબ્ધમાં શૂળી જેટલું દુઃખ લખેલ હોય, તેને કાંટા જેટલું કરી આપે છે અને પ્રારબ્ધમાં ભીખ માંગવાનું લખ્યું હોય તોય અન્ન-વસ્ત્ર આપે છે !!!

❁ સત્સંગથી જ સંસ્કારોની પ્રાપ્તિ થાય છે અને સત્સંગથી જ ભગવાનની પ્રાપ્તિ થાય છે. સત્સંગ સમજણ આપે છે. મનુષ્ય જન્મ કેવળ પંચવિષયના ભોગ ભોગવવા માટે જ નથી મળ્યો, પરંતુ જન્મ-મરણનાં બંધનથી મુક્ત થવા માટે મળ્યો છે; આવી સમજણ સત્સંગ કરવાથી આવે છે. યાદ રાખજો કે, વાળનો મેલ સાબુ હરે છે, આંખનો મેલ કાજળ હરે છે, શરીરનો મેલ સ્નાન હરે છે – તેમ હૃદયનો મેલ-મનનો મેલ સત્સંગ હરે છે, માટે નિત્ય સત્સંગ કરવો જોઈએ.

❁ જેને વાસના ટાળવી હોય તેણે બિનજરૂરી જોવું નહિ, બિનજરૂરી સાંભળવું નહિ, બિનજરૂરી વાંચવું નહિ – પરંતુ કમાલની કરૂણતા એ છે કે માણસ પોતાના ઘરમાં કચરો રાખવા તૈયાર નથી, પણ આંખ, કાન અને મનના સંકલ્પ દ્વારે જેટલો કચરો પોતાના જીવનમાં ઠાલવી શકાય એટલો ઠાલવવા તૈયાર છે અને એ પાછું હોંશે-હોંશે ને વળી પ્રેમથી !!

❁ કુસંપના કારણે પોતાનું, પરિવારનું, સમાજનું, ગામનું, સંપ્રદાયનું અને દેશનું પતન થાય છે. કુસંપ કરાવનારાં નર-નારીને બહુ દોષ લાગે છે અને સંપ કરાવનારાંઓને બધાનો રાજીપો મળે છે; માટે સંપની દરેકનાં જીવનમાં પરમ

આવશ્યકતા છે.

❀ સદીઓથી માનવ આનંદ મેળવવા મથી રહ્યો છે, પણ મેળવી શક્યો નથી. જ્યારે સત્સંગ દ્વારા એને જ્ઞાન થાય છે કે, 'હું બહારનાં વસ્તુ-પદાર્થોમાં શોધી રહ્યો છું, તે તો મહારાજના ધ્યાનથી જ મળે તેમ છે.' પછી તે અંતરવૃત્તિ દ્વારા હરિમૂર્તિનો આનંદ લીધ્યા કરે છે અને પરમ સુખને પામી જાય છે.

❀ અષાઢી મેઘના આગમનથી જેમ પૃથ્વી હરિયાળી બની જાય છે – તેમ સદ્‌ગુણી સંતોના સમાગમથી પણ મુમુક્ષુનું જીવન સદ્‌ગુણી બની જાય છે. સંતોના સમાગમથી સંસ્કારની જ્યોત પ્રજ્વલિત બને છે અને હરિભક્તોને પોષણ મળે છે. સંતોના સમાગમથી સાધકો ભક્તિ સરિતાના કિનારે કિનારે આગળ વધતા જ જાય છે અને અંતે સહજાનંદ સાગરને મળી જાય છે.

❀ સંસારી લોકો વિષયોમાં આનંદ માણે છે, વિદ્વાનો શબ્દાનંદી – શબ્દોમાં આનંદ માને છે, સંગીતજ્ઞો વગાડવામાં આનંદ માને છે, ગાયકો ગાવામાં આનંદ માને છે, પરંતુ ભક્તો તો ભક્તિમાં જ આનંદ માનતા હોય છે; કારણ કે ભગવાન ભક્તિ કરનારા ઉપર બહુ જ રાજી થતાં હોય છે.

❀ દુષિત પાણી અને દુષિત અનાજ કરતાંય પણ દૂષિત વિચારો વધુ ખતરનાક છે અને દુષિત વિચારો કરતાંય પણ એવા વિચારોને જન્મ આપનાર દુર્જનનો સંગ વધારે ખતરનાક છે. લીંબુના એક જ ટીપામાં દૂધને ફાડી નાખવાની તાકાત છે, આ વાસ્તવિકતાને આંખ સામે રાખીને દુર્જન વ્યક્તિના પડછાયાથી પણ પોતાની જાતને દૂર રાખજો.

❀ બુદ્ધિમાન પુરુષો સંસારની ચિંતા નથી કરતા, પણ પોતાની મુક્તિ વિષે વિચારતા હોય છે. મુક્તિનો વિચાર જ માણસને અધ્યાત્મમાર્ગે આગળ વધારે છે. મોક્ષની ઈચ્છા થતાં જ સદ્‌ગુણોની સરવાણી શરૂ થઈ જાય છે. તેથી તે મુમુક્ષુ પરમાત્માનું મિલન કરાવી દે, અક્ષરધામનો માર્ગ બતાવી દે એવા સત્પુરુષોને ખોળી એનો સમાગમ કરવા મંડી પડે છે અને દેહાવસાને પરમાત્માને પ્રાપ્ત કરી લે છે.

❀ માણસને બીજાનો અવગુણ આવે છે, પછી તેને છોડવાને બદલે સંઘરી રાખે છે અને ક્રોધ અને રોષરૂપી પાણીનું સિંચન કરતો રહે છે, તેથી તેનું જીવન બરબાદ થઈ

જાય છે. અભાવ અને અવગુણ ગટરનાં પાણી જેવાં છે, તેથી ગંધાયા જ કરે છે, તેના કારણે અવગુણ લેનારાનાં જીવ અને મન સારાં રહેતાં નથી. નાનકડું કણું આંખમાં પડ્યું હોય છે ત્યારે હિમાલય સામે હોય તો પણ દેખાતો નથી — તેમ જેનો અવગુણ આવ્યો હોય એનામાં ઘણા બધા સદ્ગુણો હોય છતાં પણ દેખાતા નથી.

❀ જેને સારી માતા મળે તેની બાલ્યાવસ્થા સારી જાય છે. જેને સારી પત્ની મળે, તેની યુવાવસ્થા સારી જાય છે, જેને સારાં સંતાન મળે એની વૃદ્ધાવસ્થા સારી જાય છે, પણ જેને સારા સંત મળે એની તો ત્રણેય અવસ્થા સારી જાય છે.

❀ જીવનના પ્રથમ શ્વાસે જે માતા-પિતા તમારી પાસે હતાં, એ માતા-પિતાના અંતિમ શ્વાસે તમે એમની પાસે રહેજો. અર્થાત્ તેઆને સાથે રાખીને સેવા કરજો. જે મા-બાપ આંગળી પકડીને સંતાનોને સ્કૂલે લઈ ગયાં હતાં — એ જ મા-બાપને સંતાનો માતા-પિતાનાં હાથ પકડી મંદિરે ન લઈ જાય તો તે કૃતઘ્ની કહેવાય છે. માતા-પિતાની સેવા કરવી એ પુત્રોની ફરજ છે.

❀ ઘણા માણસો બાળપણમાં માતા-પિતાને ગમે એવું જીવન જીવે છે, યુવાનીમાં પત્નીને ગમે એવું જીવન જીવે છે, વ્યવહારમાં સમાજને ગમે એવું જીવન જીવે છે અને ગઢપણમાં પુત્રોને ગમે તેવું જીવન જીવે છે, પણ શ્રીજી મહારાજ અને સંતોને ગમે એવું જીવે છે ખરા ? જે લોકો મહારાજ અને સંતોને ગમે એવું જીવન જીવતા હશે એનો મનુષ્ય જન્મ સફળ થઈ ગયો માનજો.

❀ માણસ તેના જીવનમાં માથું સજાવવા ઘણા પૈસા ખર્ચે છે, પણ મગજ સજાવવા કાંઈ કરતો નથી. એટલે કે વાળને સુંદર રાખવા માટે તેલ-શેમ્પુમાં ઘણા પૈસા ખર્ચે છે, પણ ધાર્મિક પુસ્તકો વસાવવાં પૈસા ખર્ચતો નથી. સારું પુસ્તક એ મિત્ર છે, મનનો ખોરાક છે અને જીવન માર્ગદર્શક છે.

❀ વ્યાસગાદીઓ એ જીવતી-જાગતી યુનિવર્સિટી છે. સમજણ અને સંસ્કૃતિના સંસ્કારો અહીં પીરસાય છે. આ જ્ઞાનયજ્ઞોની યોજના આપણા ઋષિ -મુનિઓની છે. કથાશ્રવણથી પ્રભુ પ્રત્યેનો વિશ્વાસ દૃઢ બને છે અને તેના કારણે જીવન પણ ઉચ્ચ બને છે.

❀ તમારાં બાળકો મોટાં થઈને કાર તો પોતાની મેળે ખરીદી શકશે, પણ સંસ્કારો તો

તમારે શીખવાડવા પડશે. સંતાનોને વારસામાં ધન-દૌલત આપવાની જેવી ઈચ્છા હોય છે – એવી જ ઈચ્છા તેઓને વારસામાં સંસ્કાર આપવાની હોવી જોઈએ. સંસ્કાર અને સંસ્કૃતિનો વારસો અવશ્ય આપવો જોઈએ.

❋ પ્રાર્થના એ આશરાનું પ્રતિક છે. ભવોભવના પાપને બાળવાનો જલદ તેજાબ છે. પ્રાથના આત્માનું ઓક્સિજન છે. પ્રાર્થના એ વિષયો ટાળવાની સંજીવની ઔષધી છે. પ્રાર્થના એ અહમ્‌રૂપી અસુરને મારવાનું રામબાણ છે.

❋ સમજણ બદલે તો જ વર્તન બદલે છે. સેવામાં જો સમજણ નહિ હોય તો સેવા પણ જડતારૂપ બની જશે. માણસમાં જો સમજણ ન હોય તો અહંકારનાં બીજ મટીને વૃક્ષ થઈ જાય છે. સમજણ વિનાના સુંદર શરીરની અધ્યાત્મ દૃષ્ટિએ કોઈ કિંમત નથી.

❋ માણસને જ્યારે પોતાની ભૂલ સમજાય છે ત્યારે તેનું વર્તન આપોઆપ બદલાઈ જાય છે. આપણી નાની-મોટી ભૂલો જ આપણાં દુઃખોનું કારણ બને છે. ભૂલને જો આપણે વાગોળ્યા કરીએ તો તે ભૂલ ભૂત બનીને વળગેલી રહે છે. સફળ લોકો પોતાની ભૂલોને જ પગથિયાં બનાવીને મંજિલ સુધી પહોંચ્યા છે. જે પોતાની ભૂલોને સુધારતો નથી એ મોટામાં મોટી ભૂલ કરી રહ્યો છે.

❋ માણસમાં અનેક પ્રકારની અધ્યાત્મ શક્તિઓ પડેલી છે. જો તેને યોગ્ય માર્ગદર્શક મળે તો અંતરમાં રહેલી શક્તિઓ ખીલી ઊઠે છે. માણસે પોતે પોતાની જાતને ઓળખવી જોઈએ. માણસ પોતે પોતાને જેટલો મદદરૂપ બની શકે છે, તેટલો અન્ય કોઈ માણસ મદદરૂપ ન બની શકે. જાગૃતિ વગર જન્મ વેડફાઈ જાય છે.

❋ પરમાત્માની અંદર શ્રદ્ધા ન હોય તો મૂર્તિ પણ પથ્થર દેખાય છે. શ્રદ્ધા અને આશંકા એકબીજાની દુશ્મન છે. આ બન્ને વચ્ચે સતત લડાઈ ચાલતી રહે છે. ભન્નેમાંથી કોણ જીતે એ ઉપરથી માણસની અધ્યાત્મમાર્ગમાં સફળતા અને નિષ્ફળતા નક્કી થતી હોય છે, માટે શ્રદ્ધાની જીવનમાં પરમ આવશ્યકતા છે; એટલું જ નહિ, પણ અનિવાર્યતા છે.

❋ મૌન એ એક એવી પ્રક્રિયા છે કે એનાથી વચનના સ્તરે વિશુદ્ધિ પ્રગટે છે. માણસ જો સમજદારી પૂર્વક મૌન ધારણ કરે તો એને આત્મનિરીક્ષણની અને પ્રભુદર્શનની એક તક મળે છે. મૌનમાં પોતાનાં ઘણાં ઘણાં વ્યર્થ પ્રલાપો અને નિરર્થક નુકસાનકારી

વાક્યો બચાવી શકાય છે. વ્યર્થ બોલવું એ કરતાં મૌન રહેવું શ્રેષ્ઠ છે. બીમારને પણ ડૉક્ટરો ઓછું બોલવાનું કહેતા હોય છે.

❁ ખોટા માણસો બહુ ખોટું કરે, તોય પણ પકડાય નહિ અને ભક્ત એકવાર ખોટું કરવા જાય કે પાપ કરવા જાય એટલે પકડાય જાય. – એનું કારણ પણ મહારાજની કૃપા જ સમજવી ; કારણ કે પ્રભુ કહેવા માગે છે કે, "તારે તો ધામમાં આવવાનું છે અને તું આવાં પાપ કરીશ તો ધામ નહિ મળી શકે. અને આ વખતે પાપ કરવામાં સફળ થઈશ તો વારંવાર પાપ કરવાનું શરૂ કરી દઈશ, તેના કારણે તેની સજારૂપે લખચોરાશી ને જમપૂરીમાં જવું પડશે. ત્યાં ખૂબ જ દુઃખો ભોગવવાં પડશે, એ બધામાંથી છૂટકારો મેળવવા માટે જ મેં તને પકડાવી દીધો છે, માટે તું મારી કૃપા જ માનજે."

❁ ઉપકાર કરવાની ભાવના વગર મહિમા સમજીને જ સેવા કરવી જોઈએ. સેવા કરતા કરતા બીજા ભજન-ભક્તિના નિયમ રહી જાય તો પણ મહારાજ એના નિયમ માની લે છે. જેઓ બીમારની વેદના સમજી, માન મૂકીને સેવા કરે છે, તેના ઉપર મહારાજનો અપાર રાજીપો પ્રાપ્ત થાય છે. દાસભાવે જે સંતો-ભક્તોની સેવા કરવા લાગે તો તેઓ સેવાથી વશ થઈ જાય છે; માટે મહિમા સમજી સેવા કરી સૌનો રાજીપો મેળવી લેવો.

❁ જે માણસના જીવનમાં કોઈ સદ્‌ગુરુનો સમાગમ નથી એનું જીવન વ્યર્થ છે. ગુરુ વિનાનું જીવન વિધવાના શ્રૃંગાર જેવું છે, માટે નુગરા ન રહેવું, પણ કોઈ સદ્‌ગુણી સંતને ગુરુ તરીકે સ્વીકારી એમનો મન, કર્મ, વચને સમાગમ કરી તેમની પાસેથી મહારાજને મળવાનું અધ્યાત્મ પાથેય પ્રાપ્ત કરવું અને મનુષ્ય-જન્મ સાર્થક કરવો. વ્યવહારમાં પણ ગુરુની જરૂર પડે છે, તો પછી અધ્યાત્મમાર્ગમાં ગુરુ વિના કેમ ચાલે ?

❁ બાળક માતાનું દૂધ પીતો હોય ત્યાં સુધી તો માતા તેને પ્રેમથી સ્તનપાન કરાવે છે, પણ ધાવવાનું છોડીને બાળક સ્તન પર જ બચકું ભરીને લોહી પીવાનું શરૂ કરી દે તો તેની માતા તેના બાળકને લોહી ચૂંસવા દે ખરી ? કદાપિ નહિ; તુરંત જ બાળકને ખોળામાંથી હડસેલી દૂર કરીને બે તમાસા ચોડી દે છે...

❁ એ જ રીતે જીવાત્મા જ્યાં સુધી પાપ ન કરતો હોય ત્યાં સુધી માનવનો અવતાર વારંવાર આપે છે – પણ ભક્તિ કે પુણ્ય છોડી કેવળ પાપમાં જ પ્રવૃત્ત થઈ જાય છે એટલે પ્રભુ એને લખ-ચોરાશી યોનિમાં ધકેલી દે છે અને યમપૂરીમાં જમને હવાલે કરી

દે છે. પછી યમદૂતો તેને અનેક પ્રકારની યાતનાઓ આપે છે.

❀ ભારતમાં ટોયલેટ કરતાં ટી.વી ની સંખ્યા વધારે છે. ટી.વી માં આવતાં નેગેટિવ દશ્યો જોઈ જોઈને ચારિત્ર્યનાં ચીંથરા ઉડી રહ્યાં છે. ટી.વી.માં અમુક પોગ્રામો સારા પણ આવે છે, પણ એ વિવેક રાખનારાં કેટલાં નર-નારીઓ ? ટી.વી.ના પોઝિટિવ પોગ્રામ જોઈને કેટલાં યુવાન કે યુવતીઓએ પોતાનું નેગેટિવ જીવન પરિવર્તન કર્યું એ ખબર નથી – પરંતુ ટી.વી.ના નેગેટિવ પોગ્રામ જોઈને કેટલાં યુવકોએ અને યુવતીઓએ પોતાનાં જીવન બરબાદ કરી નાખ્યાં છે તેની તો જરૂર ખબર છે. માટે ટી.વી. જોવામાં વિવેક રાખવો. ખરાબ ફિલ્મો કે ખરાબ દશ્યો જોવાં નહિ.

❀ દયાવાન માણસને પોતાનું દુઃખ મટાડવામાં જેટલો આનંદ આવે છે એનાથી વધારે આનંદ બીજાનું દુઃખ મટાડવામાં આવે છે. પોતે જમે એ કરતાં બીજાને જમાડવામાં એને વધુ આનંદ આવતો હોય છે. જે લોકો બીજાનાં દુઃખ દૂર કરવાં લાગી જાય છે, એનાં પોતાનાં દુઃખોને ભગવાન નાનાં બનાવી દે છે; માટે દુઃખી લોકોની સેવા કરવી અને સૌને મદદરૂપ બનવું.

❀ યાદ રાખજો કે ઘર સભા એ ઘરની શોભા છે. જો કે ઘર સભા કરવાથી એક દિવસમાં ઘરમાં શાંતિ કે સંપ થઈ જાય એવું નથી બનતું, એના માટે ધીરજ રાખવી પડે છે. વેપાર માટે દુકાન કરીએ તો એક દિવસમાં લખપતિ બની જવાતું નથી, નિશાળમાં સંતાનોને ભણવા બેસાડીએ એટલે એક દિવસમાં તે ડૉક્ટર બની જવાનો નથી – એ જ રીતે ઘર સભા શરૂ કરીએ એટલે તુરંત બધા સંસ્કારી બની જતા નથી, પરંતુ સમય જતાં જરૂર ફેરફાર થાય છે, માટે પરિવારનાં સૌ નાનાં-મોટાંએ સાથે રહીને ઘરસભા કરવી જોઈએ, એટલે દરેકમાં જરૂર પરિવર્તન આવશે.

❀ કપડું મેલું થયું હોય તો તેને માત્ર પાણીમાં બોળીને સૂકવી દેવાથી ઊજળું થતું નથી. પરંતુ ગરમ પાણીમાં પાવડર નાખી એની અંદર કપડાંને બાર કલાક બોળી રાખવામાં આવે અને પછી ધોકા મારીને ખૂબ મસળે ત્યારે તેમાંથી મેલ જાય છે અને ચોખ્ખું થાય છે....

❀ એ જ રીતે આપણા મનરૂપી મેલાં વસ્ત્રને સાફ કરવાં માટે સત્સંગરૂપી જળમાં બોળીને સૂકવી દેવાથી તેનો મેલ નહિ જાય, મનમાં ભરેલાં કામ-ક્રોધ-લોભાદિક મેલને કાઢવાં માટે  તો વરસો સુધી ભજન-ભક્તિ અને સંત-સમાગમરૂપી ગરમ પાણીમાં બોળી રાખવું પડશે અને નિયમરૂપી પાવડર એમાં નાખવો પડશે. પછી તપરૂપી સાબુ

લગાડવો પડશે, પછી ધર્મરૂપી ધોકાથી પ્રહાર કરવો પડશે અને પ્રભુ-ચિંતનથી તેને મસળવું પડશે તો જ તે મનરૂપી કપડું ઉજળું થશે.

❁ બાળકો માટે રડવાનું, ફરિયાદ કરવાનું, ગુસ્સે થવાનું કે ખુશ થવાનું મુખ્ય ઠેકાણું પોતાની માતા હોય છે — એ જ રીતે ભક્તો માટે પણ માગણી કરવાનું કે સ્નેહ કરવાનું ઠેકાણું ભગવાન હોય છે.

❁ આપણી અને ભગવાન વચ્ચે અનેક પ્રકારની વાસનાઓના પડદાઓ પડેલા છે, તેથી મહારાજનાં દર્શન થઈ શકતા નથી. પડદો મખમલનો હોય કે મલમલનો, વેલવેટનો હોય કે ખાદીનો, પડદો આખર પડદો જ છે — એ જ રીતે વાસના શુભ હોય કે અશુભ, પણ વાસના એ તો વાસના જ છે. બેડી લોખંડની હોય કે સોનાની, બેડી આખર બેડી જ છે; માટે ક્યાંય આસક્તિ રાખવી નહિ, નહિતર જન્મ લેવો પડશે.

❁ પાપ શરૂઆતમાં નવા બૂટ જેવું હોય છે. પહેલાં ડંખે, પણ પછી ફાવી જાય છે; એટલા માટે પ્રથમથી જ સાવધાન થઈ જઈ પાપથી દૂર રહેવું જોઈએ, પાપનાં સ્થાનથી દૂર રહેવું જોઈએ અને પાપી લોકોથી પણ દૂર રહેવું જોઈએ.

❁ ભવોભવની ભૂખ ભાંગવી હોય તો ભગવાનની ભક્તિ કરવી જોઈએ. જેને ભવરોગ લાગુ પડ્યો છે, તેવાને નિરોગી બનાવનાર ભક્તિરસાયન છે. ભક્તિરૂપી ઔષધિનું વિધિસહિત પથ્યપાલન સહિત પાન કરવામાં આવે તો જીવાત્માનાં જન્મ-મરણના સંપૂર્ણ રોગ મટી જાય છે અને આત્મા પરમાત્માને પામી સદાયને માટે આરોગ્યનો અધિકારી બની જાય છે.

❁ ટૂંકા રસ્તે કરોડપતિ થવાની ઈચ્છાના મૂળમાં આજની દ્રવ્યપ્રેમી આબોહવા રહેલી છે. કરોડપતિ બનવા માટે મોટા ભાગના લોકો નીતિને નેવે મૂકીને અપ્રામાણિકતાથી રૂપિયા કમાવાના પ્રયત્નો કરતા હોય છે. અનીતિથી થયેલ કરોડપતિ ઘણું-ખરું તો તાણપતિ, ઉદ્વેગપતિ, બ્લડપ્રેશરપતિ અને બેચેનપતિ હોય છે ! કારણ કે પૈસા દ્વારા મનની શાંતિના કાળાંબજાર નથી થતાં ! હરામની કમાણી મનમાં શાંતિ લેવા દેતી નથી.

❁ પરિવારના લોકોએ ઘરમાં સંપ રાખવો હોય તો બાળકોના ઝઘડાઓમાં મોટાઓએ અને સાસુ-વહુના ઝઘડામાં બાપ-બેટાએ ક્યારેય પણ પડવું ન જોઈએ. એકબીજાના ઝઘડામાં સહાનુભૂતિ બતાવવી જોઈએ, તો ઘરમાં એકતા હંમેશા

જળવાઈ રહેશે. સંપ છે ત્યાં જ જંપ (શાંતિ) છે.

❀ જીવવા માટે જેમ ખોરાક- પાણીની આવશ્યકતા છે – તેમ આરોગ્ય ટકાવવા માટે મહેનતની જરૂર છે. જે સતત શ્રમ કરતા હોય છે, તેને કદી આળસ આવતી નથી. જેમ મુસીબતોથી મન મજબૂત બને છે – તેમ મહેનત કરવાથી શરીર મજબુત બને છે; માટે મહેનત કરવી જોઈએ.

❀ વ્યસની લોકો વ્યસનનો નશો કરતા હોય છે, કામી લોકો વિષયનો નશો કરતા હોય છે અને ભક્તો ભગવાનની ભક્તિનો નશો કરતા હોય છે. વ્યસનનો નશો કરવાથી વ્યસનીનું શરીર બરબાદ થઈ જતું હોય છે, વિષયભોગને કારણે કામીનું મન બગડી જતું હોય છે, પરંતુ ભક્તિનો નશો કરવાથી તો ભક્તોનું તન,મન અને આત્મા ત્રણેય સ્વસ્થ, મસ્ત અને પવિત્ર બની જતાં હોય છે; માટે બીજા નશાઓ છોડી ભક્તિનો નશો કરવો જોઈએ.

❀ ચંદ્ર બની કોઈના જીવન-આકારને ઉજાળી ન શકીએ તો કાંઈ નહિ, પરંતુ રાહુ બનીને કોઈપણના જીવનચંદ્રને ગ્રસીએ તો નહિ જ. કોઈ માટે આપણે બીજ ન બની શકીએ તો કાંઈ નહિ, વીજ તો ન જ બનીએ. સંતો-ભક્તોનો દ્રોહ કરવાનું શરૂ થાય તો સમજવું કે હવે મોક્ષ માર્ગમાંથી પાછા પડવાનું શરૂ થયું છે.

❀ મંદિરો છે એ બ્રહ્મવિદ્યાની કોલેજ છે. પરમ શાંતિનું ધામ છે. મંદિરોનો જેને મહિમા નથી હોતો એ લોકો એવું કહેતા હોય છે કે, ‘ મંદિરોમાં પથરા ખડકવાની શી જરૂર છે ? તેવાઓને મારે એટલું કહેવાનું કે , “ દેશની રક્ષા માટે મિલીટરીની જરૂર છે – એમ ભક્તિની રક્ષા માટે મંદિરની જરૂર છે. જે ગામની અંદર મંદિર નહિ હોય ત્યાં ભક્તિ ઓછી થતી હશે અને જે ગામમાં મંદિર હશે ત્યાં ભક્તિ વિશેષ થતી હશે. તમને સત્ય મનાતું ન હોય તો જઈને અનુભવ કરી જોજો.”

❀ વિશ્વાસઘાત એ પીઠ પાછળનો ઘા કહેવાય છે. તેને તમામ ધર્મોએ ઘાતક પાપ માનેલું છે. બેવફાઈ એ અંગત સ્વાર્થની પરિપૂર્તતા માટેની છેલ્લી થપ્પડ છે. વફાદારીનું ઘર હૃદય છે, આ હૃદય જ્યારે અંગત સ્વાર્થથી સાંકડું બને છે ત્યારે જ વિશ્વાસઘાતનો જન્મ થાય છે. વિશ્વાસ એ મહામૂલી મિરાત છે, જ્યારે વિશ્વાસઘાત એ પાપનું અંતિમ ચરણ છે.

❀ ધન એ સાંસારિક કર્તવ્યો અને ધર્મકાર્યો બન્નેનું મહત્ત્વનું સાધન છે. એટલે

જિંદગીના ચાર પુરુષાર્થોમાં એને ધર્મ થકી તરત જ મહત્ત્વનું સ્થાન પ્રદાન કરવામાં આવ્યું છે. ધન પોતે અપવિત્ર નથી; કારણ કે એ સાધન છે. અને સાધનનો માણસ સારો કે નરસો ઉપયોગ કરી શકે છે. એ સાધનનો કલ્યાણાત્મક માર્ગે પણ ઉપયોગ કરી શકાય છે અને વિનાશાત્મક માર્ગે પણ વેડફી શકાય છે. હરિભક્તો અને સજ્જનો એનો સદુપયોગ કરે છે અને દુર્જનો એને પાપમાર્ગમાં વેડફે છે.

❊ પ્રેરણાદાયી ફિલ્મો આમ જનતા માટે અને ચિંતકો માટે પણ પૂરક વૈચારિક ખોરાક પૂરો પાડે છે. સારાં સારાં પિક્ચરની આપણા જીવન પર ઘેરી અસર પડે છે. પાત્ર-લેખન દ્વારા લેખક જે સંદેશો આપવા માગે છે તે અભિનય કરનાર અભિનેતા કે અભિનેત્રી જે રીતે પાત્રને જીવંત કરે છે તેને લીધે મન પર અસર પડે છે. સારું મૂવી જિંદગીમાં ઉમંગ અને ઉત્સાહનો સંચાર કરે છે, માટે ફિલ્મો જોવાની જો ઈચ્છા થાય તો પ્રેરણાદાયી ફિલ્મો જોવી, પરંતુ જીવન બરબાદ કરી નાખે – ચારિત્ર્યને ચૂંથી નાખે એવી ફિલ્મો તો કદી જોવી જ નહિ.

❊ ખાખી કપડાં પહેરવાથી પોલીસમાં શક્તિ વધી જતી નથી, પરંતુ તેમને પોતાની જવાબદારીનું ભાન રહે છે – તેમ તિલક-ચાંદલો કરવાથી કાંઈ ધર્મ, ભક્તિ અને વૈરાગ્ય આવી જતાં નથી, પરંતુ ભક્તિપણાનું સતત જાણપણું રહે છે, તેથી ખોટી સોબતથી દૂર રહી શકાય છે, ખોટાં કાર્યોથી દૂર રહી શકાય છે. તેમ છતાં સ્વભાવ વશ પાપ કરતાં કે ખોટું કરતાં કોઈ જોઈ જાય એટલે તુરંત કહે છે કે, ‘ સત્સંગી થઈને આવું કરો છો ? ’ તુરંત શરમ આવે છે, તેથી ખોટાં કામથી પાછું વળી જવાય છે, માટે તિલક-ચાંદલો અવશ્ય કરવો જોઈએ. એ કરવાની શ્રીજી મહારાજની આજ્ઞા છે.

❊ મહિમાના મહાસાગરમાં હલકા વિચારો ઘાસના તણખલાની જેમ એટલા બધા ઝડપથી વહી જાય છે કે એનાં અસ્તિત્વનો ખ્યાલ સુદ્ધાં આવતો નથી. મનમાં આંટા લગાવી રહેલા વાસનાનાં સાપોલિયાંઓને તાકાતહીન બનાવી દેવાનો સફળતમ અને શ્રેષ્ઠતમ વિકલ્પ આ છે કે મનની વૃત્તિઓને વિષયમાં પ્રેમ છે ત્યાંથી ઉખાડી હરિમૂર્તિમાં કરવા લાગો.

❊ ભૌતિક માર્ગમાં એવું હોય છે કે જે વધુ ગમતી ચીજ જ્યારે આંખ સામે આવી જાય છે ત્યારે ઓછી ગમતી ચીજ પરથી મન આપોઆપ હટી જાય છે. પારકર પેનની પ્રાપ્તિ થતાં જ બોલપેન પરથી મન ઉતરી જાય છે. અસલી હીરો હાથમાં આવતા જ નકલી હીરામાંથી મન હટી જાય છે – એ જ રીતે મહાપ્રભુ શ્રીહરિજીનો મહિમા સમજાઈ જાય

એટલે પંચવિષયની વાસનામાંથી મનની વૃત્તિ હટી જાય છે.

❀ લોભીના દિલમાં સંવેદનશીલતા સાવ સુકાઈ ગઈ હોય છે. લોભીયા લોકો મંદિરમાં જતા હોય છે ત્યારે ભગવાન માટે ફળ-ફૂલ કે હાર લઈને ક્યારેય જતા નથી, પરંતુ માગવા જ જતા હોય છે. એનાં હૈયામાં દયાના કે પરોપકારનાં કોઈ પણ સ્પંદનો ઊઠતાં જ નથી હોતાં, એનું હૃદય મશીનની જેમ કેવળ ધબકતું હોય છે, માટે મહારાજ પાસે પ્રાર્થના કરવી કે, લોભ થકી રક્ષા કરે.

❀ પિતા દશરથના વચન ખાતર પુત્ર શ્રીરામ ચૌદ વર્ષ વનમાં રહ્યા હતા. પિતા યયાતિએ માંગણી કરતાં જ પુત્ર પુરુએ પોતાની યુવાની પિતાને આપી પિતાનું ઘડપણ સ્વીકાર્યું હતું. અંધ માતા-પિતાને અડસઠ તીરથની યાત્રા કરાવવા પુત્ર શ્રવણ કાવડમાં બેસાડી ખંભે ઉપાડી યાત્રા કરવા લઈ ગયો હતો. આવા પુત્રોમાં તમારો નંબર ખરો ?

❀ શ્રીહરિની આજ્ઞાનું પાલન કરવા માટે પ્રથમ તો તેમની સાથે આત્મીય સંબંધ નક્કી કરવો જોઈએ; કારણ કે સંબંધ નક્કી થયા વિના તેઓની આજ્ઞા માનવાનો અંતરમાં કોઈ ઉત્સાહ પ્રગટ થતો નથી. મહારાજની આજ્ઞા પાળવાથી તેઓનો અપાર રાજીપો પ્રાપ્ત થાય છે અને વાસનાનો નાશ થાય છે.

❀ સિતાર બંધનોથી બંધાયેલ છે, માટે જ એમાંથી મધુર સૂર નીકળે છે. તબલું બંધનોથી બંધાયેલું છે, માટે જ એમાંથી મનોહર રણકો નીકળે છે. કુટુંબ સંબંધોથી-લાગણીથી બંધાયેલું છે, માટે જ એમાંથી વાત્સલ્ય નીતરે છે.— એ જ રીતે આપણે પણ જો શ્રીજી મહારાજની આજ્ઞામાં બંધાયેલા રહીશું તો જ અક્ષરધામમાં જઈ શકીશું અને ત્યાં રહી શકીશું, માટે મહારાજની દરેક આજ્ઞા પાળવાનો પ્રયત્ન કરવો.

❀ મુંબઈના એક મોટા સર્જન ડૉક્ટર અમેરિકા ગયા. ત્યાં ડૉક્ટરોની કોન્ફરન્સ ભરાઈ. રાત્રે ડિનર ને ડ્રિંક્સ શરૂ થયાં. તેથી તે ડૉક્ટર બહાર નીકળી ગયા. મિત્રોએ કારણ પૂછતાં કહ્યું : “ હું દારૂ પીવું કે માંસ ખાઉં એ મારી માતાને ગમતું નથી. અને મારી માતા મને બહુ ગમે છે; માટે એને જે જે ન ગમતું હોય તે તે હું ખાતો-પીતો નથી....

❀ હે ભક્તો ! એક માતા જો વહાલી હોય અને એને જે ન ગમતું હોય તે ન ખાઈ-પી શકાતું હોય તો પછી આપણને શ્રીહરિજી મહારાજ ગમતા હોય અને એને જે ન ગમતું

હોય તે આપણાથી ખાઈ પી શકાય ખરું ? અર્થાત્ મહારાજની આજ્ઞા લોપાય ખરી ?

❀ જે ખેડૂત વાવણી વખતે સારું વાવેતર કરે છે, તેને લણણી વખતે પસ્તાવાનો વારો નથી આવતો – એ જ રીતે જે લોકો પોતાની સંપત્તિનો પરોપકાર કરે છે તેને પરલોકમાં રોવાનો વારો નથી આવતો. યાદ રાખજો કે અમાપ સંપત્તિ ઘણીવાર અમાપ પાપોની જન્મદાત્રી બની જાય છે, માટે તેનો સદ્કાર્યમાં સદુપયોગ કરવો જોઈએ.

❀ આપણને દરેકમાં અવગુણો જ દેખાતા હોય તો શ્રીહરિજીને પ્રાર્થના કરીને કહેવું : “ હે મહારાજ ! સામી વ્યક્તિમાં રહેલ દોષો મને જોવા મળે છે તેથી હું એના પ્રત્યે નફરત કરી બેસું છું, માટે આપ મારી આ અધમદૃષ્ટિનું ઓપરેશન કરી નાખો, તેથી મને સામી વ્યક્તિના સદ્ગુણોનાં જ દર્શન થયાં કરે.

❀ જીવનમાં આપણે જેને જેને શરણ માન્યા હોય એ તમામને શરણ આપવાની તાકાતને એકવાર બરાબર ચકાસવી જોઈએ. જે દિવસે પ્રામાણિકપણે આ ચકાસણી શરૂ થશે એ જ દિવસે કલ્પનાના બાંધેલા સઘળા મિનારાઓ જમીન દોસ્ત થઈ જશે. શરીર સ્વયં રોગાદિક ભયોથી ઘેરાયેલું છે. દેવો, ઈશ્વરો કે માણસો દરેકને કાળનો ભય છે, તો તે આપણને કેવી રીતે નિર્ભય કરી શકશે ? જે દિવસે વાસ્તવિકતાનો ખ્યાલ આવી જશે એ જ દિવસે આપણે અશરણ બનીને પરમાત્માને શરણે જઈ ઊભા રહી હાથ જોડીને પ્રાર્થના કરવા મંડી પડીશું.

❀ ભૂતકાળના બહારવટિયા તો લોકોની માત્ર સંપત્તિ જ લૂંટતા હતા, પરંતુ પ્રચાર માધ્યમોમાં ગોઠવાઈ ગયેલાં આજના ઘણાં આધુનિક બહારવટિયાઓએ નેગેટિવ ફિલ્મો બનાવી અને બતાવી-બતાવીને પ્રજાજનોનાં શીલ અને સંસ્કાર, સદાચાર અને સદ્ગુણો, સંપત્તિ અને સંસ્કૃતિ બધું જ લૂંટી રહ્યા છે; માટે મુમુક્ષુઓ સાવધાન બની ફિલ્મો જોવામાં વિવેક રાખે. ફિલ્મો જોવી જ નહિ, એ શ્રેષ્ઠ છે; પરંતુ એવી દૃઢતા રહેતી ન હોય તો ફિલ્મો પ્રેરણાદાયી જ જોવી, તેથી સંસ્કારો જળવાઈ રહેશે.
માનસિક કામુકતાથી પોતાની જાતને સુરક્ષિત રાખવી એ શારીરિક બ્રહ્મચર્ય કરતાં પણ વધારે મહત્ત્વની બાબત છે; કારણ કે શારીરિક સમાગમ તો ક્યારેક ક્યારેક થતો હોય છે, પણ પરસ્ત્રી પ્રત્યે ખરાબ દૃષ્ટિ અને વિષય ચિંતન તો ઘણીવાર થતું હોય છે. જેના પરિણામે માનસિક વિકૃતિ વારંવાર ઉત્પન્ન થતી હોય છે.

❀ પુરુષોએ સ્ત્રીઓ તરફ અને સ્ત્રીઓએ પુરુષ તરફ કામુક દૃષ્ટિથી જોવું એ માનસિક

વ્યભિચાર કહેવાય છે. તેનાથી આધ્યાત્મિક માર્ગમાં નુકશાન થાય છે. મનને ખરાબ વિચારોથી બચાવવા માટે તેની સામે પવિત્ર વિચારોને મનમાં સંઘરી રાખવા જોઈએ. મનને શુભ ચિંતનમાં જોડી દેવામાં આવે તો સરસ મનોભૂમિ તૈયાર થાય છે, તેના કારણે કામુક વિચારો ધીરે ધીરે બંધ થઈ જાય છે. મનરૂપી પૃથ્વીને હરિજી મહારાજનાં લીલા ચરિત્રો દ્વારા પરિપક્વ બનાવવામાં આવે તો કુવિચારોને પગ પેસારો કરવા માટે જરા પણ જગ્યા ન મળે.

❁ કેવી કમાલની કરૂણતા છે ? કે જે આંચળને પામીને વાછરડું દૂધ પીએ છે અને પોતાનાં પેટને તૃપ્ત કરે છે – એ જ આંચળ પર બેસીને ઈતરડી અને મચ્છર લોહી પીએ છે અને પોતાનાં પેટને તૃપ્ત કરે છે. – એ જ રીતે મુમુક્ષુ સંતો પાસેથી સદ્‌ગુણોરૂપી દૂધપાન કરીને પોતાના આત્માને તૃપ્ત કરે છે – જ્યારે નિંદક લોકો સંતોમાંથી દોષ શોધી શોધીને અવગુણરૂપી લોહીપાન કરી પોતાનાં મનને તૃપ્ત કરે છે. આ બન્નેમાં આપણો નંબર શેમાં આવે છે ? એ વિચારજો.

❁ આ દુનિયા દ્વન્દ્વમય છે. અહીં સારું-નરસું, સુખ-દુ:ખ, જય-પરાજય, પ્રકાશ-અંધકાર, હર્ષ-શોક, સત્ય-અસત્ય, અહિંસા-હિંસા, સ્વીકાર-અસ્વીકાર, ઊજળું-મેલું, અનુકૂળ-પ્રતિકૂળ જેવાં દ્વન્દ્વો સહ અસ્તિત્વ ધરાવે છે. – એ જ રીતે જન્મ-મરણ પણ જીવનનાં અવિભાજ્ય અંગો છે. જો આપણે જન્મનો પ્રેમપૂર્વક સ્વીકાર કરીએ છીએ, તો પછી મૃત્યુનો સ્વીકાર પણ એ જ રીતે કેમ કરતાં નથી ? કારણ કે જન્મની જેમ જ મૃત્યુ પણ જીવનનું અવિભાજ્ય અંગ છે. માટે ડૉક્ટર કહે કે, “ હવે તમારું મૃત્યુ થવાનું છે. ' તો ગભરાયા વગર જવાબ આપવો કે, “ થેંક્યું સર.' મારે પણ અક્ષરધામમાં મારા મહારાજની સેવામાં જવાની ઉતાવળ જ છે. જલ્દી મોત આવશે, તો જલ્દી ધામમાં જવાશે.”

❁ માણસમાં તમોગુણનું તત્ત્વ વધારે હોય તે આળસુ હોય છે. આળસ એ આપણો રાષ્ટ્રીય રોગ છે ! ગરીબાઈના મૂળમાં આળસ એક અગત્યનું કારણ છે. આળસુ માણસની જડતા એને કોઈ પણ પ્રકારનું સત્કર્મ કરવા દેતી નથી. આળસુ પૈસા કમાઈ શકતો નથી અને શરીરનું આરોગ્ય સારું રાખી શકતો નથી. વિચારો કે આપણો નંબર આળસુમાં ખરો કે નહિ ?

❁ બાળકો ક્રોધ કરીને બીજી ક્ષણે હસી શકે છે, રમી શકે છે. બાળકને ક્રોધ ભૂલતા વાર લાગતી નથી. બાળકો ક્રોધને મનમાં સંઘરી રાખતા નથી, જ્યારે આપણે તો ક્રોધને

સંઘરી રાખીએ છીએ અને સંભાર્યા કરીએ છીએ – તેના કારણે મનમાં ડંખની લાગણી ઉત્પન્ન થાય છે. અને આ ડંખ-કડવાશ આપણા મનના તળિયામાં એક મરેલા ઝેરી જંતુની જેમ ચોંટી રહે છે.

❀ નબળી, નકામી અને ખરાબ વસ્તુઓ ઘરમાં ભેગી કરવાથી ઘર ચોખ્ખું રહેતું નથી – તેમ નબળા, નકામા અને ખરાબ વિચારો મનમાં ભેગા કરવાથી પણ મન ચોખ્ખું રહેતું નથી, તેથી મન પાપનું ઘર બની જાય છે. મનથી આપણે પાપ કર્યા કરીએ છીએ, તે પાપનો સંગ્રહ મનમાં જમા થતો જાય છે અને તે પાપનો સમુહ મર્યા પછી બીજા જન્મમાં સૂક્ષ્મદેહ સાથે આવે છે; માટે મનથી પણ પાપ ન થઈ જાય તે માટે સાવધાન રહેવું જોઈએ.

❀ પ્રશંસાની ભૂખ કે ઘેલછા એ આંતરિક કંગાલિયતની નિશાની છે. અહંકારીનું અહમ્ પ્રશંસાઓ સાંભળ્યા પછી અલ્પ પ્રશંસા કરનાર પ્રત્યે તેના મનમાં એક પ્રકારનો દુર્ભાવ ઉત્પન્ન થાય છે. સાધુ હોય કે ગૃહસ્થ મોટા ભાગના લોકોને હાનિકારક પ્રશંસા ગમે છે, પણ હિતકારક ટીકા ગમતી નથી, એ પણ એક કરુણ સ્થિતિ જ છે. પ્રશંસાની તરસ એ વ્યક્તિની અધૂરપ છે. આત્મશ્લાઘાથી બચવું એ પણ એક પ્રકારની સાધના જ છે. પોતાની પ્રશંસા કરવી ગમે અને બીજા કરતા હોય એ તો અતિ ગમે, એ માની માણસનો સ્વભાવ છે. માનરૂપી માયા એ તો મીઠું પોઈઝન છે ! માટે માનની ઈચ્છા ન રાખવી જોઈએ.

**લેખક:**
**સદ્‌ગુરૂ શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામી**



હે વ્હાલા ભક્તો ! પૂજ્ય બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામી શાસ્ત્રીજી સ્વામીના પ્રથમ શિષ્ય છે. સમજણ અને જ્ઞાનથી વૈરાગ્ય થતાં ૨૧ વર્ષની ઉંમરે તા. ૧૨-૧૧-૧૯૮૬ વિ.સંવત્ ૨૦૪૨, કારતક સુદ એકાદશીના પવિત્ર દિવસે દીક્ષા લઈને સંત બન્યા છે.

સહજ ભજનમય અંગ, શ્રીહરિજીમાં સ્નેહ, મૌન અને વાંચનનો ઊંડો અભ્યાસ આ તેમનાં જીવનના અવિભાજ્ય અંગ છે. પાંચ વર્ષ સુધી તેઓએ અખંડ મૌન રાખી સતત સ્વામિનારાયણ મહામંત્રના જપ કરી ૧૦ વર્ષમાં ૧૩ કરોડ મહામંત્રના જપ કરી સ્વામિનારાયણ ભગવાનની તથા સંતો - ભક્તોની પ્રસન્નતા પ્રાપ્ત કરી છે.

વાંચનનો સતત અભ્યાસ હોવાથી, શાસ્ત્રોનું ચિંતન અને મનન કરીને 'સત્સંગિજીવન સાગર મંથન' નામનો વિશાળ ગ્રંથરાજ તેમણે અમેરિકા 'શ્રી સ્વામિનારાયણ મંદિર ડલાસ' માં રહીને ઈ.સ. ૧૯૯૫-૯૬માં લખ્યો છે. આ ગ્રંથ સંપ્રદાયમાં અતિ લોકપ્રિય બન્યો છે.

પૂજ્ય સ્વામી કેવળ લેખક જ નથી, પરંતુ કવિ, સંગીતજ્ઞ અને કથાકાર પણ છે. તેમણે બનાવેલ કીર્તનોનું 'પ્રગટના ગુણગાન' નામે પુસ્તક પણ પ્રકાશિત થયેલ છે. બ્રહ્મસ્વરૂપ સ્વામીએ કુલ-૧૩ નાનાં-મોટાં પુસ્તકો લખ્યાં છે, તેના નામ નીચે મુજબ છે:.....

(૧) પ્રગટના ગુણગાન
(૨) જ્ઞાન સરિતા
(૩) સ.જી.સાગરમંથન
(૪) મોહનજીને મળવાને
(૫) જીવન-યાત્રા
(૬) માનવતાના દીવડા
(૭) વાણી વિવેક
(૮) જીવન એક સ્નેહ ઝરણું
(૯) અમાનવીય ક્રૂરતા
(૧૦) શીલવંતા સંતો સાંભળજો
(૧૧) કીધો યજ્ઞ ડભાણમાં
(૧૨) માંગરોળમાં શ્રીજી મહારાજ
(૧૩) આત્મ બોધ

મુદ્રક:સહજાનંદ ઓફસેટ, અમદાવાદ સંપર્ક: ૯૯૭૯૭૩૭૭૮૯